WEDNESDAY
૧૩-૦૧-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, માગશર વદ ૧૫
અંક : ૮૫
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### સુપ્રિમ નિર્મિત કમિટિમાં ચારમાંથી ત્રણ સભ્યો કૃષિ કાયદાની તરફેણમાં હોવાનો નિષ્ણોતોનો અભિપ્રાય

# આંદોલનને વિખેરવાની સુપ્રિમ ચાલ : કાયદાઓ પર સ્ટે

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૨

સુપ્રીમ કોર્ટએ નરેન્દ્ર મોદી સરકારને મોટો ઝાટકો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર દ્વારા ૫ સાર કરાયેલા ત્રણ કૃષિ કાયદાના અમલીકરણ પર સ્ટે મૂકી દીધો છે. સુપ્રીમ કોર્ટે આ નિર્ણય મંગળવારે આપ્યો હતો, આ મુદ્દાના નિરાકરણ માટે સમિતિની પણ રચના કરવામાં આવી છે. સરકાર અને ખેડુતો વચ્ચે લાંબા સમયથી ચાલતી વાટાઘાટોનું સમાધાન ન થતાં સુપ્રીમ કોર્ટે આ નિર્ણય લીધો હતો. સુપ્રીમ કોર્ટે ૫ ોતાના આગળના આદેશ સુધી કૃષિ કાયદાના અમલ પર પ્રતિબંધ મૂકી દીધો છે. સુનવણી દરમ્યાન કોર્ટે બંને પક્ષોને તીખા પ્રશ્નો પૂછયા હતા.

**મોટા ભાગના ખેડૂત આગેવાનોએ કાયદાઓ રદ્દ ન થાય ત્યાં સુધી કાયદાઓ ચાલુ રાખવાનો નિર્ધાર વ્યક્ત કર્યો**

સુનવણી દરમ્યાન સુપ્રીમ કોર્ટ અને ચીફ જસ્ટિસે સરકાર અને ખેડૂત સંગઠનોને બરાબરના ખખડાવ્યા હતા. કોર્ટે કહ્યું કે તેઓ કાયદાની માન્યતા અને નાગરિકોના જીવનને લઈ ચિંતિત છે. ચીફ જસ્ટિસે કહ્યું કે આ કમિટી બધાનું સાંભળશે. જેને પણ આ મુદ્દાનું સમાધાન જોઈએ તે કમિટીની પાસે જઈ શકે છે. આ કોઈ આદેશ રજૂ કરશે નહીં કે તમને સજા આપશે નહીં. આ માત્ર અમને તમારો રિપોર્ટ સોંપશે. તેમણે કહ્યું કે અમે એક કમિટીની રચના કરીએ છીએ જેથી કરીને અમારી પાસે એક તસવીર સ્પષ્ટ હોય. અમે એ નથી સાંભળવા માંગતા કે કિસાન કમિટીની પાસે જશે નહીં. અમે સમસ્યાનું સમાધાન કરવા માંગીએ છીએ. જો તમે અનિશ્ચિતકાળ માટે પ્રદર્શન કરવા માંગો છો તો તમે આમ કરી શકો છો.





કિસાન સંગઠનોના વકીલ વિકાસ સિંહે કહ્યું કે ખેડૂત પ્રદર્શન સ્થળથી એ જગ્યા એ જઈ શકે છે જ્યાંથી પ્રદર્શન દેખાય. અન્યથા પ્રદર્શનનો મતલબ રહેશે નહીં. રામલીલા મેદાન પ્રદર્શન માટે આપવામાં આવે. તેના પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે રામલીલા મેદાન કે બીજે કયાંય પ્રદર્શન માટે પોલીસ કમિશ્નર પાસેથી ખેડૂત મંજૂરી માટે અરજી કરી શકે છે એવો અમે ઓર્ડર કરીશું.

ચીફ જસ્ટિસ એસ.એ.બોબડે એ કહ્યું કે કમિટી આ કેસમાં ન્યાયિક પ્રક્રિયાનો હિસ્સો હશે. અમે કૃષિ કાયદાને સસ્પેન્ડ કરવાની યોજના બનાવી રહ્યા છે, પરંતુ અનિશ્ચિતકાળ માટે નહીં.

ખેડૂત સંગઠનોની તરફથી હાજર વકીલ એલએમ શર્માએ કહ્યુંકે ખેડૂતોએ કહ્યું કે કેટલાંક લોકો વાતચીત માટે આવે છે પરંતુ મુખ્ય વ્યક્તિ વડાપ્રધાન આવતા નથી. તેના પર ચીફ જસ્ટિસે કહ્યું કે અમે પીએમને વાતચીત કરવા માટે કહી શકીએ નથી. તે આ કેસમાં પાર્ટી નથી.

ચીફ જસ્ટિસે કહ્યુંકે અમને કાયદાની માન્યતાને લઈ ચિંતા છે. સાથો સાથ નાગરિકોના જીવન અને સંપત્તિને લઈ પણ ચિંતા છે. અમે સમસ્યાનું સમાધાન કરવાની કોશિષ કરી રહ્યા છીએ. અમારી પાસે એક શક્તિ છે કે અમે કાયદાને સસ્પેન્ડ કરી દઈએ અને એક કમિટીની રચના કરીએ.


**સુપ્રિમે સુનાવણી દરમ્યાન સરકાર-ખેડૂત સંગઠનોને ખખડાવ્યા : અનિશ્ચિતકાળ માટે પ્રદર્શન કરવા માંગો છો તો તમારી મરજી**

ચીફ જસ્ટિસ એસ એ બોબડે, જસ્ટિસ એ.એસ.બોપન્ના અને જસ્ટિસ વી.રામાસુબ્રમણિયનની બેન્ચે એટોર્ની જનરલને કહ્યું કે તેઓ સરકાર પાસેથી નિર્દેશ લે કે શું સરકાર ખુદ કાયદાના અમલ પર પ્રતિબંધ લગાવા તૈયાર છે. ઉલ્લેખનીય છે કે સોમવારે પણ સુનાવણી કરતા સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી હતી. અને કહ્યું હતું કે કૃષિ કાયદા પર પ્રતિબંધ મૂકો છો કે અમે મૂકીએ.

## અનેક ધમપછાડા બાદ પણ ટ્રમ્પને ફટકો મહાભિયોગની પ્રક્રિયા શરૂ, આજે મતદાન

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૧૨

ડેમોક્રેટિક પાર્ટીના ત્રણ સાંસદોએ સોમવારે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ દાખલ કર્યો છે. સાંસદોએ તેમના પર આરોપ લગાવ્યો કે તેઓ તેમના સમર્થકોને છેલ્લા અઠવાડિયે કેપિટલ બિલ્ડિંગ (યુએસ સંસદ)માં હિંસા ભડકાવવા માટે ઉશ્કેરતા હતા. આ પ્રસ્તાવ સાંસદ જેમી રસ્કિન, ડેવિડ સિસિલીન અને ટેડ લ્યુ દ્વારા લાવવામાં આવ્યા છે અને યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના ૨૧૧ સભ્યો દ્વારા તેને ટેકો મળ્યો છે. આ દરખાસ્ત પર આવતી કાલે મતદાન



લેવામાં આવશે. મીડિયામાં બહાર ૫ ાડવામાં આવેલા નિવેદન મુજબ, આ પ્રસ્તાવના પગલે ૬ જાન્યુઆરીએ નિવૃ તમાન રાષ્ટ્રપ્રમુખ પર 'દેશદ્રોહ માટે ભડકાવવાનો' આરોપ મૂકાયો છે. તેમાં ઉમેર્યું હતું કે, જ્યારે ઈલેક્ટોરલ કોલેજની મત ગણતરી થઈ રહી હતી ત્યારે ટ્રમ્પે તેમના સમર્થકોને કેપિટલ બિલ્ડિંગ (સંસદ સંકુલ) પર ઘેરાબંદી માટે ઉશ્કેર્યા હતા અને લોકોએ હુમલો કર્યો હોવાથી મત ગણતરીની પ્રક્રિયા ખોરવાઈ ગઈ હતી.

આ ઘટનામાં પોલીસ અધિકારી સહિત પાંચ લોકોનાં મોત નીપજ્યાં હતા. રિપબ્લિકન સાંસદોએ સોમવારે સદનમાં ડેમોક્રેટિક સભ્યોની વિનંતીને નકારી કાઢી હતી, જેમાં ટ્રમ્પને રાષ્ટ્રપ્રમુખ પદ પરથી હટાવવા માટે ઉપરાષ્ટ્રપ્રમુખ પેંસને ૨૫માં સંશોધનને લાગુ કરવા માટે આહ્વાન અને સર્વસંમતિની માંગ કરવામાં આવી હતી.

### ક્રૂડ તેલના ભાવમાં પહેલા કરતા ઘટાડો થયો છતાં મનમોહનસિંહના શાશન કરતા મોદી શાશનમાં પેટ્રોલ બમણું

## મનમોહન કાળની મોંઘવારી ડાયન હતી : મોદી કાળમાં માસુકા

અમદાવાદ,તા.૧૨

તાજેતરમાં જ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલના ભાવમાં લિટરદીઠ ૨૩ પૈસા અને ડીઝલના ભાવમાં લિટરદીઠ ૨૪ પૈસાનો વધારો કરતાં રાજધાની દિલ્હીમાં પેટ્રોલનો લિટરનો ભાવ ૮૪.૨૦ રૂપિયા અને ડીઝલનો ભાવ ૭૪.૩૮ રૂપિયાના ઓલ ટાઈમ હાઈના સ્તરે પહોંચ્યો છે. અગાઉ ઓક્ટોબર ૨૦૧૮માં જ્યારે ક્રૂડનો ભાવ ૮૦ ડોલર પ્રતિ બેરલ હતો, ત્યારે દિલ્હીમાં પેટ્રોલનો ભાવ ૮૪ રૂપિયા લિટરે પહોંચ્યો હતો. જોકે હાલ બ્રેન્ટ ક્રૂડની કિંમત ૫૪ ડોલર પ્રતિ બેરલ છે, જે માર્ચમાં શરૂ થયેલી કોરોના મહામારી દરમિયાન ક્રૂડ ઓઈલની કિંમતમાં થયેલા ઘટાડા પછીની સૌથી વધુ કિંમત છે. તો ચાલો જાણીએ શા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડની કિંમત ઘટી હોવા છતાં દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધી રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલની કિંમત ઘટવા છતાં દેશમાં સતત વધી રહેલી પેટ્રોલ અને ડીઝલની કિંમત માટે સરકારે છેલ્લાં થોડાં વર્ષોમાં વધારેલો ટેક્સ જવાબદાર છે.

વર્ષ ૨૦૧૯ની શરૂઆતમાં સરકારે આવક વધારવા માટે પેટ્રોલ પર



અગાઉ જે એક્સાઈઝ ડ્યૂટી ૧૯.૯૮ રૂપિયા પ્રતિ લિટરદીઠ લેવાતી હતી એને વધારીને ૩૨.૯૮ રૂપિયા કરી છે. આ સિવાય ડીઝલ પર લેવાતી એક્સાઈઝ ડ્યૂટીને વધારીને ૩૧.૮૩ રૂપિયા કરવામાં આવી છે. જેથી કરીને કોરાનાને કારણે ધીમે પડેલી આર્થિક ગતિવિધિને વેગ આપી શકાય. ઉલ્લેખનીય છે કે અગાઉ ડીઝલ પર એક્સાઈઝ ડ્યૂટી લિટરદીઠ ૧૫.૮૩ રૂપિયા લેવામાં આવતી હતી.

આ સિવાય કેટલીક રાજ્ય સરકારોએ કોરાનાને કારણે રેવન્યુ વધારવા માટે વેલ્યુ-એડેડ ટેક્સ(VAT) માં પણ વધારો કર્યો છે જેને કારણે પણ કિંમતોમાં વધારો થયો છે.

ગુજરાત પેટ્રોલિયમ ડીલર્સ એસોસિયેશનના પ્રમુખ અરવિંદ ઠક્કરે જણાવ્યું છે કે પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત વધારો થવાનું મુખ્ય કારણ સરકાર દ્વારા પેટ્રોલ-ડીઝલ પર લેવાતી એક્સાઈઝ ડ્યૂટી છે. એને કારણે સતત ભાવમાં વધારો થઈ રહ્યો છે. દ્રઢછ સરકારા દ્વારા એક્સાઈઝ ડ્યૂટીમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે અને આ કારણે હાલ પેટ્રોલ-ડીઝલની




## મહારાષ્ટ્રના કેબિનેટ મિનિસ્ટર ધનંજય મુંડે પર સ્ત્રી મિત્ર દ્વારા બળાત્કારનો આક્ષેપ

ચક્રવાત ટીમ મુંબઈ, તા. ૧૨

મહારાષ્ટ્રના સામાજિક ન્યાય વિભાગના એનસીપીના મિનિસ્ટર ધનંજય મુંડે પર તેની જ એક ઓળખીતી સ્ત્રી મિત્ર દ્વારા બળાત્કારનો આરોપ કરવામાં આવતા રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. જોકે ધનંજય મુંડેએ આ તેને બદનામ કરવાનું તેમજ ખંડણી માંગવાનું કાવતરૂ હોવાનું જણાવ્યું હતું.

આ મહિલાએ ઓશિવારા પોલીસ મથકમાં કરેલી એક અરજીમાં જણાવ્યું છે છેલ્લા કેટલાક વર્ષોથી ધનંજય મુંડે દ્વારા તેનું શારીરિક શોષણ કરવામાં આવતું હતું ધનંજય મુંડે ની પત્ની જ્યારે ગર્ભવતી હતી અને પ્રસૂતિ માટે પિયર ગઈ હતી ત્યારે ધનંજય મુંડેએ આ મહિલા પર પ્રથમ વખત બળાત્કાર કરી અને વિડિયો બનાવવાનો આક્ષેપ તેણીએ કરેલી અરજીમાં જણાવાયું છે ત્યારથી આ સિલસિલો શરૂ થયો છે અને શારીરિક અત્યાચાર તેમજ કુદરતી સંભોગ કરતા હોવાનો પણ આક્ષેપ થયો છે.

આ મહિલા તેની નજીકની સગાઈ હોવાનું પણ કહેવાય છે ઓશિવારા પોલીસ મથકમાં તેણે દસમી તારીખે અરજી આપી હતી પરંતુ કોઈ પગલાં ન લેવાતા આ મહિલાએ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન એનસીપીના વડા શરદ પવાર એનસીસીની સંસદ સભ્ય તેને જાનનું જોખમ હોવાનું પણ જણાવાયું છે.

બીજી બાજુ મુંડેએ આ તમામ આક્ષેપોને નકારી કાઢતાં તેને બદનામ કરવા માટે અને તેની રાજકીય કારકિર્દી ખતમ કરવા માટેનું આ કાવતરું હોવાનું જણાવાયું છે પોતાની પાસેથી ખંડણી વસૂલ કરવા માટે આ મહિલા તેને બ્લેકમેઈલ કરતી હોવાનું ધનંજય મુંડેએ તેના બચાવમાં કહ્યું છે.

## બાઈડન શપથ પહેલા અમેરિકામાં હિંસાની FBIની ચેતવણી

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૧૨

રાષ્ટ્રપતિ ઈલેક્ટ જો બાઈડેન ૨૦ જાન્યુઆરીના રોજ શપથ ગ્રહણ કરશે. આ શપથ ગ્રહણ સમારોહ પર હિંસા થવાનો ભય તોળાઈ રહ્યો છે. ફેડરલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન મુજબ, ટ્રમ્પ સમર્થકો વોશિંગ્ટન ડીસી અને તમામ ૫૦ રાજ્યોમાં હિંસા ફેલાવી શકે છે. જો કે , આ બાબતે રાષ્ટ્રીય રાજધાની એટલે કે વોશિંગ્ટન ડીસી અને રાજયોને એલર્ટ રહેવા જણાવવામાં આવ્યું છે. મિલેટ્રીના નેશનલ ગાર્ડ્સઅને સ્પેશિયલ સિક્યોરિટી એજન્સીની ટુકડીઓને તૈનાત કરવામાં આવી છે.

## સરકારે બાયોટેક-સીરમને કોરોનાની રસીના ૭ કરોડ ડોઝનો ઓર્ડર આપ્યો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

કેન્દ્ર સરકારે ભારત બાયોટેક અને સીરમ ઈન્સ્ટીટ્યુટને કોરોનાની રસીના વધુ છ કરોડ ડૉઝનો ઓર્ડર આપ્યો હતો. દેશમાં ૧૬મી જાન્યુઆરીથી રસીકરણ શરૂ થવાનું છે. પહેલા તબક્કામાં હેલ્થવર્કર્સ અને ફ્રન્ટલાઈન શ્રમિકોને રસી આપવામાં આવશે. આ કાર્ય પાછળ ૧૩૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ આવશે. કેન્દ્ર સરકારે ઓક્સફર્ડ કોવિડ-૧૯ કોવીશીલ્ડના ૧.૧ કરોડ ડૉઝ જીએસટી સહિત ડૉઝ દીઠ ૨૧૦ રૂપિયાના હિસાબે સીરમ ઈન્સ્ટીટ્યુટને ડૉઝ તૈયાર રાખવાનું જણાવ્યું હતું. આ તમામ ડૉઝ સરકાર ખરીદશે અને એનો ખર્ચ ૧૧૦૦ કરોડ રૂપિયા આવશે. કેન્દ્રના આદેશ મુજબ કોવીશીલ્ડના પ્રત્યેક ડૉઝની કિંમત ૨૦૦ રૂપિયા રાખવામાં આવી હતી. દસ રૂપિયા જીએસટી તરીકે ચૂકવવાના રહેશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે મુખ્ય પ્રધાનો સાથેની વિડિયો કોન્ફરન્સમાં આ રસીકરણને વિશ્વના સૌથી મોટા આરોગ્યલક્ષી કાર્યક્રમ સમાન ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે ૧.૧ ડૉઝનો પહેલો ઓર્ડર ૨૩૧ કરોડ રૂપિયાનો હશે. પહેલા તબક્કામાં હેલ્થ વર્કર્સ અને ફ્રન્ટલાઈન વર્કર્સને રસી આપવામાં આવશે. એનો ખર્ચ સરકાર ઉપાડશે.

## રક્ષક જ ભક્ષક : તુર્કીમાં ધર્મગુરૂને મહિલાઓના યૌન શોષણ મામલે ૧૦૭૫ વર્ષની સજા...!!

(જી.એન.એસ)અંકારા,તા.૧૨

તુર્કીના એક મુસ્લિમ પંથના નેતા અદનાન ઓકતારને ઈસ્તાંબુલની અદાલતે ૧૦ જુદા જુદા ગુનાઓમાં ૧૦૭૫ વર્ષની સજા ફટકારી હતી. અદનાન એક પંથનો પ્રમુખ છે અને ફરિયાદી પક્ષ નેતા સંગઠનને એક અપરાધ માને છે. અદનાન પર ૧૦૦૦ ગર્લફ્રેન્ડસાથે સંબંધો હોવાનું કહેવાય છે. અદનાન ઓકતાર લોકોને કટ્ટરપંથી મતના ઉપદેશ આપતો હતો અને મહિલાઓને તે બિલાડીઓ કહીને સંબોધતો હતો. અદનાનના ઘરેથી ૬૯,૦૦૦ ગર્ભનિરોધક ગોળીઓ મળી આવી હતી.

અદનાન ટીવી શોમાં આ મહિલાઓ સાથે ડાંસ પણ કરતો હતો જે પ્લાસ્ટિક સર્જરી કરાવેલી હતી. તેને ૧૦૭૫ વર્ષની સજા ફટકારવામાં આવી છે. એક અહેવાલ પ્રમાણે અદનાન પર યૌન અપરાધ, સગીરાઓનું શારીરિક શોષણ, ગેરરીતિ અને રાજનૈતિક અને સૈન્ય જાસૂસી કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. લગભગ ૨૩૬ લોકો વિરૂદ્ધ ખટલો ચલાવવામાં આવ્યો છે અને તેમાંથી ૭૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૮માં દેશભરમાં પાડવામાં આવેલા દરોડામાં ઓકતારના અનુયાયીઓની પણ ધરપકડ કરવામાં આવી હતી.

કોરોનાકાળમાં ચારુસેટ યુનિવર્સીટીનું સમાજલક્ષી પ્રશંસનીય કાર્યઃ ૨૦૦૦ વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ માટે રાહતદરે લેપટોપ વિતરણ

# ગુજરાતમાં સૌપ્રથમ ચારુસેટ યુની. દ્વારા ચારૂ-લેપ સ્કીમ લોન્ચ

ચક્રવાત ટીમ ચાંગા,તા.૧૨

કોરોના મહામારીના લીધે માર્ચ ૨૦૨૦થી સ્કૂલ – કોલેજો બંધ હતી અને વિદ્યાર્થીઓ ઓનલાઈન અભ્યાસ કરી રહ્યા હતા અને ઓનલાઈન પરીક્ષા આપતા હતા. કોરોના મહામારી વખતે ઘણા બધા વિદ્યાર્થીઓ પોતાની પાસે લેપટોપ કે કોમ્પ્યુટર ન હોવાને કારણે અભ્યાસમાં મુશ્કેલી અનુભવતા હતા તે વાતને ધ્યાનમાં રાખી શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ સંચાલિત ચાંગા સ્થિત ચારૂસેટ યુનીવર્સીટીના મેનેજમેન્ટે ૨૦૦૦ વિદ્યાર્થીઓને રાહતદરે લેપટોપ આપવાનું નક્કી કર્યું અને ચારૂ-લેપ સ્કીમ લોન્ચ કરી. આ સ્કીમ અંતર્ગત બજારમાં રૂ. ૫૦૦૦૦માં મળતું લેપટોપ વિદ્યાર્થીઓને માત્ર રૂ. ૧૮૦૦૦માં આપવામાં આવ્યું હતું. જયારે બાકીની રકમની આર્થિક સહાય ચારૂસેટ યુનીવર્સીટીના વિવિધ દિલાવર દાતાઓ દ્વારા કરવામાં આવી હતી.

ચારુસેટ ગુજરાતમાં સૌપ્રથમ યુનીવર્સીટી છે જેમણે વિદ્યાર્થીઓના લાભાર્થે માટે આ સ્કીમ લોન્ચ કરી છે. covidનો શબ્દપ્રયોગ સેન્ચુરી ઓફ ઓનલાઈન વર્ક એન્ડ વર્ચ્યુંઅલ એજ્યુકેશન ઓફ ઈન્ટરનેટ સોસાયટી ઈન ડીજીટલ વર્લ્ડ' કરી વિદ્યાર્થીઓને લેપટોપની જરૂર પડે એટલે આ સ્કીમ લોન્ચ કરી છે.

૨૦૦૦ વિદ્યાર્થીઓને તબક્કાવાર આ લેપટોપ રાહત દરે વિતરણ






કરવાનો કાર્યક્રમ ૯મી જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરી દરમિયાન યોજવામાં આવ્યો હતો. જેનો શુભારંભ ૯મી જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યો હતો.

ચારૂસેટ અને ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળના પ્રમુખ શ્રી સુરેન્દ્રભાઈ પટેલ,, માતૃસંસ્થા-કેળવણી મંડળ- ચારૂસેટ હેલ્થકેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના મંત્રી ડો. એમ. સી. પટેલ, માતૃસંસ્થા અને ચારૂસેટ હેલ્થકેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના પ્રમુખ નગીનભાઈ પટેલ, કેળવણી મંડળના ટ્રસ્ટી-ચારૂસેટ હેલ્થકેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના ઉપપ્રમુખ વીરેન્દ્રભાઈ પટેલ, કેળવણી મંડળના ઉપપ્રમુખ અશોક પટેલ, ચારૂસેટના પ્રોવોસ્ટ ડૉ. પંકજ જોશી, ચારૂસેટના રજીસ્ટ્રાર ડૉ. દેવાંગ જોશીના હસ્તે લેપટોપ એનાયત કરવામાં આવ્યા હતા. પ્રારંભમાં ડૉ. દેવાંગ જોશીએ ચારૂ-લેપ સ્કીમ વિશે વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન કેરિયર ડેવલપમેન્ટ એન્ડ પ્લેસમેન્ટ સેલના ટ્રેનીંગ એન્ડ પ્લેસમેન્ટ ઓફીસર શ્રી દિવ્યાંગ પુરોહિતે કર્યું હતું.

આ ઉમદા કામગીરી માટે દાતાશ્રીઓ જેમ કે મનુભાઈ પી. ડી. પટેલ (દુબઈ), ભૂતપૂર્વ શેરીફ ડૉ. એમ. આઈ. પટેલ (મુંબઈ), સુમિત્રાબેન ચંદુભાઈ પટેલ (USA), ડૉ. અનિલ & આશા પટેલ(USA), શ્રી દેવાંગ પટેલ (ઈપ્કોવાળા), કિરીટભાઈ, શ્રી દિનેશભાઈ, ભરતભાઈ પટેલ પરિવાર (USA), કરસનભાઈ પટેલ (નિરમા ગ્રુપ) દ્વારા યુનીવર્સીટીને આર્થિક સહાય કરવામાં આવી હતી. આ સહાય થકી યુનીવર્સીટીમાં ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને આ લેપટોપ રાહત દરે વિતરણ કરવામાં આવ્યું છે. આ ચારૂ-લેપ સ્કીમ થકી ચારુસેટે સમાજને રાહ ચિંધાડતા ઉમદા કાર્ય કર્યું છે.

ચારુસેટ યુનીવર્સીટીમાં ૨૦૦૦ વિદ્યાર્થીઓને ડીજીટલી સજ્જ કરવાના હેતુથી આ લેપટોપ રાહત દરે વિતરણ કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યકમ દરમિયાન દરેક જગ્યાએ ગુજરાત સરકારની કોરોનાની ગાઈડલાઈન્સનું પાલન કરાવવામાં આવ્યું હતું. જેમાં વિધાર્થીઓને થોડા થોડા ગ્રુપમાં સોશિયલ ડીસ્ટન્સીન્ગ સાથે બોલાવામાં આવ્યા હતા. યુનીવર્સીટીમાં પ્રવેશતાની સાથે થર્મલ ચેકીગ કરવામાં આવ્યું હતું અને બે વ્યકિત વચ્ચેનું ૬ ફૂટનું અંતર રાખવામાં આવ્યું હતું

આ પ્રસંગે લેપટોપ મેળવનાર વિદ્યાર્થીઓમાં આનંદની લહેર ફેલાઈ ગઈ છે. વિદ્યાર્થીઓએ ચારૂસેટના આ ઉમદા કાર્યને બિરદાવીને અભ્યાસની સાથે સાથે પુરતી મહેનત કરીને પરિવાર અને ચારૂસેટ યુનીવર્સીટીનું નામ રોશન કરવાની ખાતરી આપી છે.

## બોટાદ શહેર યુવા ભાજપ અને નરેન્દ્ર મોદી વિચાર મંચ દ્વારા સ્વામી વિવેકાનંદજીની ૧૫૮ મી જન્મજયંતિ નિમિતે બાઈક રેલી

ચક્રવાત ટીમ રાજેશ શાહ,તા.૧૨

આજરોજ સ્વામી વિવેકાનંદજીની ૧૫૮ મી જન્મજયંતિ હોય તે નિમિતે આજરોજ બોટાદ શહેર યુવા ભાજપ અને નરેન્દ્ર મોદી વિચાર મંચના કાર્યકરો દ્વારા ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાઈક રેલી બોટાદ માર્કેટિંગ યાર્ડ થી શરુ થઈ હવેલી ચોક, ટાવર રોડ, દીનદયાળજીના પૂતળે થઈને જલમીન ટોકીઝ થઈ ચકલા ગેટ પાસે આવેલ સાંદિપની સ્કૂલ સુધી યોજાઈ હતી. આ રેલીમાં ભાજપ જિલ્લા ઉપપ્રમુખ ગૌતમભાઈ ખસિયા, ચંદ્રકાન્તભાઈ સાવલિયા, હરેશભાઈ ધાધલ, જીગ્નેશભાઈ બોલિયાં, નરેન્દ્ર મોદી વિચાર મંચના શહેર પ્રમુખ મહેન્દ્રસિંહ



જાડેજા (મુન્નાભાઈ) તેમજ ભાજપ અને નરેન્દ્ર મોદી વિચાર મંચના કાર્યકર્તાઓ જોડાયા હતા. આ રેલીના ઉપદેશ વિષે ગૌતમભાઈ અને હરેશભાઈએ જણાવ્યું હતું કે સ્વામી વિવેકાનંદજી એ યુવાઓના પ્રેરણા સ્ત્રોત કહેવાય છે જેનો એક માત્ર ઉપદેશ યુવાઓને સંબોધીને હતો કે ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો તે વાતને હંમેશા યુવાનોએ યાદ રાખી સ્વામી વિવેકાનંદજીના સિદ્ધાંતોને આપણા જીવનમાં ઉતારવાની વાત કરી હતી.

## સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે વાંકાનેર તાલુકા યુવા ભાજપ દ્વારા બાઈક રેલીનું આયોજન



ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૧૨

વાંકાનેર તાલુકા યુવા ભાજપ દ્વારા આજે સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતી નિમિતે એક વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી વાંકાનેર ગરાસીયા બોર્ડીંગ ખાતેથી શરૂ કર શહેરના મુખ્ય માર્ગો પર ફરી અને વાંકાનેર જકાતનાકા ખાતે સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને ફુલહાર કરી સમાપ્ત કરવામાં આવી હતી. આ બાઈક રેલીનું આયોજન વાંકાનેર યુવરાજ કેસરીદેવસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ વાંકાનેર તાલુકા યુવા ભાજપના ઉપપ્રમુખ જગદીશસિંહ ઝાલા તેમજ વાંકાનેર એબીવીપી ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. વાંકાનેર તાલુકા યુવા ભાજપ દ્વારા આયોજિત આ બાઈક રેલીને વાંકાનેર તાલુકા ભાજપ મહામંત્રી હીરાભાઈ માલધારી, મોરબી જિલ્લા ભાજપ મંત્રી રસિકભાઈ વોરા, વિરોધપક્ષના નેતા ધમભા ઝાલા, વાંકાનેર તાલુકા ભાજપ અગ્રણી ગનીભાઈ દેકાવડીયા, અસરફભાઈ બાદી સહિતના આગેવાનો દ્વારા લિલી ઝંડી આપી પ્રસ્થાન કરાયું હતું.

## રાજ્યમાં નીચા તાપમાનનો પારો ઉંચે ચડતા લોકોને ઠંડીમાં રાહત મળી

ઉત્તર ભારતનાં રાજ્યોમાં ચાલી રહેલ બરફવર્ષાના કારણે રાજ્યમાં આગામી દિવસોમાં ઠંડી વધશે

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૨

રાજ્યનાં તાપમાનમાં ક્રમશઃ ધીમો વધારો થઈ રહ્યો હોવા છતાં મોટાભાગનાં શહેરોમાં રાત્રીનાં તેમજ વહેલી સવારે અસહ્ય ઠાર અને ધુમ્મસનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. આજે નલિયા ખાતે ૮ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું. એકંદરે ગઈકાલની સાપેક્ષમાં આજે આશરે ૪ ડીગ્રી જેવું તાપમાન ઉંચકાયુ હતું. રાજ્યનાં અન્ય શહેરોમાં પણ તાપમાનનો પારો થોડો ઉચે ચડ્યાનો અનુભવ લોકોને થયો હતો. રાજ્યમાં આજે નલિયા ૮, ડીસા ૧૧.૪, કંડલા એરપોર્ટ ૧૧.૬, ભૂજ ૧૨.૧, રાજકોટ ૧૨.૮, સુરેન્દ્રનગર ૧૩, કેશોદ ૧૩.૨,



પોરબંદર ૧૩.૩, કંડલા બંદર ૧૩.૯, ગાંધીનગર ૧૪, અમરેલી ૧૫.૨, વિદ્યાનગર ૧૫.૮, વલસાડ ૧૪.૫, દ્વારકા ૧૫.૯, ભાવનગર ૧૬.૨, અમદાવાદ ૧૬.૪, ઉપરાંત અન્ય શહેરોમાં સરેરાશ નીચું તાપમાન ૧૫ થી ૧૯ ડીગ્રી વચ્ચે રહેવા પામ્યું હતું. દેશનાં ઉત્તરનાં રાજ્યો તેમજ કાશ્મીરમાં ચાલી રહેલ સતત ભારે બરફવર્ષાની અસરનાં કારણે મકરસંક્રાતિ બાદ પવનની ગતિ-દિશામાં પરિવર્તનની સંભાવના સર્જાતા રાજ્યમં ઠંડીનો વધુ એક તબક્કો આવી રહ્યાનો સંકેત હવામાનશાસ્ત્રીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

## પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના ૧૪ ગામોમાં કિસાન સૂર્યોદય યોજનાનો સાંસદ રમેશભાઈ ધડુકના હસ્તે પ્રારંભ

ચક્રવાત ટીમ પોરબંદર,તા.૧૨

ખેડૂતોએ રાત ઉજાગરા કરીને ખેતી ન કરવી પડે અને દિવસે વીજળી મળી રહે તે માટે રાજ્ય સરકારે કિસાન સૂર્યોદય યોજના શરૂ કરી છે. પોરબંદર જિલ્લાના કુતિયાણા ખાતે સાસદ રમેશભાઈ ધડુકે કુતિયાણા તાલુકાના ૧૪ ગામોમાં આ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો.



આ પ્રસંગે યોજનાનો પ્રારંભ કરી સાંસદ રમેશભાઈ ધડુકે ખેડૂતોને શુભકામના પાઠવીને જણાવ્યું કે, કિસાન સૂર્યોદય યોજનાથી કુતિયાણા તાલુકાના ખેડૂતો દિવસે પુરતી વીજળી મેળવીને મબલક પાકનુ ઉત્પાદન કરશે. જગતના તાત એવા ખેડૂતો અને તેના પરિવારની ચિંતા કરીને રાજ્ય અને કેન્દ્ર સરકારે અનેક યોજનાઓ શરૂ કરી છે. લોકોની ભૂખ ભાંગતા ખેડૂતોને કિસાન સૂર્યોદય યોજના થકી દિવસે સરળતાથી વીજળી મળવાથી રાજ્યના ખેડૂતો દિવસે પણ પાણીની મોટર ચાલુ કરી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે કુતિયાણા તાલુકામાં આ યોજનાનો વધુ ગામોને લાભ મળે તે માટે આ વિસ્તારના ધારાસભ્યશ્રી કાંધલભાઈ જાડેજાએ

રાજ્યના ઊર્જા મંત્રી શ્રી ને રજૂઆત કરેલ જે રજૂઆત સફળ રહી છે .

આ ૧૪ ગામોમાં યોજનાનો લાભ મળશે અમર, બિલડી, ચૌટા, ડાડુકા, ધૃવાળા, ગોકરણ, હામદપરા, હેલાબેલી, ખૂનપૂર, માલણકા, રોઘડા, સિંધપુર, ટેરી અને વડાળા ગામનો સમાવેશ થાય છે.

કુતિયાણા સુદામા ડેરી ખાતે યોજાયેલ કાર્યક્રમમા મામલતદાર સંદીપ જાદવ, પી.જી.વી.સી.એલ, જેટકોના અધિકારીઓ, ખેડૂત અગ્રણીઓ, અમંત્રિત મહેમાનો તથા માસ્ક પેરીને સામાજિક અંતર સાથે ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા આરોગ્યની ટીમ દ્રારા કોરોનાના સંક્રમણને ધ્યાનમા રાખીને કાર્યક્રમમા ઉપસ્થિત રહેલા તમામ લોકોનુ હેલ્થ સ્કિનીંગ કરાયુ હતુ.

## રમત મંડળો અને રમતવીરો દ્વારા સાંસદ ડોક્ટર કિરીટભાઈ સોલંકીનું બહુમાન કરાયું

ચક્રવાત ટીમ જૂનાગઢ,તા.૧૨

ભારત સરકારના રમત ગમત મંત્રાલય અને ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનીંગ (ડીઓપીટી) મંત્રાલય દ્વારા ગ્રેડ સી ની ભરતી માટે જાહેર કરવામાં આવેલ ૬૩ રમતો મુજબની રમતો પૈકી ૨૪ રમતોને માન્યતા આપવામાં આવેલ છે તે મુજબ બાકીની ૩૮ રમતો નો પણ ગુજરાત સરકાર અમલ કરે અને ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ /રમત ગમત વિભાગ દ્વારા અગાઉ ૨૫ રમતો માટે થયેલા ઠરાવમાં સુધારો કરી ૬૩ રમતો માટે વિધિવત ઠરાવ કરવામાં આવે તે માટે અમદાવાદ પશ્ચિમના પ્રભાવશાળી પ્રજાના પ્રશ્નો માટે સક્રિય સાંસદ માં. ડૉ. કિરીટભાઈ સોલંકી દ્વારા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબને પત્ર લખી ગુજરાત રાજ્યના ખેલાડીઓના હિતમાં વહેલી તકે નિર્ણય લેવા રજુઆત કરેલ હોઈ માન. સાંસદ ડૉ. કિરીટભાઈ



સોલંકી સાહેબનો આભાર વ્યક્ત કરવા કોન્ફરન્સ હોલ એનેક્ષિ,અમદાવાદ ખાતે તા. ૧૦/૦૧/૨૦૨૧ના રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ બેઠકમાં અમદાવાદ પશ્ચિમના સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી, વિવિધ એસોસીએશનના હોદ્દેદારો, ગુજરાત રાજ્ય ના વિવિધ જિલ્લા ના વ્યાયામ શિક્ષકો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેડલ પ્રાપ્ત વિજેતા રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકની શરૂઆતમાં વુસુ કોચ અને પેનકસીલાટ એસોસીએશન ના ઉપપ્રમુખ બદ્રીનાથ પાંડે એ ડૉ. કિરીટ સોલંકી સાહેબનો માન. મુખ્યમંત્રીશ્રીને પત્ર લખવામાટે આભાર વ્યક્ત કરી ખેલાડીઓના હિત માટે ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યુ હતુ. વુમેન્સ ફુટબોલ ગુજરાત ના જનરલ સેક્રેટરી ટીના ક્રિષ્નાદાસ એ માન. સાંસદ શ્રી ડૉ. કિરીટભાઈ સોલંકી સાહેબ દ્વારા રમતગમત ક્ષેત્રે કરવામાં આવતી વિવિધ કામગીરીથી ઉપસ્થિત સૌને વાકેફ કરવા ની સાથે જણાવ્યું હતું કે સાંસદ ડોક્ટર શ્રી કિરીટભાઈ સોલંકી સાહેબ રમતગમત મંડળો અને રમતવીરોના"સ્પોર્ટ્સ યુથ આઈકોન' છે. તેમજ ઉપસ્થિત વિવિધ એસોસીએશનના પદાધિકારીઓ, વ્યાયામ શિક્ષકો અને ખેલાડીઓએ માન. સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી સાહેબનું બુકે/શાલ થી અભિવાદન કરી આભાર વ્યક્ત કર્યો હતો.










વાયરલ ફોટો ઓફ ધ ડે.....




સૌજન્ય :- રેડીફમેઈલ

# સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મંડળ દ્વારા કલેકટરને આવેદન



ચક્રવાત ટીમ, વઢવાણ, ૧૨

જિલ્લા કલેકટર જિલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને ઉદેશીને આવેદનપત્ર આપવામાં આવેલ. જેમાં જણાવેલ કે તા.૨૭ / ૨ /૨૦૧૯ અને ૨૫/૧૨/૨૦૧૯ની રાજ્યવ્યાપી હડતાળ દરમિયાનના રાજ્યો પડતર કક્ષાના પ્રશ્નોનું સમાધાન મુજબ નિરાકરણ ન આવતા આંદોલન અંગેનો આદેશ આપવામાં આવે. ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ ગાંધીનગર નેતૃત્વ હેઠળ ગતતારીખ ૨૭ /૨/ ૨૦૧૯ અને ૨૫/ ૧૨/ ૧૯ દરમિયાન રાજ્યવ્યાપી આંદોલન અંગેના જડબેસલાક નિરાકરણ લાવવા સમાધાન મુજબ પ્રશ્નોનું નિરાકરણ લાવવા લેખિત ખાત્રી આપેલ હતી પરંતુ પ્રશ્નો આજદિન સુધી કોઈ પણ પ્રકારનું નિરાકરણ ન લાવી ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી સાથે છેતરપિંડી કરી વિશ્વાસ ઘાત કર્યો છે પરિણામો સમગ્ર રાજ્ય આરોગ્ય કર્મચારી આલમમાં સ્વયંભૂ આક્રોશ ભભૂકી ઉઠેલ છે. ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારીની દેવભૂમિ દ્વારકા ખાતે થયેલ કારોબારી સભા ચર્ચા-વિચારણા બાદ સર્વ સમિતિ લેવાયેલા નિર્ણય અનુસાર સરકારને ફરીથી આંદોલન કાર્યક્રમો આપી આપનારની લડત આપવાનું કરાવવામાં આવતા જ્યાં સુધી રજૂ થયો તમામ પડતર પ્રશ્નોનું નિવારણ ના આવે ત્યાં સુધી ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ ગાંધીનગરના દેશમાં જણાવેલ આંદોલનના કાર્યક્રમો જિલ્લાભરના તમામ સ્વર્ગના આરોગ્ય કર્મચારીઓ આદેશનો અમલ કરશે તેમ જણાવેલ છે.

# પોરબંદર જિલ્લામાં તકેદારી સાથે ધો-૧૦ અને ધો-૧૨માં શૈક્ષણિક કાર્યનો પ્રારંભ



ચક્રવાત ટીમ, પોરબંદર, ૧૨

છેલ્લા કેટલાક સમયથી રાજ્ય સરકારનાં કોરોના સંક્રમણને કાબુમાં લેવા સઘન પ્રયાસો થઈ રહ્યા છે. કેસોની સંખ્યા પણ ઘટી રહી છે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં કોરોનાનુ સંક્રમણ ન થાય તેવી તકેદારી અંગે માર્ગદર્શન અપાયા બાદ આજથી પોરબંદર જિલ્લામાં ધો-૧૦ અને ધો-૧૨માં શૈક્ષણિક કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વિધાર્થીઓને જરૂરી તકેદારી, સેનેટાઈઝેશન, માસ્ક પહેરવા અંગેની જરૂરી સુચના અને વિધાર્થીઓનુ થર્મલ ગન થી સ્ક્રીનીંગ કરી જરૂરી માર્ગદર્શન આપીને પ્રવેશ અપાયો હતો. પોરબંદર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સરકારની માર્ગદર્શિકા અનુસાર શીક્ષકો સાથે સંકલન કરીને કામગીરી કરવામાં આવી હતી.આજે ૩૯૧૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# કાથરોટા માધ્યમિક શાળાના શિક્ષકની રાજ્ય કક્ષાએ પસંદગી



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૨

ગુજરાત સરકારની એક નવી પહેલ કે જ્યારે શાળાઓ શરૂ થઈ રહી છે અને પરીક્ષાઓ લેવાની તૈયારી પણ બતાવી રહી છે ત્યારે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે દરેક વિષયના તજજ્ઞ દ્વારા કોઈપણ વિષયમાં મુંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે જે તે વિષયના શિક્ષક દ્વારા હેલ્પલાઈન ટેલિફોન દ્વારા શરૂ કરવામાં આવી રહી છે તેમાં ધોરણ ૧૦ ના ગણિત વિષય માટે જૂનાગઢ જિલ્લાના કાથરોટા માધ્યમિક શાળાના શિક્ષક અને સમગ્ર ગુજરાતનું ગૌરવ એવા બે બે વખત રાષ્ટ્રીય એવોર્ડ મેળવી ચૂકેલ એવા બલદેવપરી સાહેબ ગુજરાતના બાળકોને મુંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે ગુજરાત સરકાર ની સેવા માટે પસંદ થયેલ છે. ત્યારે વાત કરીએ તો બલદેવ પરી કોરોનાના સંક્રમણને ધ્યાને લઈ શાળાઓ બંધ થઈ છે ત્યારથી ધોરણ ૯ અને ૧૦ ના ઓનલાઈન ક્લાસ શરૂ કરી વિદ્યાર્થીઓને શાળા જેવો માહોલ આપી રહ્યા હોય,આ ઉપરાંત સ્છ્ઉઁજીઁ છઈઁ એપ્લિકેશન દ્વારા પણ જેમણે ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને નિશુલ્ક દરેક વિષયનો મનગમતી રમતો અને વિડીયો દ્વારા અભ્યાસક્રમ મોબાઈલ એપ્લિકેશન દ્વારા આપી ઉમદા કાર્ય કર્યું છે. અને ખાસ તો ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓના ઓનલાઈન ક્લાસ દરમિયાન આ શિક્ષકે સુપર ૧૦૦ એવું વિદ્યાર્થીઓનું એક ગ્રુપ બનાવી વિદ્યાર્થીઓને ૯૦ˆ માર્કસ લાવવા માટે ગોલ આપેલ છે,અને આ દિશામાં ખૂબ જ સરસ લાઈવ ક્લાસ અને લાઈવ ક્વિઝ દ્વારા વિદ્યાર્થીઓ કામ કરી રહ્યા છે. સરકારની આ હેલ્પ લાઈન પર દરેક વિદ્યાર્થીને મૂંઝવતા પ્રશ્નોનો જવાબ આપી વિદ્યાર્થીઓની સેવા કરવા માટે પોતે આનંદ અનુભવે છે.

# વિવેકાનંદ જન્મ શતાબ્દી નિમિત્તે કોડીનારમાં બાઈક રેલીનું આયોજન



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૨

સ્વામી વિવેકાનંદજી જન્મ શતાબ્દી નિમિતે સોમનાથ એકેડેમી ખાતે કોડીનાર તાલુકા ભારતીય જનતા પાર્ટી યુવા મોર્ચા દ્વારા બાઈક રેલી, પુષ્પાંજલિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું તેમા કોડીનાર ભાજપ યુવા પ્રમુખ સંજયભાઈ વાળા કુણાલ સોલંકી વજુભાઈ કરશનભાઈ સોલકી હરીભાઈ જાદવ સુભાષભાઈ વાઢેર વજુભાઈ સોલંકી હરેશભાઈ દમણિયા સુનિલભાઈ ચુડાસમા બાલુભાઈ ચુડાસમા મયુરભાઈ વાઢેળ રવિભાઈ ગાધે ભુપતભાઈ ગાધે હરીભાઈ પઢિયાર ગોપાલભાઈ વજુભાઈ વાઝા સુરપાલ વૈશ ભરતભાઈ મોરાસિયા રામસિંહભાઈ સોલકી અમુભાઈ જોષી પ્રેમજીભાઈ મકવાણા તેમજ યુવા કાર્યકર્તા મિત્રોએ બોહળી સંખ્યામાં હાજર રહયા હતા.

# પોરબંદરના જિલ્લાના મિયાણી ગામે જેટકોના ૬૬ કે.વી. સબસ્ટેશનનુ ખાતમુહૂર્ત કરતાધારાસભ્ય બોખીરીયા

**૮૫૩.૧૬ લાખના ખર્ચે બનનાર સબસ્ટેશનથી ૧૮૦૦થી વધુ વીજગ્રાહકોને પુરતો વીજ પુરવઠો મળશે**



ચક્રવાત ટીમ, પોરબંદર, ૧૨

પોરબંદર જિલ્લા ના મિયાણી ખાતે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી. (GETCO)ના ૬૬ કે.વી. મિયાણી સબસ્ટેશનનુ ખાતમુહૂર્ત તથા તખ્તી અનાવરણ પોરબંદરના ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયાના હસ્તે તથા સાંસદ રમેશભાઇ ધડૂકની પ્રેરક ઉપસ્થિતિમા કરાયુ હતુ. આ સબસ્ટેશન સ્થાપિત થવાથી જુદા જુદા ત્રણ ગામોના અંદાજે ૧૮૦૦ થી વધુ વીજ ગ્રાહકોને પુરતો વીજ પુરવઠો મળશે. આ પ્રસંગે ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયાએ વિકાસના કામનુ ખાતમુહૂર્ત કરીને કહ્યુ કે, મિયાણી સબસ્ટેશન થવાથી પોરબંદર તાલુકાના મિયાણી, ટુકડા મિયાણી અને ભાવપરા ગામના તેમજ મિયાણી જી.આઈ.ડી.સીની આજુ-બાજુ વિસ્તારમા પુરતા વીજ દબાણથી વધુ સાતત્યપૂર્ણ વીજ પુરવઠો આપી શકાશે. તખ્તી અનાવરણ કરીને સાંસદ રમેશભાઈ ધડૂકે ગ્રામજનોને શુભેચ્છા પાઠવતા જણાવ્યુ કે, ૬૬ કે.વી. સબસ્ટેશન થવાથી ખેડૂતોને પુરતી વીજળી મળી રહેશે. મિયાણી સબસ્ટેશનના નિર્માણ માટે સરકાર દ્વારા ૮૫૩.૧૬ લાખ રૂપીયાનો ખર્ચ કરવામા આવશે. આ સબસ્ટેશન ખાતે કુલ પાચ નવા ફીડરો સ્થાપિત કરાશે. જેમા ૧૧ કે.વી. જી.આઈ.ડી.સી (ઈન્ડસ્ટ્રીયલ) ફીડર-૧, ૧૧ કે.વી. (જે.જી.વાય) ફીડર-૧, ૧૧ કે.વી. (જે.જી.વાય) ફીડર-૨, ૧૧ કે.વી. (એ.જી) ફીડર-૧ તથા ૧૧ કે.વી. (એ.જી) ફીડર-૨ સ્થાપિત કરાશે. કાર્યક્રમમા અગ્રણીઓ, ર્ઈર્ઝના અધિકારીઓ/કર્મચારીઓ જુદા જુદા ગામના સરપંચો તથા સામાજિક અંતર અને માસ્ક સાથે ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સબસ્ટેશનના ખાતમુહૂર્ત કાર્યક્રમમા મહેમાનોનુ શાબ્દિક સ્વાગત અધિક્ષક ઈજનેર GETCO જામનગર એસ.જી.કાંજીયાએ તથા આભાર વિધિ GETCOના કાર્યપાલક ઈજનેર વી.આઈ. મેકવાને કરી હતી. તથા કાર્યક્રમનુ સંચાલન શિક્ષક રાજેશ રામએ કર્યુ હતુ.

# પોરબંદરમાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ પ્રસંગે રક્તદાન કેમ્પ



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૨

સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ પ્રસંગે ગુજરાત રાજ્ય યુવાબોર્ડ પોરબંદર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે સરદાર પટેલ રમત સંકુલ પોરબંદર ખાતે રક્તદાન કેમ્પ યોજાયો હતો. વિવિધ સંસ્થઓ સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ અલગ અલગ રીતે ઉજવીને વિવેકાનંદજીના કાર્યોને યાદ કરીને તેમાથી પ્રેરણા મેળવતા હોય છે. ત્યારે પોરંદર સરદાર પટેલ રમત સંકુલ ખાતે યોજાયેલા રક્તદાન કેમ્પમા ગુજરાત રાજ્ય યુવક બોર્ડના સંયોજકો અને સ્પોર્ટસ ખેલાડીઓએ સ્વૈચ્છિક રક્તદાન કર્યુ હતુ. કેમ્પમા ૧૦૦ બોટલ રક્ત એકત્ર કરવામા આવ્યુ હતુ.


# શાહપુરની ખર્ડીની મનસે શાખા તૂટતા ૬૫ વર્ષના માજી ઉપવાસ પર બેઠા

**મનસે અધ્યક્ષનો ફોન જતાં જ ગ્રામ પંચાયતે સ્વખર્ચે શાખા બાંધી આપવાની જાહેરાત કરી**

ચક્રવાત ટીમ મુંબઈ તારીખ ૧૨

મનસે અધ્યક્ષ રાજ ઠાકરે ની લોકપ્રિયતા હજી પણ અકબંધ છે તેનો ફરી એકવાર પુરાવો મળ્યો છે. શાહપુરના ખરડીમા મનસેની શાખા ગ્રામ પંચાયત દ્વારા તોડી પાડવામાં આવી હતી આ શાખા તૂટતાં જ અહીંના મનસેના કાર્યકરો પણ શરમાઈ જાય તેવી ઉત્સાહથી ૬૫ વર્ષના માજી ત્રણ દિવસથી ઉપવાસ પર બેઠા હતા.આ ઘટનાની રાજ ઠાકરેને જાણ થતા તેમણે તાત્કાલિક ફોન ગુમાવ્યા હતા અને ગ્રામ પંચાયતે તેમના સ્વખર્ચે આ શાખા ફરી બાંધી આપવાની જાહેરાત કરવી પડી હતી. બીજી બાજુ અન્ય રાજકીય નેતાઓની સાથે સાથે રાજ ઠાકરેની સુરક્ષા પણ સરકાર દ્વારા ઓછી કરવામાં આવી છે સરકારના આ પગલાંઓ મનસે દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો અને રાજ ઠાકરેની સુરક્ષા માટે મહારાષ્ટ્ર સુરક્ષા pathak નામની ટીમ તૈયાર કરી અને કૃષ્ણકુંજ પર તેમજ તેની સાથે ચોવીસ કલાક સુરક્ષા દેવાનું શરૂ કર્યું છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની ખરડી ની શાખા અહીંની ગ્રામ પંચાયત દ્વારા તોડી પાડવામાં આવી હતી જેનો વિરોધ ૬૫ વર્ષના માજીએ કરી અને ત્રણ દિવસથી ઉપવાસ પર બેઠા હતા આ ઘટનાની રાસ્તા કરીને જાણ થતા તાત્કાલીક તેમણે થાણેના મનસે અધ્યક્ષ અવિનાશ જાદવ ને ત્યાં મોકલ્યા હતા અવિનાશ જાદવ અને ગ્રામ પંચાયત વચ્ચે એક બેઠક યોજાઈ હતી જેમાં ગ્રામ પંચાયત દ્વારા સ્વખર્ચે આ મંત્રની શાખા ફરી બાંધી આપવાની જાહેરાત થઈ હતી ત્યારબાદ રાજ ઠાકરેએ આ માજી સાથે ફોન પર વાત કરી અને તેમને બિરદાવ્યા હતા. એક ચર્ચા મુજબ ભારતીય જનતા પક્ષ આવનારી મહાપાલિકાની ચૂંટણીમાં મને સાથે હાથ મિલાવે તેવી સંભાવના છે બીજી બાજુ મળશે પર આજે યોજાયેલી બેઠકમાં રાજ ઠાકરેએ તેના પક્ષના નેતાઓને મહાપાલિકાની ચૂંટણી માટે તેમજ આવનારી વિધાનસભાની ચૂંટણી માટે સજ્જ રહેવા હાકલ કરી હતી. શિવસેના છોડી રાજ ઠાકરેએ મનસે ની સ્થાપના કર્યા બાદ ૧૩ વિધાનસભ્યો અને કેટલાક નગરસેવકો ચૂંટાઈ આવ્યા હતા જે રાજ ઠાકરેની લોકપ્રિયતાનો એ પુરાવો હતો પરંતુ કાળક્રમે આ તમામ નેતાઓ એક પછી એક અન્ય પક્ષમાં પાછા જતા રહ્યા હતા અને હાલમાં મનસેનો એક પણ વિધાનસભ્ય અથવા નગરસેવક નથી તેમ છતાં રાજ ઠાકરે હંમેશા તેની સભામાં ખેંચી આવે છે અને તેનું ભાષણ સાંભળવા લોકો આવે છે તેમ જ તાળીઓથી બિરદાવે છે. બીજી બાજુ મહારાષ્ટ્ર સરકારે હાલમાં જ વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ નું સુરક્ષાકવચ ઓછું કર્યું છે જેમાં રાજ ઠાકરેનો પણ સમાવેશ થાય છે આ પહેલાની સરકારે પણ રાષ્ટ્રની સુરક્ષા માં ઘટાડો કર્યો હતો ત્યારે પણ મનસેના કાર્યકરો દ્વારા. તેમને સુરક્ષા પુરી પાડવામાં આવી હતી હાલના તબક્કે પણ મહારાષ્ટ્ર સુરક્ષા ૅૈંરક્ષા નામની એક ટીમ મનસેના કાર્યકરોએ તૈયાર કરી છે અને રાજ ઠાકરેને તેમના બંગલા કૃષ્ણકુંજ ઉપરાંત તેઓ જ્યાં પણ જાય ત્યાં ૨૪ કલાક સુરક્ષા પૂરી પાડે છે.

# ઔરંગાબાદમાં ક્વોરેન્ટાઈન સેન્ટરમાં રાખવામાં આવેલા એક કરોડ રૂપિયાનો સામાન ગાયબ ?



ચક્રવાત ટીમ, મુબઈ,૧૨

ઔરંગાબાદના ક્વોરેન્ટાઈન સેન્ટરમાં નાગરિકોની સુવિધા માટે રાખવામાં આવેલ એક કરોડ રૂપિયાનો સામાન ગાયબ થયાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ક્વેરેન્ટાઈન સેન્ટરમાંથી ટીવી, ફ્રીજ, રેડિયો અને અન્ય વસ્તુઓ ગાયબ થઈ ગઈ છે. ગુમ થયેલ વસ્તુઓમાં ફ્રિજ, ટીવી, કમ્પ્યુટર, પંખો સામેલ છે. કોરોનાની મહામારી દરમિયાન રાજ્યભરમાં વિવિધ સ્થળોએ ક્વોરેન્ટાઈન સેન્ટર બનાવવામાં આવ્યા હતા. ઔરંગાબાદમાં પણ સ્થાનિક સ્તરે કોરોનાને ડામવા માટે વિવિધ પગલા લેવામાં આવ્યા હતા. આ સમય દરમિયાન શહેરમાં વિવિધ સ્થળોએ ક્વોરેન્ટાઈન સેન્ટરો બનાવવામાં આવ્યા હતા. શાળાઓ, કોલેજો, સાર્વજનિક મકાનોને ખાલી કરવામા આવ્યા હતા અને નાગરિકોને ત્યાં કોરોનાના શંકાસ્પદ દરદીઓને ત્યાં રાખવામા આવ્યા હતા. ઔરંગાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ક્વોરેન્ટાઈન સેન્ટરોમા ટીવી, ફ્રિજ, રેડિયો, ગાદલું, ઓશીકું જેવી બધી વસ્તુઓ પુરી પાડવામાં આવી હતી જેથી નાગરિકોને કોઈ તકલીફ ન પડે. કોરોનાની મહામારી હવે મોટા પ્રમાણમાં નિયંત્રણમાં છે. કોરોનાવાયરસની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. પરિણામે, શહેરમાં મોટાભાગના ક્વોરેન્ટાઈન સેન્ટર હવે ખાલી છે. તે સમયે કેટલાક વિદ્યાર્થીઓના હોસ્ટેલમા કોરોનાના શંકાસ્પદ લોકોને પણ રાખવામાં આવ્યા હતા. આમાંથી એક હોસ્ટેલમાં એક કરોડનો સામાન ગુમ થયો છે. આ છાત્રાલયને પૂરા પાડવામાં આવેલ ટીવી, ફ્રિજ, રેડિયો, ગાદલું, ઓશિકા જેવી દરેક વસ્તુ ગુમ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યુ છે. આ હોસ્ટેલમાં કુલ ૪,૦૦૦ ગાદલા, ૪,૦૦૦ કીટ, ૮,૦૦૦ બેડશીટ, ૧૦ ટીવી, ૬ ફ્રીજ, ૬ કમ્પ્યુટર અને ૮૬ પંખા ગુમ થયા છે. આ સામગ્રી ઔરંગાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવી હતી. જો કે, તે પાલિકા મુખ્ય મથક પરત કરવામાં આવ્યું ન હતું. આ માલની કિંમત આશરે એક કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. દરમિયાન આટલા મોટા પ્રમાણમાં માલ ગાયબ થતાં હોબાળો મચી ગયો છે. આ માલ મહાનગરપાલિકાનો હોવાથી વહીવટી તંત્ર પર ગંભીર સમસ્યાઓ ઉભી થઈ છે. ગુમ થયેલ સામાન બરાબર ક્યાં ગયો ?, એવો સવાલ પૂછવામાં આવી રહ્યો છે.

# પાટડીના ઝીંઝુવાડા ખાતે બેઠક યોજાઈ



ચક્રવાત ટીમ, પાટડી, ૧૨

આજે ઝીંઝુવાડા ખાતે ઝીંઝુવાડા જિલ્લા પંચાયત બેઠક ના જનમિત્ર,બુથ સમિતિ અને પેજ પ્રભારીની કામગીરી અંતર્ગત બેઠક યોજવામાં આવી હતી. જેમાં તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ લાલભાઈ પટેલ, કોંગ્રેસ પાર્ટી વરિષ્ઠ આગેવાન વિક્રમ રબારી, જિલ્લા પંચાયત બેઠકના સંયોજક જયંતીભાઈ રાઠોડ તાલુકા પંચાયતના સન્માનીય સદસ્યો, શ્રીફારક ખાન મલિક, ગનીભાઈ ઠાકોર ઓબીસી ડિપાર્ટમેન્ટના બન્ને માહામંત્રી ગોવિંદજી ઠાકોર અને દિનેશભાઈ રથવી ઉપસ્થિત રહ્યા, સ્થાનિક અગ્રણીમાં કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ આગેવાન કે.એસ. ઝાલા, મેતુભા ઝાલા, ગામના સરપંચ બીપીન સિંહ ઝાલા, પૂર્વ વિરોધ પક્ષના નેતા જયવીર સિંહ ઝાલા, ધામા સરપંચ રણછોડભાઈ ઠાકોર, ગોવુભા ઝાલા અને અનેક કોંગ્રેસ પાર્ટીના સંનિષ્ઠ આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા અને આવનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પાર્ટી દ્વારા જે પણ ઉમેદવારને ટિકિટ આપશે તેને સ્પષ્ટ બહુમતીથી જીતાડવા માટે સંકલ્પ કરવામાં આવ્યું. બેઠકનું સફળ આયોજન જયવિરસિંહ ઝાલા, પૂર્વ નેતા વિપક્ષ તાલુકા પંચાયત પાટડી ) દ્વારા કરવામાં આવ્યું.

# મુખ્યમંત્રી સાથે યુવા સંવાદ કાર્યક્રમ અંતર્ગત વિડીઓ કોન્ફરન્સ દ્વારા પોરબંદરના ૨૫ યુવાનો જોડાયા



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૨

યુવા સંવાદ કાર્યઁક્મ અંતર્ગત મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની વિડીઓ કોન્ફરન્સમાં પોરબંદર શહેર તથા તાલુકાના વિવિધ ક્ષેત્રોના ૨૫ પ્રભાવી યુવાનો જિલ્લા સેવા સદન -૧ ખાતે ઉપસ્થિત રહી વિડીઓ કોન્ફરન્સમાં જોડાયા હતા. આ તકે યુકેથી પોતાની કારકિર્દી છોડીને ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા પોરબંદરના બેરણ ગામના ઓર્ગેનિક ખેતી કરતાં રામદેભાઈ ખૂંટી તથા તેમના પત્ની ભારતીબેન ખૂંટીનું ગુજરાત રાજ્ય યુવા બોર્ડ પોરબંદર જિલ્લાના સહવાલી બલરાજભાઈ પાડલીયાના હસ્તે પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુજરાત રાજ્ય યુવા બોર્ડ પોરબંદર જિલ્લાનાં સંયોજક મહેશભાઈ ગઢવી, નગર સંયોજક હિતેશભાઈ દાસાણી તથા રાહુલભાઈ રાજાણીએ જહેમત ઉઠાવી હતી.

# પીએચ.ડી.ની પદવી મેળવી



ચક્રવાત ટીમ, પાટડી, ૧૨

શ્રી રાજપર પે. સે. શાળા, તા. પાટડી, જી. સુરેન્દ્રનગરના મદદનિશ શિક્ષક દિંગત લ. દવે એ શ્રીમતિ એમ. એમ. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, વઢવાણના આસિ. પ્રો. ડો. હિતેષભાઈ એમ. સોલંકીના માર્ગદર્શન હેઠળ, ‘સૌરાષ્ટ્ર વિસ્તારની પ્રાથમિક શાળાઓના ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના કાર્ય સંતોષ અને માનસિક તણાવનો અભ્યાસ’ વિષય પર પીએચ.ડી. મહાશોધ નિબંધ રજુ કરતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા તેમના આ સંશોધન કાર્યને માન્ય રાખી તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરેલ છે. તેઓ મે-૨૦૨૦માં શિક્ષણ શાસ્ત્ર વિષયમાં જીએસઈટિ પરીક્ષામાં પણ ઉત્તીર્ણ થયેલ છે. આ બદલ શાળાના આચાર્ય તથા સ્ટાફગણ તરફથી ડો. દિગંત લ. દવેને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવે છે.

# ગોરેગામમાં ગેરકાયદે એલપીજી ગેસ સિલિન્ડર કરનાર આરોપીની ધરપકડ



ચક્રવાત ટીમ મુંબઈ તારીખ ૧૨

ગેરકાયદે રીતે એલપીજી ગેસ સિલિન્ડરમાં લિક્વિડ ગેસ ભરી લોકોની જિંદગી જોખમમાં મૂકનાર આરોપીની પોલીસે ધરપકડ કરી બે કિલો પાંચ કિલો ૧૪.૫ કિલો અને ૧૯ કિલોગ્રામના સિલિન્ડર મળે કુલ બે લાખ ૨૫ હજાર રૂપિયાની મતા જપ્ત કરી હતી.

પોલીસને માહિતી મળી હતી કે લતીફ કાદિર નામનો વ્યક્તિ ગોરેગામ મોતીલાલ નગર ના પ્લોટ નંબર ૩૦ માં ગેરકાયદે રીતે એલપીજી ગેસ સિલિન્ડર ભરી રહ્યો છે આથી પોલીસે તેની ટીમ સાથે અહીં રેડ કરી અને બે કિલો પાંચ કિલો૧૪.૫ કિલો અને ૧૯ કિલો ના સિલિન્ડર તેમજ એલપીજી ગેસ લિક્વિડ પણ જપ્ત કર્યું હતું. જપ્ત કરાયેલી મલમત્તાની કુલ કિંમત ૨૨૫૦૦૦ થવા પામે છે.

તંત્રીસ્થાનેથી......

# વૉટ્સઍપની નવી પૉલિસી ખતરાની ઘંટડી સમાન, જાણો શું છે નવા ફેરફાર?

ઈન્સ્ટન્ટ મૅસેજિંગ ઍપ વૉટ્સઍપ ભારતમાં તેના યુઝરો માટે પોતાની પ્રાઈવસી પૉલિસી અને શરતોમાં ફેરફાર કરી રહ્યું છે. વૉટ્સઍપે પ્રાઈવસી પૉલિસી અને ટર્મ્સમાં ફેરફારની સૂચના ઍન્ડ્રોઈડ અને આઈઓએસ યુઝરોને નૉટિફિકેશન દ્વારા આપી હતી. આ નૉટિફિકેશનમાં સ્પષ્ટ જણાવાયું છે કે જો નવી અપડેટને આઠ ફેબ્રુઆરી, ૨૦૨૧ સુધી નહીં સ્વીકારો તો વૉટ્સઍપ ઍકાઉન્ટ ડિલિટ કરી દેવાશે. એટલે કે પ્રાઈવસીના નવા નિયમો અને નવી શરતોને મંજૂરી આપ્યા વગર આઠ ફેબ્રુઆરી બાદ આપ વૉટ્સઍપનો ઉપયોગ નહીં કરી શકો.જેમા વૉટ્સઍપ બળજબરીપૂર્વક આ સંમતિ લઈ રહ્યું હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે અને તેમના મત પ્રમાણે યુઝરોએ પણ આ વાતથી ચિંતિત થવું જોઈએ. અગાઉની પ્રાઈવસી પૉલિસીમાં કહેવાયું હતું કે, ''તમારી પ્રાઈવસીનું સન્માન કરવું એ અમારા ડીએનએમાં છે. અમે વૉટ્સઍપ બનાવ્યું છે, ત્યારથી અમારું લક્ષ્ય છે કે અમે પ્રાઈવસીના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને પોતાની સેવાઓનો વિસ્તાર કરીએ...'' જે બાદ ૪ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ અપડેટ કરાયેલી નવી પ્રાઈવસી પૉલિસીમાં 'પ્રાઈવસીના સન્માન' પર ભાર આપતા આ શબ્દ ગાયબ થઈ ગયા છે. નવી પૉલિસી કંઈક આ પ્રકારે છે. - અમારી પ્રાઈવસી પૉલિસીથી અમને ડેટા પ્રૅક્ટિસ સમજાવવામાં મદદ મળે છે. પ ોતાની પ્રાઈવસી પ ૉલિસી હેઠળ અમે જણાવી છીએ કે અમે આપની પાસેથી કઈ જાણકારીઓ ભેગી કરીએ છીએ અને તેની તમારા પર શી અસર પડે છે.'' હવે વૉટ્સઍપે નવી પ્રાઈવસી પૉલિસીમાં ફેસબુક અને તેની સાથે જોડાયેલી કંપનીઓ સાથે પોતાના યુઝરોનો ડેટા શૅર કરવાની વાતનો સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો છે. વૉટ્સઍપ પોતના યુઝરનો ઈન્ટરનેટ પ્રોટોકૉલ ઍડ્રસ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ કે અન્ય કોઈ થર્ડ પાર્ટીને આપી શકે છે. વૉટ્સઍપ હવે તમારા ડિવાઈસથી બૅટરીલેવલ, સિગ્નલ સ્ટ્રેન્થ, ઍપ વર્ઝન, બ્રાઉઝર સાથે જોડાયેલી જાણકારીઓ, ભાષા, ટાઈમ ઝોન, ફોન નંબર, મોબાઈલ અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર કંપની જેવી જાણકારીઓ એકઠી કરશે. જૂની પ્રાઈવસી પૉલિસીમાં આ વાતનો ઉલ્લેખ નહોતો. જો આપ આપના મોબાઈલમાંથી માત્ર વૉટ્સઍપ ડિલિટ કરો છો અને 'માય ઍકાઉન્ટ' સેક્શનમાં જઈને 'ઈન-ઍપ ડિલિટ'નો વિકલ્પ પસંદ ન કરો તો તમારો સંપૂર્ણ ડેટા વૉટ્સઍપ પાસે જ રહી જશે. એટલે કે ફોનમાંથી માત્ર વૉટ્સઍપ ડિલિટ કરવું જ પૂરતું નહીં હોય. નવી પ્રાઈવસી પૉલિસીમાં વૉટ્સઍપે સ્પષ્ટ કહ્યું છે કે તેમનું મુખ્યાલય અને ડેટા સેન્ટર અમેરિકામાં હોવાના કારણે જરૂર પડ્યે યુઝરની તમામ ખાનગી જાણકારી ત્યાં ટ્રાન્સફર કરી શકાશે. માત્ર અમેરિકામાં જ નહીં પરંતુ જે દેશોમા વૉટ્સઍપ અને ફેસબુકની ઑફિસો છે, લોકોનો ડેટા ત્યાં મોકલી શકાય છે. નવી પૉલિસી પ્રમાણે ભલે તમે વૉટ્સઍપના લૉકેશન ફીચરનો ઉપયોગ ન કરો, તમારા આઈપી ઍડ્રસ, ફોન નંબર, દેશ અને શહેરની જાણકારી વૉટ્સઍપ પાસે રહેશે. જો આપ વૉટ્સઍપનું બિઝનેસ ઍકાઉન્ટ વાપરો છો તો તમારી જાણકારી ફેસબુક સહિત એ બિઝનેસ સાથે જોડાયેલા અન્ય પક્ષો સુધી પહોંચી શકે છે. વૉટ્સઍપે ભારતમાં પૅમેન્ટ સેવા શરૂ કરી દીધી છે અને આવી પરિસ્થિતિમાં જો આપ તેના પૅમેન્ટ ફીચરનો ઉપયોગ કરો છો તો વૉટ્સઍપ તમારી વધુ માહિતી એકઠી કરશે.

યાકુબ બાદી
તંત્રી

## પ્રકરણ ૩૯

'Krossing ગર્લ'
રવિ વિરપરીયા

''વાતો કરવાથી કંઈ નહીં વળે.

દેખાવો, પ્રદર્શન, આંદોલન, મૌન રેલી, વૉટ ધ ફક મેન ?

શું છે આ બધું ? ઢોંગ છે રીતરસ ઢોગ.

એમની ચામડી જાડી છે અને કાન બહેરા છે. જ્યાં સુધી ત્રાડ નહીં પાડો કે ધારદાર ચાકુથી વાર નહીં કરો ત્યાં સુધી તેમને કશો ફર્ક નહીં પડે. દેશભરમાં જેટલા આંદોલનો થયા શું પરિણામ આવ્યું ? દરેક બાબતમાં અંતે ભોગવવાનું તો આમ જનતાએ જ છે. દેશમાં એકેય નેતાને ભ્રષ્ટાચાર, ખૂન કે બળાતકારના કેસમાં ફાંસીની સજા થઈ હોય તો કહો. એવો એક પણ દાખલો બતાવો. જે નેતા કરપ્શન સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલો ના હોય ? કોઈ ઉદ્યોગપતિ કે વેપારી કે સંગઠનો રાજનૈતિક પાર્ટીઓને એમ જ ચૂંટણી ફંડ આપતા હશે ?

વી આર સ્ટુન્ડટસ્, વી આર ફ્યુચર ઓફ ધીસ કન્ટ્રી. દેશને બહેતર બનાવો હશે તો આપણે જ પ્રયત્ન કરવા પડશે. ચાલે છે ચાલવા દો ને ? જો આવું જ ચાલુ રહ્યુ તો દેશને કોઈ બચાવી નહીં શકે. ઓર્ગનાઈઝ વ્હાઈટ ક્રાઈમનું તંત્ર દેશની સરકારને સમાંતર આકાર લઈ રહ્યું છે. આ તંત્ર એ હદે પોતાની જાળ મજબૂત કરી રહ્યું છે કે આવનાર દિવસોમાં દેશને ઉધઈને જેમ કોરીને ખાઈ જશે.

બહારથી તો બધું ઠીકઠાક દેખાય છે. કોઈ પ્રોબ્લેમ નથી લાગતો. પરન્તુ અંદરની વ્યવસ્થાઓ તૂટી રહી છે. સરકારની ફરજ છે સારું શિક્ષણ, જરૂરી આરોગ્ય સેવાઓ અને પીવાનું ચોખ્ખું પાણી જેવી પાયાની જરૂરીયાતો અને સવલતો પુરી પાડવાની ? આઝાદીના આટલા વર્ષો પછી દેશના એકપણ રાજ્યના એક પણ જીલ્લા એકપણ તાલુકામાં આ બધી સુવિધાઓ પુરતાં પ્રમાણમાં ઉપલબ્ધ હોય તો બતાવો. વિજ્ઞાન અને ટૅકનૉલૉજી આટલા આગળ વધી ગયા છે હવે કોઈ બહાના બાજીના ચાલે. તમારે નિયત સાફ રાખવી પડશે. નહીં રાખો તો હવે અમે મેદાને પડીને એ કેમ સાફ રાખવી એ શીખવાડીશું.

હું ફ્રિડમ બૉક્સમાં આવ્યો ત્યારે જોયું કે જતીન ચોક્કસીએ સર્જેલું આ 'ફ્રીડમ બોક્સ' એના નામને સંપ ૂર્ણપણે સાર્થક કરે છે. આ આઈડિયા જનરેશનના સપનાઓનું ઉછેરકેન્દ્ર છે. કલાના પ્રખ્યાત સર્જકો અને પારખુઓને એક જગ્યાએ એકઠા કરવા, દુનિયાની શ્રેષ્ઠ આર્ટ, કલા કે સંગીતને લોકો સામે યોગ્ય રજુ કરવા આ કામ બહુ મહેનત અને ચીવટ માંગી લે છે. મને આંનદ થયો કલાના કુંભમેળામાં તમારી સહુ સામે રજૂ થવાની મને તક મળી છે. આપણા ભવિષ્યને બહેતર બનાવવું હું તો કહીશ દેશના દરેક શહેરમાં આવી જગ્યાઓ હોવી જોઈએ. પણ આવું સાહસ કોણ કરશે ?

ઈન્ડિયામાં ઈન્વેસ્ટરોમાં ધીરજ નથી. તેને ટૂંકાગાળામાં માલમાલ થઈ જવું છે. દેશમાં પોલીસ કે સરકારી ઓફિસર કરતાં વ્હાઈટ ક્રિમિનલ બનવામાં વધુ મજા છે. વગર કોઈ જવાબદારીએ સમાજમાં પ્રતિષ્ઠા મેળવીને જલસા વાળી લાઈફ જીવી શકો. જરૂરી નથી બેક લૂંટો, મકાનમાં હીરા, ઝવેરતા કે પૈસાની ચોરી કરો. 'તારું મારું સહીયારું' કરીને જે ચોરી ચાદરી છે. મારો વિરોધ તેની સામે છે. તેમાં કોઈ કોઈની સામે નહીં બોલે. આવ ભાઈ આપણે બે'ય સરખાં. આ ભાગીદારી ખતરનાક રીતે આગળ વધી રહી છે. વિરોધ નામનો જીન્સ દેશના રંગસૂત્રોમાંથી ગાયબ થઈ રહ્યો છે. ઉશ્કેરાઈને ટોળાનો ભાગ બનો. પ્રસિદ્ધી માટે, દેખાવ માટે કે કરવો પડે એ માટે વિરોધ કરો એ વિરોધ ના કહેવાય.

હું ગગન મોદી. આપ સહુને મિડીયા દ્વારા મારો થોડો ઘણો પરિચય તો હશે જ. 'આઈડીયલ સ્ટુડન્ટ એક્ટિવિટી' જીછ નામનું એક યુથ ઓર્ગનાઈજેશન ચલાવું છું. આ બીજા જેવુ નથી. ખાલી ખોટી સહાનુભૂતિ વિરોધ કે ફંડ મેળવી રુપીયાવાળું થઈ જવું. તમે તરત જ આના સભ્ય પણ બની શકતાં નથી. હવે જ્યારે અમે એક નક્કર આયોજનની કરી દેશના સોનેરી ભવિષ્ય માટે મેદાને પડવાના છીએ ત્યારે તમારો સાથ અને સહયોગ માંગવા માટે આવ્યો છું.

દેશમાં જ્યાં સુધી કાયદાની છટકબારીઓ બંધ કરી તેનો કડક અમલ નહીં થાય, લોકો પોતાના દ્વારા અપાતા ટૅક્સના પૈસાનો સુવિધા રૂપે હિસાબ માંગતા નહીં થાય અને ધર્મના નામે દેશના લોકોને લૂંટવાનું બંધ નહીં થાય ત્યાં સુધી દેશમાં કોઈ પરિવર્તન શક્ય નથી. આ સમસ્યાઓના કાયમી હલની નક્કર કામગીરી માટેનો એકશન પ્લાન તૈયાર છે. અમને દેશના ઘણાં બુદ્ધિજીવીઓ એ જાહેરમાં ટેકો આપ્યો છે. પોતાનાથી બનતી બધી મદદ કરવાની ખાત્રી આપી છે. અમારે કશું છુપાવવું નથી. બધું જાહેરમાં છડેચોક કરવાના છીએ. કોઈ નેતાને જે ઉખાડવું હે ઉખાડી લે." આ શબ્દોને સાંભળી રહેલા યુવાનોએ સિટીમાર તાળીઓ અને હાકલા-પડકારા થી વધાવી લીધા.

"સત્તા, પૈસા અને પ ાવરના મદમાં છાકટા થયેલા આ વ્હાઈટ ક્રિમિનલ કંઈ નહીં કરી શકે. ગુંડાગીરી દ્વારા લોકોના મનમાં પોતાની પહોંચ ક્યા સુધી છે એનો ડર બતાવશે. યાદ રાખજો પબ્લિકથી મોટો ગુંડો કોઈ નથી. જાહેરમાં ક્યારેક આવા તત્વોને એક લાફો મારજો. 'તને જોઈ લઈશ' ની પ ોકળ ધમકી આપવા સિવાય એમનાથી આગળ નહીં વધાય. વધુ પડતું કંઈ કરશે તો તેની દુકાન બંધ થઈ જવાની એને બીક લાગશે. અમે જે મુદ્દાઓ વિચાર્યા છે. તે આપની સમક્ષ મૂકું છું. તમને કશુંક ઉમેરવા જેવું લાગતો સૂચન કરજો. તેના પર ચર્ચા વિચારણા કરી એકશન લઈશું. મને ખબર છે. લોકો જ્યાં સુધી અંગત દુર્ઘટનામાં પોતાનું કોઈ સ્વજન ના ગુમાવે લાગે ત્યાં સુધી પરિવર્તન માટે તૈયાર કરવા ખૂબ અઘરા છે.

ફર્સ્ટ પોઈન્ટ ...દેશની લોકસભા, રાજયસભા, રાજયોની વિધાનસભા કે પછી જિલ્લા તાલુકા સ્તરના કોઈપણ હોદ્દા માટે એકઝામ ફરજિયાત બનાવવામાં આવે.

આ એકઝામોમાં એજ્યુકેશન લાયકાત જરૂરી નથી. પણ દેશના રાજકારણ, ઈતિહાસ, ભૂગોળ, સંસ્કૃ ત, વિજ્ઞાન, ટૅકનૉલૉજી, સાહિત્ય, કલા, વાસ્તવિક જીવનની જરૂરીયાતો અને પ્રશ્નો સ્થાનિક માહોલ આ બધાની પ્રાથમિક સમજ હોવી જરૂરી છે.

સેકન્ડ પોઈન્ટ....ભ્રષ્ટ્રાચાર અને બળાત્કાર કેસમાં વધુમાં વધુ છ મહિનામાં ચુકાદો. બળાત્કાર કેસમાં ફાંસીની સજા, કોઈ અધિકારી કે નેતા પર ભ્રષ્ટ્રાચારનો આરોપ સાબિત થાય તો તેમની તમામ સંપત્તિ જપ્ત અને આજીવન ચૂંટણી પણ પર પ્રતિબંધ.

આ બે ઉદાહરણ આપી તમને સમજાવ્યું. આવા તો ઘણા મુદાઓનું લિસ્ટ છે. અલબત્ત, આપ ણા વિશાળ દેશની વિવિધતા જોતાં તેના સ્થાનિક પરિબળોને ધ્યાનમાં રાખી અમુક પરિવર્તન કે છૂટછાટ આપવાની હોય.

આવતા મહિનેથી ISA એક અભિયાન શરું કરવા જઈ રહ્યું છે. ધ્યાનથી સાંભળજો, દરેક ગામમાં આટલા વર્ષોમાં સરકારે ફાળવેલા રૂપિ યા અને તેનો થયેલો વિકાસ, અમે સરકારી આંકડાની માહિતી સહીત લોકો સામે મુકીશું. આવી રીતે જ દેશના દરેક મંત્રાલય અને વિભાગનો પણ આવો ઓફીશીયલ રેકોર્ડ લોકો સામે મૂકીશું. સરકારી હોસ્પિટલો, શાળાઓ કચેરીઓમાં જઈને લોકોને તેના દ્વારા અપાતી સુવિધાઓ વિશે જાણીશું, તેમની કામગીરીની સમીક્ષા કરીશું અને તમને જણાવીશું સરકાર કહે છે તેવું જ બધુ ફૂલ ગુલાબી છે કે નહીં ?

ખબર છે. વિરોધ થશે, સાથ સહકાર ઓછો મળશે પણ વાસ્તવિક મુદ્દાઓ સાથે પોતાના હક્ક માટે જંગે નહીં ચડીએ ત્યાં સુધી પરિવર્તન શક્ય નથી. લોકો એમ માનીને ચાલે છે. આટલું મળે છે ઘણું છે ? બીજાને તો એ પણ નથી મળતું ? કોઈપણ સરકાર આ બધું આપ ીને આપણા પર ઉપકાર નથી કરતી. પ રંતુ આટલું જ શું કામ ? તમારા ટૅક્સના પૈસા છે. મૂળભૂત સુવિધાઓ મેળવવાનો તમને હક છે. તો એ માટે શરમ શાની ? શું પોતાના અધિકારો માટે પણ લડાઈ ના લડી શકાય ? કોઈ અધિકારી સવારે ૧૦ને બદલે ૧૧ વાગ્યે આવે તો તેને મોડા આવવાનું કારણ ના પૂછી શકાય ? સરકાર પૂરતો પગાર આપે છે પછી કામચોરી શાની ?

આખા દેશમાં શરુ થનારું આ મહાઅભિયાનનું કૅમેરામાં રેકોર્ડિંગ થશે. સરકારના દરેક અધિકારીને પોતાની કામગીરી સાથે જોડાયેલા સવાલોના જવાબ આપવા પડશે. જો ઉપરથી દબાણ હોય તો તે ઉપલા અધિકારીના દબાણોના પરાક્રમો અમે લોકો સામે લાવીશું. ખબર છે. દરેક જગ્યાએ સીધી આંગળીએ ઘી નહીં નીકળે. જરૂર પડે સામ, દામ, દંડ, ભેદ, બધી રણનીતિ અપાનાવીશુ ?

તો તમે બધા સાથ આપશો ને ?

લગભગ બધાયે યો....હા, કહીને સપોર્ટ કર્યો હું પણ હાથ ઊંચો કરવા જતો હતો ત્યાં સાગરે મને અટકાવ્યો. હાજર રહેલા લોકોમાં અંદરોઅંદર ચર્ચા શરૂ થઈ. ગગન મોદીની વાતની ખરાઈ માટે તર્કો કામે લાગ્યા. કેટલાય ચહેરાઓ સવાલોના ભાવથી ઘેરાવા લાગ્યા.

"એની શું ખાતરી કે તમે પણ બીજા આંદોલનકારીઓની જેમ છેલ્લે સરકારના દબાણ સામે ઝુકી નહીં જાવ'' એક યુવાને સવાલ પૂછયો.

વેલ કન્વેશન ડિયર, તમે જ્યારે આવા સંવેદનશીલ મુદ્દે સપોર્ટ કરતાં હોય ત્યારે આવા સવાલો થવા જોઈએ. હું સરકારના દબાણ સામે ક્યારેય નહીં ઝૂકું. મારી પાસે ગુમાવવા જેવું કશું નથી. જ્યારે પણ તમને લાગે મે તમારો વિશ્વસ ઘાત કર્યો છે. મને જાહેરમાં ફાંસીએ લટકાવી દેજો. હું મારી પાછળ એવું સ્ટેટમેન્ટ મૂકતો જઈશ કે મને ફાંસીએ લટકાવનાર ને કોઈ સજા ના થાય. એનું જાહેરમાં સન્માન થાય. દોસ્ત આ અંદરની આગ છે. એટલા જખમ, અન્યાય અને વેદના મળી છે ને એની શાંતિ માટે બે જ રસ્તા છે. કાં તો ન્યાય કાં તો મૃત્યુ." બધાએ તાલીઓના ગડગડાટથી ગગન મોદીની વાતને વધાવી લીધી.

''આટલી બધી અપેક્ષા કે વિરોધ સરકાર સામે શું કામ ? નાગરિક તરીકે આપણે પણ સ્વાર્થી જ છીએ. પ્રથમ આપ ણે કાયદા અને નિયમોનું પાલન કરીએ એ આપણી ફરજ બને છે.''બીજો પ્રશ્ન થયો.

"એકદમ સાચું, તમે જ્યારે આ અભિયાનમાં જોડાશો ત્યારે તમારી પાસેથી પણ કેટલાક વાયદાઓ નિભાવવાની શપથ લેવડાવામાં આવશે. જે તમે તોડશો તો તમારે પોતાના પર કેસ કરવા સામેથી પોલીસ સ્ટૅશનમાં જવું પ ડેશે.

મને ખબર છે. તમારા મનમાં અનેક પ્રશ્નો કે શંકાઓ છે. કારણ તમારી સાથે આંદોલનોનાં અનેક વખત થયેલો વિશ્વાસઘાત છે. પણ મારે દેશ માટે લડવું છે. મે લેખિતમાં આપ્યું છે. જે દિવસે રાજકારણ જોઈન કરું તે દિવસે મને વિશ્વાસઘાતના ગુના માટે જાહેર જનતાને સોંપી દેવામાં આવે. આથી વિશેષ કશી બાંહેધરી આપી શકું એમ નથી." ગગને ગગનભેદી અવાજે કહયું.

''વાહ ! શું જીગર છે આનું ? દેશને આવા જ નવયુવાનોની જરૂર છે. સાલા બધા નામરદ જેવા થઈ ગયા છે. દેશમાં આટઆટલી સમસ્યાઓ છે. કોઈના પ ેટનું પાણી નથી હલતું. એક મરદનો ફાડીયો નીકળ્યો જાહેરમાં પડકાર ફેંકવાવાળો. ટોળામાંથી અવાજ આવ્યો. અંદરોઅંદર ચર્ચાનું ધમાસાણ મચ્યું હતું.

''સાગર તે કેમ સપોર્ટ કરવાની ના પ ાડી ?''તે રીયલમાં ખરેખર કશુંક કરી શકે તેવું લાગ્યું મને''મેં પૂછ્યું.

(ક્રમશઃ)

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૩-૦૧-૨૦૨૧, બુધવાર, માગશર વદ-અમાસ, સૂર્યોદય-૭-૩૦, સૂર્યાસ્ત-૬-૨૦, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ઉત્તરાષાઢા

**- શુભ ચોઘડીયા -**

૭-૩૦ થી લાભ-અમૃત-૧૦-૧૩ સુધી, ૧૧-૩૪થી શુભ-૧૨-૫૬ સુધી,૧૫-૩૯થી ચલ-લાભ-૧૮-૨૧ સુધી, ૨૦-૦૦ શુભ-અમૃત-ચલ-૨૪-૫૬ સુધી

**- શુભ હોરા-**

૭-૩૦થી ૯-૧૯થી સુધી, ૧૦-૧૩થી ૧૧-૦૭ સુધી, ૧૨-૫૬થી ૧૫-૩૯ સુધી, ૧૬-૩૩ થી ૧૭-૨૭ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ (અ.લ.ઈ.) :- દિવસ દરમ્યાન કર્મચારી વર્ગનો સહકાર રહેશે સગાઇ કે લગ્નના કાર્યમાં સફળતા રહે.

» વૃષભ (બ.વ.ઉ.) :- સમાજમાં પ્રતિષ્ઠા વધવાની સપરિવાર પ્રવાસનુ આયોજન થાય. નોકરીમાં અનુકુળતા વધવાની.

» મિથુન (ક.છ.ઘ.) :- ભાઈ બહેનો સાથે વ્યવસાય બાબત ચર્ચા થાય મિલ્કતની વેચાણ બાબત ઉતાવળ ન કરવી.

» કર્ક (ડ.હ.) :- સગાઇ કે લગ્નના કાર્યમાં અનુકુળતા રહેવાની સંતાનોની પ્રગતિ ગુસ્સાને કાબુમાં રાખજો

» સિંહ (મ.ટ.) :- ભાગીદારોને સહકાર દેજો ખર્ચ ઉપર કાબુ જરૂરી ભાઇ-બહેનો સાથે મતભેદો ટાળવા

» કન્યા (પ.ઠ.ણ.) :- વિદેશ જવાની તક મલે. નોકરીમાં બદલીના ચાન્સ શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે.

» તુલા (ર.ત.) :- વડીલો પાર્જીત જલીન મકાનના કાર્યોમાં ઉતાવળ ન કરવી આત્મવિશ્વાસ જાળવી રાખજો રોમાન્સમાં સફળતા મલવાની.

» વૃશ્ચિક (ન.ય.) :- પરિવારના સભ્યોની જરૂરીયાતોમાં વધારો થવાનો આવક વધારવા વધુ મહેનત કરવી પડશે. રાજકીય લાભ મલવાનો.

» ધન (ભ.ધ.ફ.ઢ.) :- માનસિક તનાવનો સામનો રહેવાનો નજીકમાં વ્યકિતઓ સાથે દલીલબાજીથી દૂર રહેજો નોકરીમાં લાભ રેહવાનો.

» મકર (ખ.જ.) :- વ્યવસાયમાં સફળતા માટે કોમ્યુનિકશન તરફ ધ્યાન આપ જો બીજાની સલામથી જાળવજો ધાર્મિક કાર્યમાં સફળતા

» કુંભ (ગ.શ.સ.) :- જુના કર્જના પ્રશ્નો ઉપર ધ્યાન દેવાથી સફળતા મલવાની મહત્વની વ્યકિતની મુલાકાત થાય. આત્મવિશ્વાસ વધે.

» મીન (દ.ચ.ઝ.) :- વધુ પડતા કાર્યભાર હીતાવહ નથી નોકરીમાં કર્મચારી વર્ગને સહકાર દેજો કોર્ટ કેસના પ્રશ્નોથી દૂર રહેજો.

# સિક્યોરિટી ડિપોઝીટના નામે ગ્રાહકો સાથે છેતરપિંડી (ભાગ-૩)






ચિંતન વૈષ્ણવ
'જાગતે રહો'

**(ગતાંકથી શરૂ)** જો ગ્રાહક વીજ કંપનીની ઓફિસે ગયા વગર પોતાના ઘરે કે અન્ય કોઈપણ જગ્યાએ બેઠાબેઠા ઈન્ટરનેટના મધ્યમથી વીજબિલની રકમ ઓનલાઈન કંપનીના ખાતામાં ટ્રાન્સફર કરી શકતો હોય તો પછી પૈસા પરત દેવા સમયે જૂના મકાનમાલિકના બૅંકખાતામાં કંપની જ ડાયરેક્ટ શા માટે સિક્યોરિટી ડિપોઝીટની જમા રકમ ટ્રાન્સફર ન કરી શકે? આ વિષય પરના મારા અગાઉના લેખમાં વીજકંપનીઓ પર કરેલા આક્ષેપને કારણે વિજકંપનીના કોઈ કર્મચારી મિત્રએ મને પૂરી તપાસ કર્યા વગર લખો નહીં અને અફવાઓ ફેલાવો નહીં એવા મેસેજ પણ કર્યા. એક જ ગ્રાહક નંબર પર એકથી વધુ સિક્યોરિટી ડિપોઝીટની રકમ લેવામાં આવેલી હોય તો પુરાવાઓ પણ માંગ્યા.

હું એમને ખાસ જણાવવા માંગુ છું કે આવા એક નહીં પણ અનેક કિસ્સાઓ છે. પણ તકલીફ એ છે કે આવા કિસ્સાઓ એકપણ વીજકંપનીના એકપણ કોમ્પ્યુટરમાં ખુદ કંપનીના કર્મચારીઓ પણ શોધી શકતા નથી. વિજકંપનીઓની આ મર્યાદા કહો કે ખામી કહો પણ મે કરેલી આર.ટી.આઈ. ની અપીલમાં સુનાવણી સમયે મને જાણવા મળ્યું કે કંપની પાસે એવો કોઈ સૉફ્ટવેર કે સરવૈયું નથી કે જેથી તેઓ એક જ પ્રોપર્ટી પર છેલ્લે જમા લીધેલ સિક્યોરિટી ડિપોઝીટની રકમ સિવાયની અગાઉની લેવામાં આવેલ જમા રકમની માહિતી આપી શકે. આ પણ એક નવાઈની વાત છે.

એમણે મને જણાવ્યુ કે સાહેબ આપ આ પ્રકારની માહિતી માંગો તો અમારે દરેક વર્ષના રજીસ્ટરો લઈને બેસવું પડે અને કેટલીયે કલાકો અને દિવસો શોધીએ ત્યારે આ માહિતી મળે. અમારી પાસે આવી માહિતી તૈયાર સ્વરૂપમાં નથી આથી આપી નહીં શકીએ એવું મને જણાવ્યુ. હકીકતે મારી પાસે પુરાવાઓ માંગનાર વિજકંપનીઓના કર્મચારીઓ પોતે પણ આ બાબતે અજાણ છે કારણકે તેમને જ આ બાબતનું જ્ઞાન નથી. પરંતુ મે મારા શહેર પૂરતી દરેક ગ્રાહકોની સંપૂર્ણ માહિતી આર.ટી.આઈ. મારફતે મેળવેલ છે. જેનો અભ્યાસ કરતાં અને સબરજિસ્ટ્રાર કચેરીમાં તપાસ કરતાં મને જાણવા મળ્યું છે કે હજારોની સંખ્યામાં માત્ર અમારા જુનાગઢ શહેરમાં જ એવા કેટલાય ગ્રાહકો છે કે જેમણે પોતાના મકાનો વેંચી દીધા છે પણ જાણકારીના અભાવે આજદિન સુધી વેંચાયેલા મકાનોની જે-તે વખતે ભરેલી સિક્યોરિટી ડિપોઝીટની રકમ પરત મેળવવા માટે અરજી કરેલ નથી.

અત્રે નોંધનીય છે કે વિજકંપનીઓમાં ઉપલા લેવલે એ.સી. ચેમ્બરોમાં બેસીને મલાઈ ખાનારા અધિકારીઓને ગ્રાઉન્ડ લેવલે કામ કરતાં નાના કર્મચારીઓનું ખૂબ શોષણ થઈ રહ્યું છે તે બાબતની કોઈ ચિંતા હોય એવું જોવા નથી મળતું. ખરેખર શિયાળો, ઉનાળો કે ચોમાસુ જોયા વગર અવિરત વીજ પુરવઠો જાળવી રાખનારા લાઈનમેન અને હેલ્પર પણ વોરિયર્સથી કમ નથી. છાશવારે ઈલેક્ટ્રિલ લાઈન પર કામ કરનારા બિચારા કર્મચારીનું વિજકરંટ લાગતાં મૃત્યુ નિપજયુ હોવાના સમાચારો મળતા રહે છે. કેન્દ્ર અને સરકારે ખરેખર તો આ નાના કર્મયોગીઓ માટે પણ નક્કર અને સંતોષકારક પોલિસી બનાવવાની તાતી જરૂર છે.

અત્રે એ પણ જણાવવા માંગુ છું કે, આ મુદ્દો ઘણો જ ગંભીર છે. પબ્લિકના અબજો રૂપિયા આ કંપનીઓ વગર વ્યાજે વાપરી રહી છે. આર.ટી.આઈ. માં હજુ કેટલીક માહિતીઓ કંપનીએ આપેલ નથી પરંતુ આ બાબતે વિપક્ષે ખરેખર વિધાનસભામાં અવાજ ઉઠાવવો જોઈએ. જે ગ્રાહકના નામે હાલ જે-તે વિસ્તારમાં મીટર કનેક્શન બોલતું ન હોય છૂત્તા તેમની સિક્યોરિટી ડિપોઝીટની રકમ હજુ કંપની પાસે જમા હોય કે પ્રોપર્ટી વેંચાયા બાદ હજૂસુધી સિક્યોરિટી ડિપોઝીટની જમા રકમ પરત લેવા અરજદાર થયા ન હોય તેવા તમામ કિસ્સાઓની નામજોગ માહિતી અને આવી વગર વ્યાજની કંપની પાસે જમા કુલ રકમ માંગવી જોઈએ અને આવા દરેક ગ્રાહકોને એમના પૈસા પરત મળે એ માટેના પ્રયત્નો કરવા જોઈએ.

# કેરલ મોડેલને અનુસરવાની જરૂર

## શાક અને ફળોની લઘુત્તમ કિંમત નક્કી કરી ખેડૂતોને પાયમાલીમાંથી ઉગાર્યા

દેશમાં કોરોના મહામારી બાદ મોંઘવારીએ માઝા મૂકી છે. લોકો મોંઘવારી સહિતના વિવિધ પ્રશ્ને બેહદ પરેશાન થઈ ગયા છે તેમાં પણ ગૃહિણીઓ વધુ પરેશાન છે.... કારણ કે એક તરફ દરેક પ્રકારના કૃષિ ધાનોના ભાવ વધી ગયા છે તો શાકભાજી ફળો વગેરેના ભાવ પણ આસમાને પહોંચી ગયા છે અને તેમાં પણ રાંધણ ગેસના ભાવો વધતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. કેન્દ્ર સરકાર દેશમાં કોરોનાને નાથવા માટે કોરોના વેક્સિન આમ પ્રજાને પહોંચી શકે તે માટે ખાસ પ્રોજેક્ટ બનાવી દરેક પ્રકારનું દરેક સ્તરનું આયોજન કરી દીધેલ છે... જેમાં પ્રથમ તબક્કે કોરોના વોરિયર્સને રસી આપવામાં આવશે ત્યારબાદ ૫૦ ઉપરની ઉંમર ધરાવતા સિનિયર સિટીઝનોને રસી આપવામાં આવનાર છે. પરંતુ સરકાર રસીની કિંમત લેવાની છે કે નહીં તે બાબતે સ્પષ્ટતા કરી નથી... અને આવા સમયે બિહારના મુખ્યમંત્રીએ તથા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ પોતાના રાજ્યના લોકોને કોરોના વેક્સિન મફત આપવાની જાહેરાત કરી દીધી છે. તો દિલ્હીની કેજરીવાલ સરકાર પણ આ લાઈનમાં છે. જ્યારે કેન્દ્ર સરકાર દેશમાં ઉત્પ ાદન થનાર વેક્સિન કિંમત બાબતે કોઈ નિર્ણય કર્યો નથી.....! તેમજ વિદેશથી કોરોના રસી આયાત કરવાનું આયોજન કર્યા છતાં કિંમત નક્કી થઈ શકી નથી છતાં આમ પ્રજાને મોદીજી ઉપર વિશ્વાસ છે કે કોરોના વેક્સિન આમ પ્રજાને મફત આપશે.....!?



દ ે શ મ ાં મોંઘવારી બાબતે સત્તાધારી પક્ષ ન બોલે પ રંતુ વિરોધ પક્ષો મોંઘવારી શબ્દ માત્ર પ્રજા સામે વ ા પ ર ે છે ખરા પરંતુ મોંઘવારીને મુદ્દો બનાવવાથી દૂર રહ્યા છે....! જેના કારણે આમ પ્રજા પણ એવો મત ધરાવતી થઈ ગ ઈ છે કે કોઈપણ પક્ષ સત્તા ઉપર આવે પરંતુ સત્તા મળતા મોંઘવારી શબ્દને વિસરી જવામાં આવે છે.....! ત્યારે પ્રેક્ટીકલ રીતે કેરલ રાજ્ય સરકારે થોડા ત્રણેક મહિના પ હેલા શાકભાજી માટે મોટો નિર્ણય કર્યો અને વિવિધ શાકભાજીના ખેડૂતો માટેના એમએસપી (ભાવો) નક્કી કરી ખેડૂતોને અને આમ પ્રજાને મોટી રાહત આપી છે. પરિણામે પ્રજા અને ખેડૂતોમાં ખુશી ફરી વળી છે. તેમાં શાકભાજી ઉત્પાદન કિંમતથી ૨૦ ટકા વધુ ભાવો રહેશે. તે સાથે ખાવા પીવાની ૨૧ ચીજોની પણ સ્જીઁ કિમતો નક્કી કરી દીધી છે. તે સાથે શાકભાજી માટે ૧૦૦૦ સ્ટોર શરૂ કરી દીધા છે. સરકારે નક્કી કરેલ નીતિ અનુસાર બજારકિંમત ઘટે તો પાકને આધાર બનાવશે. સરકાર ખેડૂતો પાસેથી ખરીદી લેશે તેમજ શાકભાજીને ક્વોલીટી અનુસાર વહેંચવામાં આવશે. શાકભાજીના એમએસપી નક્કી થતા ખેડૂતોને ફળો અને શાકભાજી ઉગાડવા માટે પ્રેરણા મળશે.ઊઊ આ યોજનાને કારણે ૧૫ એકર સુધી માં ખેતી કરનારા ખેડૂતોને ફાયદો થશે. હાલના ભાવ ચાલી રહ્યા છે તે જોઈએ તો પ્રતિ કિલો અનુસાર સુરણ રૂપિયા ૧૨/ કેળા- ૩૦, કારેલા-૩૦, અનાનસ-૧૫, દુધી-૯ કાકડી- ૮, ગવાર- ૩૪,ફણસી-૨૮, ગાજર- ૨૧ શકરીયા-૨૧,તુરીયા- ૧૬,ભીડા-૨૦, ટમાટર-૮,રૂપિયા નક્કી કર્યા છે. એમએસપી નક્કી થતા આમ પ્રજાને પણ મોટો ફાયદો થયો છે વેપાર કરનાર નક્કી કરેલ ભાવથી ૫ કે ૧૦ ટકા સુધીનો નફો લઈ શકે છે જે હાલની સ્થિતિ છે. ત્યારે અન્ય રાજ્યોમાં પણ કિસાનોએ આ રીતે અમલ કરવા માંગ શરૂ કરી છે. ત્યારે રાજ્ય સરકારો કેરલના રસ્તે જવા તૈયાર થશે કે કેમ...?તેવો સવાલ આમ પ્રજામાં પૂછાઈ રહ્યો છે.....!?

# મંત્રાલયમાં શોર્ટ સર્કિટ, વીજ પ્રવાહ બંધ થતા કામમાં વિલંબ : મંત્રીઓની કેબિનમાં પણ અંધારપટ

## બધી સ્વીચો સમયસર બંધ કરવાથી મોટી દુર્ઘટના ટળી



ચક્રવાત ટીમ, મુંબઈ,૧૨

મંત્રાલયમા ફરી એકવાર શોર્ટ સર્કિટની ઘટના બની છે.. જો કે, બધી સ્વીચો સમયસર બંધ કરવાથી મોટી દુર્ઘટના ટળી છે. મંત્રાલયની જૂની એનેક્સ બિલ્ડિંગના ચોથા માળે શોર્ટ સર્કિટ થયુ હતુ.. ટ્રાન્સફોર્મર બળી જવાને કારણે વીજ પુરવઠો કાપી નાખવામાં આવ્યો છે. તો ઘણા મંત્રીઓની કેબિન તેમજ હોલમાં અંધકાર છવાય ગયો છે. લાઈટ બંધ થઈ જવાથી અનેક વિભાગોનું કામ ખોરવાઈ ગયું છે. દરમિયાન, હાલમાં યુદ્ધના સ્તરે સમારકામનું કામ ચાલી રહ્યું છે. આ અગાઉ મંત્રાલયમાં શોર્ટ સર્કિટની ઘટનાઓ બની છે. શોર્ટ સર્કિટને કારણે ૨૦૧૨ માં ભારે આગ લાગી હતી. આ પછી ૩૦ માર્ચ, ૨૦૨૦ ના રોજ વિનાશક આગ લાગી હતી. મંત્રાલય એ મહારાષ્ટ્રની સૌથી મહત્વપૂર્ણ ઈમારત છે. બધા વિભાગ ત્યાં કામ કરે છે. જનપ્રતિનિધિઓ, સામાન્ય લોકોના હિત માટેના કામો ત્યાં કરવામાં આવે છે. જો કે, આવા સ્થળોએ વારંવાર શોર્ટ સર્કિટ થવાની ઘટના ચિંતાનો વિષય છે.

## આઈકોન ઓફ ધી ટાઉન......



અભિનેત્રી સંજના સાંઘી દ્વારા સાડી પહેરી રેમ્પ વોક કરાયુ હતું. ફેશનની દુનિયામાં સંજના આઈકોન તરીકે ઓળખાય છે.

# શિવસેના દર મહિને મેળાવડો યોજી ગુજરાતીઓને આકર્ષશે




ચક્રવાત ટીમ મુંબઈ તા ૧૨

મુંબઈ પાલિકાની ચૂંટણી ૨૦૨૨માં યોજાવાની છે ત્યારે શિવસેનાએ ગુજરાતી મતદારોને પોતાની બાજુ કરવા મેળાવડા યોજવાનું શરૂ કર્યું છે એટલું જ નહિ દર મહિને ઉપનગરમાં કાર્યક્રમો કરી ગુજરાતી અગ્રણીઓને સમાવશે તેમ રાષ્ટ્રીય સંયોજક હેમરાજ શાહ દ્વારા જણાવાયું હતું. તેઓ ગુજરાતી ભવનમાં આયોજિત કાર્યક્રમમાં બોલી રહ્યા હતા જેમાં ૧૧ ગુજરાતી ઉદ્યોગપતિઓ શિવસેનામાં જોડાયા હતા. જોગેશ્વરી લિંક રોડ પરના ગુજરાતી સમાજ ભવનના હોલમા આયોજિત મેળાવડાને સંબોધતા હેમરાજભાઈ શાહે જણાવ્યુ હતુ કે 'મુંબઈમા જલેબી અને ફાફડા ઉધ્ધવ ઠાકરે આપણા'એ સૂત્ર હેઠળ મેળાવડો યોજાયો છે. દર મહિને દરેક ઉપનગરમા મેળાવડો યોજીને ગુજરાતીઓને શિવસેના સાથે જોડવાના પ્રયત્નો કરાશે.કોરોનાની મહામારીના કારણે માત્ર ૧૧ જણને જ પ્રવેશ અપાયો છે. આગામીએ દિવસોમાં મોટી સંખ્યામા ગુજરાતીઓને શિવસેનામાં પ્રવેશ આપવા ભવ્ય મેળાવડાનું આયોજન કરાશે. શિવસેના સર્વભાષી લોકોને સાથે રાખીને ચાલનારી પાર્ટી છે. ૧૯૯૨-૯૩મા દંગલ થયા ત્યારે શિવસેનાએ જ ગુજરાતીઓ -અન્ય ભાષીઓને રક્ષણ આપ્યુ હતુ.મુકેશ પટેલ અને ચંદ્રિકા કેનિયાને રાજ્યસભામાં મોકલ્યા હતા.ભાજપે નોટબંધી,જીએસટી અને બેરોજગારીની ભેટ આપીને મુશ્કેલી સર્જી, ગુજરાતી મતદારોના વિસ્તારમા અન્યને ટિકિટ અપાય છે. આવા ભાજપને જાકારો આપવાનો સાય પાકી ગયો છે.હિન્દુસમ્રાટ બાળાસાહેબ ઠાકરે ગુજરાતમાં તોફાનો વખતે નરેન્દ્ર મોદીની પડખે રહ્યા હતા. એમ પણ હેમરાજ શાહે જણાવ્યુ હતુ.

# માતાએ પુત્રની હત્યા કરી મૃતદેહ કસારા ઘાટ પર દેહ ફેંકી દીધો : મોટા પુત્ર અને માતાની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧૨

એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે જ્યાં એક માતાએ તેના મોટા પુત્ર સાથે મળીને એક નાના પુત્રની હત્યા કરી હતી. આ ચોંકાવનારી ઘટના થાણેમાં બની છે. પોલીસે બંનેની ધરપકડ કરી કોર્ટમા રજૂ કરતા ૧૫ જાન્યુઆરી સુધીના પોલીસ કસ્ટડી સોપી છે. પોલીસના જણાવ્યા મુજબ ૭ જાન્યુઆરીએ મૃતક છોકરાના મોટા ભાઈ શિવાજી આંગલે અને તેની માતાએ તીક્ષ્ણ હથિયારથી નાના પુત્રની હત્યા કરવાની કાવતરું ઘડ્યુ હતુ.. આ પરિવાર થાણેના ચિરાગ નગરમાં રહેતો હતો. હત્યા બાદ તેઓએ મૃતદેહને પ્લાસ્ટિકની થેલીમાં ભરીને પુરાવા નાશ કરવાના ઈરાદે કસરા ઘાટમા ફેકી દેવામા આવ્યો હતો. મહિલાએ પોલીસને ખોટી જાણકારી આપી હતી કે ૯ જાન્યુઆરીએ તેને ફોન આવ્યો હતો કે તેના બાળકની લાશ કસારા ઘાટમાંથી મળી આવી છે. મહિલાએ દાવો કર્યો હતો કે પુત્રના મોબાઈલ પરથી આવેલ ફોન વડે જાણકારી મળી હતી કે તેના પુત્રનું કોહવાય ગયેલ શરીર અને કપડા મળી આવ્યા છે.મહિલાએ જણાવ્યું કે ત્યાર બાદ તેના મોટા દીકરા સાથે સ્થળ પર દોડી ગઈ હતી. પાસ દરમિયાન પોલીસને મહિલા અને તેના પુત્ર પર શંકા ગઈ હતી. પૂછપરછ દરમિયાન બંનેએ કબૂલાત આપી હતી. આરોપીએ પોલીસને કહ્યું, "તે કોઈ કામ કરતો ન હતો. તે પૈસા માંગતો રહ્યો અને જો હું પૈસા નહીં આપુ તો મને માર મારવાની ધમકી આપતો રહ્યો" પોલીસે માતા અને બાળકની ધરપકડ કરી છે.

# ડ્રગ કેસમાં એનસીબી દ્વારા મુછ્છડ પાનવાલાના એક માલિક તિવારીની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૨

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી) દ્વારા મુચ્છડ પાનવાલા ના એક માલિક તિવારીની ધરપકડ કરવામાં આવી છે. સુશાંત સિંગ મૃત્યુ અને ડ્રગ કેસમાં તપાસ દરમિયાન શનિવારે અટકમાં લેવાયેલ ડ્રગ સપ્લાયર દ્વારા તિવારીને ડ્રગ સપ્લાય કરવામાં આવતું હોવાનું બહાર આવ્યું હતું. મૂચ્છડ પાનવાલા એક જાણીતું નામ છે. 'મુછડ પાનવાલા' બોલિવૂડની હસ્તીઓ, ઉદ્યોગપતિઓ અને ઉદ્યોગપતિઓ સહિતના ઘણા પ્રખ્યાત ગ્રાહકોને પૂરી પાડતો હોવાથી એનસીબી હવે તેઓને બોલાવી પૂછપરછ કરે તેવી સંભાવના છે. બે દિવસ પહેલા જ મુંબઈના બાંદ્રા વિસ્તારમાં એક મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. કાર્યવાહી દરમિયાન બે સો કિલો ગાંજો અને તેના ભેળસેળ કબજે કરવામાં આવ્યા છે. આ કિસ્સામાં, તે બોલિવૂડની મોટી સેલિબ્રિટીના મેનેજર રહ્યા. ફર્નિચરવાલા અને તેની બહેન સસ્થા ફર્નિચરવાળાની ધરપકડ કરવામાં આવી હતી. કરંટ સજનાની નામનો બ્રિટિશ નાગરિક જે કાર્ટેલ ચલાવે છે, તેને પણ એન.સી.બી. દ્વારા હાથકડી લગાવી હતી. આ આરોપીઓની પૂછપરછ દરમિયાન પ્રખ્યાત પાનવાલા મુછડ પાનવાલાનું નામ, જે હવે મુંબઈના કેમ્સ કોર્નર વિસ્તારમાં આવેલી એક દુકાનમાં છે, તે પ્રકાશમાં આવ્યું હોવાથી તેને સમન્સ ઈસ્યુ કરવામા આવ્યુ હતુ. 'સોમવારે, મુછડ પાનવાલા તરીકે જાણીતા જયશંકર તિવારીને તેની ડ્રગ્સની તપાસમાં એનસીબી દ્વારા પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા. જોકે,સૂતો દ્વારા જાણવા મળે છે કે આજે સવારે એનસીબીએ તિવારીની ધરપકડ કરી હતી.ડ્રગના કેસમાં ધરપકડ કરાયેલા બ્રિટિશ નાગરિક કરણ સજનીની પૂછપરછ દરમિયાન તેનું નામ બહાર આવ્યુ હતુ. .ખારમાં રહેતો બ્રિટિશ નાગરિક કથિત આંતરરાષ્ટ્રીય અને આંતરરાજ્ય ડ્રગ રેકેટનો કિંગપીન છે. મુછડ પાનવાલાનું નામ મુંબઈ અને દેશના ટોચના 'પાન' વિક્રેતાઓમાં શામેલ છે. દુકાન કેમ્પ્સ કોર્નરમાં ૧૯૭૦ ના દાયકાથી દર વર્ષે તેના ગ્રાહકોની સંખ્યામા વધારો જોવા મળે છે.લગભગ ૪૫ વર્ષથી કાર્યરત, આઉટલેટ પાછળથી લોકોમાં રોષ બની ગયું. હકીકતમાં, ૨૦૧૬ માં, તે પોતાના સમજદાર ગ્રાહકો પાસેથી ઓનલાઈન ઓર્ડર લેવાની પોતાની વેબસાઈટ હોસ્ટ કરનારી પહેલી 'પાન' આઉટલેટ બની હતી. અલ્હાબાદના હાંડિયા જિલ્લાના રહેવાસી મુછાદ પાનવાલા ૧૯૭૭ માં મુંબઈ આવ્યા હતા અને તેમના પાન વેચાણનો ધંધો ચાલુ કર્યો હતો. મુછડ પાનવાલા મુંબઈમાં હાઈપ્રોફાઈલ વિસ્તાર ગણાતા નેપિયાંસી રોડ વિસ્તારમાં કરોડો રૂપિયાના મકાનમાં રહે છે. મોટા ઉદ્યોગોની સાથે, ઘણી હસ્તીઓ અને ક્રિકેટરો પણ મુછાડ પાનવાળાના ગ્રાહકો છે.

# નાગપુરથી પુણે જવા નીકળેલી યુવતી પર લક્ઝરીબસમાં બે વખત બસમાં બળાત્કાર

## આરોપી ક્લીનર ફરાર થઈ ગયો

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧૨

નાસિકમાં ૧૩ વર્ષની બાળકી પર ગેંગરેપ થયા બાદ રાજ્યમાં મહિલાઓ પર અત્યાચારની વધુ એક ઘટના પ્રકાશમાં આવી છે. નાગપુરથી ખાનગી બસમાં પુણે જઈ રહેલી ૨૧ વર્ષીય યુવતી પર આ બસના ક્લીનર બે વાર બળાત્કાર ગુજાર્યો છે. છરીનો ડર બતાવી આ અધમ કૃત્ય કરનાર ક્લિનિરે ઘટના અંગે કોઈને કહ્યું તો તેને ચાલતી બસમાંથી ફેંકી દેવાની ધમકી પણ આપી હતી. આ ઘટના ૫ જાન્યુઆરીની રાત્રે બની હતી. પીડિતા નાગપુરથી પુણેની ખાનગી બસમાં મુસાફરી કરી રહી હતી. બસમાં સવાર થઈને લાંબી મુસાફરી કર્યા પછી, ક્લીનરીએ તેને બસની પાછળની સીટ પર બેસવાનું કહ્યું. તકનો લાભ લઈને ક્લિનરે તેને ચાલતી બસમાં બે વાર છરી બતાવી ધમકાવીને બળાત્કાર ગુજાર્યો હતો. આરોપી ક્લીનરે પીડિતાને ઘટના અંગે કોઈને કહ્યું તો તેને ચાલતી બસની બહાર ફેંકી દેવાની ધમકી પણ આપી હતી. બસ પુણે પહોંચ્યા બાદ પીડિતાએ પુણે નજીક રાજનગાંવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ઘટના માલેગાંવ વિસ્તારમાં બની હોવાથી પુણે પોલીસે મામલો માલેગાંવ પોલીસને સોંપ્યો છે. તે પછી, ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ પોલીસે પુણેથી સંબંધિત ખાનગી બસ કબજે કરી છે. હાલમાં આરોપી ક્લીનર ફરાર છે અને તેની શોધખોળ માટે પોલીસની એક વિશેષ ટીમ નાગપુર મોકલવામાં આવી છે.

# દેવામાં ડૂબી ગયેલી, એકલી માતા નોકરી મેળવવામાં નિષ્ફળ જતા ચેનસ્નેચિંગ ચાલુ કર્યુ

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૨

બે વર્ષના બાળકની ૨૭ વર્ષની એક સિંગલ માતા સારી પગારવાળી નોકરી મેળવવામાં નિષ્ફળ જતા તેના માથે ચડેલ દેવુ ચૂકવવા ચેન સ્નેચિંગ કરતા પકડાતા તેની વિરુધ્ધ ગુનો નોંધવામા આવ્યો હતો.કાજલ મ્હસ્કે તરીકે ઓળખાતી મહિલાએ બે દિવસમાં મુંબઈના કુર્લા રેલ્વે સ્ટેશન પર બે સોનાની ચેન છીનવી લીધી હતી.

બીજી વાર તેણે કુર્લા સ્ટેશન પર તેની સોનાની ચેઈનની મહિલા મુસાફરોને લૂંટી લેતાં પોલીસે તેને પકડી પાડી હતી. જો કે, પોલિસે તેણે કહેલ વાતો ચકાસી રહી છે. મહસ્કે એ પોલિસને જાણકારી આપતા જણાવ્યુ હતુ કે તેણીએ સારા માર્કસ સાથે સ્કૂલ પૂરી કર્યા બાદ વડાલા કોલેજમાં સાયન્સ કોર્સમાં પ્રવેશ લીધો હતો. પરંતુ ભાગ્યમા તેના માટે કંઈક બીજું હતું. તેના શિક્ષણમાં ટેકો આપવા માટે તેના પરિવાર પાસે પૈસા ન હોવાને કારણે તેને કોલેજ છોડી દેવાની ફરજ પડી હતી. ત્યારબાદ, તેણીએ અભ્યાસ માટે નાણાં બચાવવા માટે ફાઈવ સ્ટાર હોટલમાં કામ કરવાનું શરૂ કર્યું. તે દરમિયાન તે સ્વિમિંગ કોચના પ્રેમમાં પડી ગઈ હતી. આ દંપતીએ ૨૦૧૮માં લગ્ન કર્યા. થોડા સમય પછી, તેણીએ એક બાળકને જન્મ આપ્યો હતો. તેઓની જિંદગી ૨૦૨૦મા એકદમ બદલાઈ ગઈ હતી. તેની બહેન સાથે છેડતી કરવાના આરોપમાં મ્હસ્કેના પતિની ધરપકડ કરવામાં આવી હતી. અને તેને જેલમાં મોકલવામાં આવ્યો હતો. તેણે ઘર ચલાવવું પડ્યું, બાળકની સંભાળ રાખવી અને તેના પતિને જામીન આપવા માટે પૈસાની વ્યવસ્થા કરવી પડતી, તેણે એક એનજીઓ સાથે કામ કરવાનું શરૂ કર્યું. જોબ, જો કે, પતિના કેસ સામે લડવા માટે તેની પાસે પૈસા ન હોવાથી, તેણે લોન લીધી. તેના પતિને સપ્ટેમ્બર ૨૦૨૦ માં જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો, પરંતુ તે એચ.આઈ.વી. પોઝિટિવ હોવાથી દિવસોમાં જ તેનું મોત નીપજ્યું હતું

# બેસ્ટના કર્મચારીઓએને કોવિડ ભથ્થાના નાણાં તાત્કાલિક ચુકવવાની આમ આદમી પાર્ટીની માંગણી

## મહાપાલિકામાં કારભારના નામે મીંડું હોવાનો આક્ષેપ

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૨

બેસ્ટ કર્મચારીઓને કોવિડ દરમિયાન જાહેર કરેલ વધારાનું પ્રતિ દિન ૩૦૦ રૂપિયાનું ભથ્થું ન ચૂકવવા બદલ મુંબઈ મહાનગર પાલિકા (એમસીઆઈ) માં શાસક પક્ષ શિવસેના અને મહારાષ્ટ્રની મહાવિકાસ આઘાડી સરકારની આમ આદમી પાર્ટીએ વિરોધ કરી તાત્કાલિક ચુકવણી કરવાની માંગણી કરી છે.મનપાએ કોવિડ રોગચાળા દરમિયાન કામ કરતા કર્મચારીઓને વધારાના રોજ કર્મચારી દીઠ ૩૦૦ રૂપિયા ભથ્થું આપવાની ઘોષણા કરી હતી. આમ આદમી પાર્ટીના નેતા અને રાષ્ટ્રીય પ્રવક્તા પ્રીતિ શર્મા મેનને કહ્યું. બેસ્ટની બસો એ મુંબઈની જીવનરેખા છે અને તેના કર્મચારીઓ પાયાની સેવા આપતા ફ્રન્ટલાઈન કાર્યકરો છે. લોકલ ટ્રેનના ઘટાડાને કારણે મુંબઈની બેસ્ટ બસ પર મુસાફરોનો ભાર વધ્યો છે. આ ભથ્થું કોવિડ જેવી પરિસ્થિતિમાં મુશ્કેલીઓ સાથે કામ કરવા માટે હતું. બેસ્ટની સિસ્ટમ કથળી છે અને તેના માટે મહાનગર પાલિકાની અસમર્થતા અને ખરાબ નીતિઓ જવાબદાર છે. અનેક બસ રૂટ પર કોન્ટ્રાક્ટ પર બસો ચલાવવામાં આવી રહી છે. કર્મચારીઓને કોન્ટ્રાક્ટ પર રાખવામાં આવી રહ્યા છે. અમ પાલિકાના વહીવટીકરણનું ખાનગીકરણ કરવાનું ષડયંત્ર છે. સસ્તું સાર્વજનિક પરિવહન પ્રણાલી એ સરકારની જવાબદારી છે અને નફો મેળવવાના સાધન તરીકે ઉપયોગ કરી શકાતો નથી. આમ આદમી પાર્ટી દ્વારા બેસ્ટ સાથે જોડાયેલા મુદ્દાઓ અંગે અગાઉ અનેક વખત મહાનગર પાલિકાના વહીવટનું ધ્યાન દોરવામાં આવ્યું છે, પરંતુ વહીવટને કોઈ અસર થઈ નથી. પાર્ટીએ ફરીથી મેયર, કમિશનર અને સ્થાયી સમિતિના અધ્યક્ષને પત્ર લખીને બેસ્ટના કર્મચારીઓએને કોવિડ દરમિયાન જાહેર કરેલ વધારાના ભથ્થાના પૈસા તાત્કાલિક ચુકવવાની માગણી કરી છે.

# સુપર બાઈકની ટ્રાયલ લેવા જતા અકસ્માતમાં યુવકનું મૃત્યુ : સંતુલન ખોતા ડિવાઈડર સાથે ટકરાય બાઈક



ચક્રવાત ટીમ, મુંબઈ ૧૨

મિત્રએ લીધેલ નવુ સુપર બાઈક ધુમ ની ટ્રાયલ લેવા આવેલ યુવકને નવી મુંબઈના પામબીચ પર બાઈક પરથી સતૂલન ખોતા અકસ્માતમા તેનું મૃત્યુ થયુ હતુ. કોપરખૈરણ રહેતો અરબાઝ અન્સારીએ હાયાબુસા સુપર બાઈક ખરીદી હતી તે જોવા તલોજાથી તેનો મિત્ર સ્વપ્રીલ ચંદ્રકાંત ઝિંગાડે (ઉમર ૨૬) કોપરખેરણ આવ્યો હતો. બંને બાઈકરો હોવાથી તેમજ જૂના મિત્રો હતા. તેથી સ્વપ્રીલ સુપર બાઈકની પહેલી ટ્રાયલ લેવા પામ બીચ તરફ જઈ રહ્યો હતો. જ્યારે તે પામ બીચ થઈને સીબીડી તરફ જઈ રહ્યો હતો ત્યારે નેરુલ તળાવ પાસે તે પોતાનું બેલેન્સ ગુમાવી બેઠો. પરિણામે, બાઈક જમણી તરફ નમેલી હતી ત્યારે સ્વપ્રીલ નીચે પડી ગયો હતો અને રસ્તાના ડિવાઈડર સાથે અથડાયા બાદ વાયરમાં અટવાયો હતો, જ્યારે મોટરસાયકલ આશરે ૨૦૦ મીટર સુધી ઘસડાય હતી. અકસ્માત જોઇને પ્રત્યક્ષદર્શીઓ અને ટ્રાફિક પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. જોકે સિનિયર ઈન્સ્પેક્ટર શ્યામ શિંદેએ જણાવ્યું હતું કે ડિવાઈડર સાથે ટકરાતાં સ્વપ્રીલનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. કંટ્રોલ ખોવાઈ જવાના કારણે અકસ્માત સમયે સુપર બાઈક સ્પીડમા હતી. જ્યારે સ્વપ્રીલે કાબૂ ગુમાવ્યો ત્યારે આ અકસ્માત થયો હતો. આ અંગે નેરુલ પોલીસ સ્ટેશનમાં અકસ્માતની નોંધ કરાઈ છે.

# વિદેશમા નોકરીને બહાને છેતરપીંડી પશ્રિમ બંગાળના છ જણની ધરપકડ

## ૪૧ પાસપોર્ટ, બનાવટી કોલ લેટર,વીઝા તેમજ અન્ય દસ્તાવેજો મળ્યા



ચક્રવાત ટીમ, મુંબઈ ૧૨

ગરજુ લોકોને વિદેશમા નોકરી અપાવવાને બહાને તેઓ સાથે છેતરપીંડી કરતી પશ્રિમ બંગાળના છ જણની ટોળકીની મલાડ મોલમા આવેલ ઓફિસથી અટક કરવામા આવી છે. મુંબઈ ક્રાઈમ બ્રાંન્ચ યુનિટ ૮ના એપીઆઈ મનોહર કારંડેને ૧૧ જાન્યુઆરી ૨૦૨૧ના માહિતી મળી હતી કે મલાડના એવરશાઈન મોલમા 'મુંબઈ શ્રી કંન્સલ્ટંન્સી'ના નામે ચલાવવામા આવતી ઓફિસમાથી ગરજુ લોકોને વિદેશમા નોકરી અપાવવાને બહાને તેઓ સાથે છેતરપીંડી કરવામા આવે છે. તેઓએ તપાસ કર્યા બાદ તે ઠેકાણે છાપો મારતા ઓફિસમા તે સમયે હાજર પશ્રિમ બંગાળના છ જણ મળી આવ્યા હતા. પોલિસે ઓફિસમા તપાસ કરતા ત્યાંથી ૪૧ ભારતીય પાસપોર્ટ, એન્કા એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ લેટર, યુરેટેક એમ્પ્લોયમેન્ટ એગ્રીમેન્ટ લેટર, ઈન્વીટેશન લેટર, તેમજ બનાવટી વીઝા મળી આવ્યા હતા. પોલિસે તે તેમજ લેપટોપ અને પ્રિન્ટર જપ્ત કર્યા હતા. તપાસમા તેઓ રશિયાની કંપનીમા નોકરી અપાવવાની લાલચ બતાવી ગરજુ લોકો પાસેથી વ્યક્તિદીઠ ૮૦ હજારથી લાખ રૂપિયા હડપી લઈ બોગસ વિઝા તેમજ નકલી લેટરો આપતા હતા. પોલિસે છ આરોપીની અટક કરીને બાંગુરનગર પોલિસમા ગુનો નોંધાવ્યો છે. આરોપીઓને કોર્ટમા રજૂ કરતા ૧૮ જાન્યુઆરી સુધીની પોલિસ કસ્ટડી સોપી છે. અટક કરવામા આવેલ ૩ અરોપીઓ વિરુધ્ધ કલકત્તામા આ પહેલા ગુના નોંધાયેલા છે.

# મધ્યપ્રદેશમાં લઠ્ઠાકાંડ ૧૦ના મોત, ચાર ગંભીર

(જી.એન.એસ.)મુરૈના,તા.૧૨

મધ્ય પ્રદેશના મુરૈના જિલ્લાથી સમાચાર છે, જ્યાં ઝેરી દારુ પીવીથી ૧૦ લોકોના મોત થઈ ગયા છે. જ્યારે પાંચથી સાત લોકોને ગંભીર હાલતમાં ઈલાજ માટે હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યા છે. આમાંથી બે વ્યક્તિઓની સ્થિતિ ચિંતાજનક બનેલી છે જેમને ઈલાજ માટે ગ્વાલિયર રિફર કરવામાં આવ્યા છે. વળી, ઝેરી દારુ પીવાથી થયેલી મોત બાદ મુરૈના જિલ્લા પ્રશાસન અને પોલિસ વિભાગમાં હોબાળો મચી ગયો છે. મુરૈના જિલ્લાના એસપી અનુરાગ સુજાનિયાએ મીડિયાને માહિતી આપીને જણાવ્યુ કે ઝેરી દારુ પીવાથી થયેલ મોતની આ દૂર્ઘટના બાગચીની પોલિસ સ્ટેશન સ્થિત છેરા માનપુર ગામ અને સુમાવલી પોલિસ સ્ટેશન પહવાલી ગામની છે.

# કોટનમાં ૨૦,૩૨૫ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૩૫,૯૫૦ ગાંસડીના સ્તરે

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧૨

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૮૯૭૨૮ સોદામાં રૂ.૧૨૧૫૭.૮૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદી તથા તમામ બિનલોહ ધાતુઓ તથા એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસના વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસ અને કોટનમાં તેજી સામે રબરમાં નરમાઈ હતી. સીપીઓમાં મામૂલી ઘટાડો વાયદાના ભાવમાં થયો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કીમતી ધાતુઓનો સૂચકાંક બુલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૫,૩૩૨ના સ્તરે ખૂલી, ૧૧૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે પ્રથમ સત્રનાં અંતે ૬૧ પોઈન્ટ વધી ૧૫,૩૯૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૩,૬૩૮ના સ્તરે ખૂલી, ૧૬૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે પ્રથમ સત્રનાં અંતે ૧૭૫ વધી ૧૩,૭૪૨ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૧૬૩૬૩ સોદાઓમાં રૂ.૫૯૬૦.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૩૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૫૭૦ અને નીચામાં રૂ.૪૯૨૮૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૯ વધીને રૂ.૪૯૪૭૦ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૧ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૭૭૭ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૩૫ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૫ વધીને બંધમાં રૂ.૪૯૫૧૧ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૫૪૪૪ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૪૧૬ અને નીચામાં રૂ.૬૫૩૩૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૦૭ વધીને રૂ.૬૫૯૬૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૪૨૧ વધીને રૂ.૬૫૯૭૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૪૩૬ વધીને રૂ.૬૫૯૬૭ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૭૪૬૩ સોદાઓમાં રૂ.૨૧૮૭.૧૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૮૩૯ ખૂલી, ઊપરમાં રૂ.૩૯૦૩ અને નીચામાં રૂ.૩૮૩૨ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૭ વધીને રૂ.૩૮૮૪ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૭૭૮ સોદાઓમાં કુલ રૂ.૩૪૮.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૧૨૦ અને નીચામાં રૂ.૨૧૦૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪૦ વધીને રૂ.૨૧૦૮૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૭૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧ ઘટીને બંધમાં રૂ.૯૮૧.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૬ ખૂલી, ઊપરમાં રૂ.૯૯૬ અને નીચામાં રૂ.૯૮૬.૧ રહી, અંતે રૂ.૯૮૯.૪ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૦૯ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૦૯.૫ અને નીચામાં રૂ.૧૨૦૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬.૫૦ વધીને રૂ.૧૨૦૬.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૨૧૦ના સ્તરે ખૂલી, ઊપરમાં રૂ.૧૫,૨૯૦ અને નીચામાં રૂ.૧૫,૧૧૦ના મથાળે અથડાઈ, અંતે રૂ.૪૯ ઘટી રૂ.૧૫,૨૧૮ના સ્તરે બંધ થયો હતો.

### જિલ્લાકક્ષાની કોવિડ હોસ્પિટલની પેથોલોજીની લેબમાં

# ૧૦ હજાર જેટલા કોરોનાગ્રસ્તની વિનામૂલ્યે તપાસ કરાઈ

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૨

જામનગરની જી.જી.હોસ્પિટલના પેથોલોજી વિભાગના વડા પ્રોફેસર ડો.વિજય પોપટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મેડિકલ ફેકલ્ટીના ડીન પણ છે. વળી તેઓ જામનગરની જીલ્લા કોવિડ હોસ્પિટલની તમામ લેબોરેટરી સર્વિસિઝના વડા પણ છે અને તેમની રાહબરી હેઠળ ૨૪ કલાક લેબોરેટરી સેવા ઉપલબ્ધ કરાવાઈ છે. આ ઉપરાંત ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના વાઈસ પ્રેસિડન્ટ તરીકે તેમની તાજેતરમાં જ વરણી થઈ છે. જે જામનગર જિલ્લા માટે જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે. આમ તેમનું કાર્યક્ષેત્ર માત્ર મેડિકલ કોલેજ, હોસ્પિટલ કે જામનગર પૂરતું સિમિત ન રહેતા સમગ્ર દેશ સુધી વિસ્તર્યુ છે. એથી તેમના દ્વારા થતા કાર્યોના લાભાર્થીઓમા વધારો થયો છે.

વિવિધ જવાબદારીઓ સંભાળતા ડો.વિજય પોપટ કોરોના મહામારીમાં તેમના હસ્તકના પેથોલોજી વિભાગની ભૂમિકા સમજાવતાં કહે છે કે, માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા બેકટેરિયા-વાયરસ શોધવાનું કામ થાય છે. ચેપ લાગ્યો છે કે કેમ તે નકકી કરવામાં આવે છે. આ તપાસના અહેવાલના આધારે તબીબો દર્દીને એન્ટી બેકટરિયલ કે એન્ટી વાયરલ દવા આપવી કે નહી તે નકકી કરીને સારવાર કરતાં હોય છે. જયારે અમારા પેથોલોજી વિભાગની લેબોરેટરીમાં કોરોનાના દર્દીઓના લોહીના વિવિધ પરિક્ષણો




- જેવા કે, કિડની તથા લીવરના કામકાજની તપાસ, ઈન્ફેકશનમા વધતા કે ઘટતા લોહીના કણોની તપાસ, શરીરમાં લોહી ગંઠાઈ જવાની તપાસ અને કોરોનાના વિવિધ માર્કસની તપાસ વિગેરે વિનામૂલ્યે કરવામાં આવે છે. દર્દીના રોગની તપાસ થાય છે. તેમના રોગની માત્રા કેટલી છે, બિમારી ગંભીર છે કે નહી તેની તપાસ કરવામાં આવે છે. પેથોલોજી વિભાગના આ પરિક્ષણના આધારે તબીબો દ્વારા યોગ્ય નિર્ણય લઈ સારવાર કરવામાં આવે છે. કોરોનાની આ મહામારી દરમિયાન ૧૦ હજાર જેટલા શંકાસ્પદ લક્ષણો ધરાવતા તથા કોરોનાગ્રસ્ત દર્દીઓના બ્લડની તપાસ પેથોલોજી વિભાગમાં વિનામૂલ્યે કરવામાં આવી હતી. જિલ્લાકક્ષાની કોવિડ હોસ્પિટલમાં બીજા માળે પેથોલોજીની લેબ શરૂ કરવામાં આવી છે. જે ચોવીસ કલાક કાર્યરત રહે છે. ત્યાં શિફટ ડયુટીમાં પેથોલોજીનો સ્ટાફ ફરજ બજાવે છે. પેથોલોજી વિભાગમાં ૨૦ ડોકટર્સ પૈકી ડો.વિજય પોપટ, ડો. શમીમ શેખ, ડો.ધારા ત્રિવેદી, ડો.ભરત ભેટારિયા, ડો.અલ્પેશ ચાવડા, ડો.ભાર્ગવ રાવલ અને અને ૨૧ રેસિડન્ટ ડોકટર્સ, ટેકનીશ્યન્સ સહિતના સ્ટાફનો સમાવેશ થાય છે.

# ઈન્ફેકશીયસ ડીસીઝમાં સુપર સ્પેશ્યાલીસ્ટ બનતા ચક્રવાત પરિવારના ડો. મિત ધરસંડિયા

**ચક્રવાત પરિવારના રમેશભાઈ ધરસંડિયાના સુપુત્ર ડો. મીત ધરસંડિયાએ મેળવી અનન્ય સિદ્ધિ**

ચક્રવાત ટીમ, તા.૧૨

ચક્રવાત મીડિયા ગ્રુપના પત્રકાર રમેશભાઈ ધરસંડિયાના પુત્ર ડો. મિતકુમાર ધરસંડિયાએ તબીબી શિક્ષાણ ક્ષેત્રે જબરી પ્રગતિ સાધી છે. તેમણે મેડીકલમાં એમ.ડી. (મેડીસીન) બાદ ઓલ ઈન્ડિયા લેવલે ઈન્ફેકશીયસ ડીસીઝમાં સુપર સ્પેશિયાલીસ્ટ બનવા માટે નેશનલ એકઝામીનેશન બોર્ડ દિલ્હી દ્વારા લેવાયેલી એફએનબીની લાયકાત માટે તાજેતરમાં મુંબઈ ખાતે લેવાયેલ પરીક્ષામાં ફર્સ્ટ કલાસ મેળવી જવલંત સિદ્ધિ હાંસલ કરી છે. ચેપી રોગના નિષ્ણાંતનો અભ્યાસ કરવા



માટે ભારતમાં માત્ર આઠ સીટ જ છે. જેમાં ગુજરાત (અમદાવાદ)માં માત્ર સ્ટર્લિંગ હોસ્પીટલ ખાતે એક જ સીટ છે. બે વર્ષના આ અભ્યાસક્રમમાં ડો. મીત ધરસંડિયાએ સને. ૨૦૧૮માં શરૂ થયેલી ઈન્ફેકશીયસ ડીસીઝમાં ગુજરાતમાંથી ઉત્તીર્ણ થનાર પ્રથમ સુપર સ્પેશીયાલીસ્ટ ડોક્ટર છે. ડો. મિતની શૈક્ષણિક કારકીર્દી પ્રથમથી જ તેજસ્વી રહી હોય ધો.૧૨ સાયન્સમાં તેમણે ૯૭.૫૦% પ્રાપ્ત કરી અમદાવાદની બી.જે. મેડીકલ કોલેજમાં એમ.બી.બી.એસ.માં પ્રવેશ મેળવી ગ્રેજયુએશન કરી ઈન્ટર્નશીપ પણ ત્યાં જ કરી ત્યાર બાદ પી.જી. એન્ટ્રેન્સ એકઝામીનેશનમાં તેમણે ગુજરાત યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ મેળવી એમ.ડી.ની લાયકાત મેળવી હતી. તેમના પત્ની ડો. ઉર્વી પણ એમ.ડી.ની પદવી ધરાવે છે. ઈન્ફેકશીયસ ડીસીઝના પ્રથમ સુપર સ્પેશિયાલીસ્ટ ડોકટર મિત ધરસંડિયા (મો. નં. ૯૦૯૯૦ ૪૬૩૦૭) પર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

# ખેડૂત આંદોલનના સમર્થનમાં ભગતસિંહ ક્રાંતિદળના યુવાનોની ૨૨મીએ દિલ્હી કૂચ

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૨

ભગતસિંહના ક્રાંતિકારી વિચારોનું રાષ્ટ્રમાં ફેલાવો કરવાનું કામ કરતું ક્રાંતિકારી સંગઠન ભગતસિંહ ક્રાંતિદળ દ્વારા આગામી ૨૨મી તારીખ અને શુક્રવારે ખેડૂત આંદોલનના સમર્થનમાં ગુજરાતથી દિલ્હી કૂચ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ભગતસિંહ ક્રાંતિદળ દ્વારા સોશિયલ મીડિયામાં જારી કરવામાં આવેલ સંદેશમાં જણાવવામાં આવ્યું છે કે તાજેતરમાં ભારત સરકાર દ્વારા લાદવામાં આવેલ ત્રણેય કૃષિ કાયદાઓ સંપૂર્ણપણે ખેડૂત વિરોધી અને ઉદ્યોગપતિઓના હિતમાં છે. દેશને ગુલામ બનતો અટકાવવા માટે આ પણી પાસે આ છેલ્લી તક રહેલી છે ત્યારે માત્ર ખેડૂતોએ જ નહીં પણ આ દેશના નવયુવાનોએ પણ ખેડૂત



આંદોલનના સમર્થનમાં જોડાઈને આ કાળા કાયદાઓનો પૂરજોર વિરોધ કરવો જોઈએ.

હાલમાં પંજાબ અને હરીયાણા સહિત દેશભરના ખેડૂતો દિલ્હી ખાતે આ કાયદાના વિરોધમાં આંદોલન કરી રહ્યા છે ત્યારે તેમને સમર્થન આપવું એ રાષ્ટ્રભક્ત યુવાન તરીકે દરેક યુવાનોની ફરજ બને છે. આ આંદોલનમાં અત્યાર સુધીમાં ૬૫થી વધારે ખેડૂતો શહીદ થયા છે અને સરકાર સાથેની અનેક મંત્રણાઓ નિષ્ફળ નિવડી છે ત્યારે હવે ભારતના તમામ નાગરિકોએ જાગૃત થવાનો અને ભગતસિંહના રાહ પર ચાલવાનો સમય છે. ભગતસિંહનું સ્વપ્ન હતું કે દેશ આઝાદ થયા બાદ અહીં ખેડૂતો અને મજદૂરોનું ગણરાજ્ય સાબીત થાય. અહીંના નાગરિકો સામાજિક સંવાદીતા સાથે સ્વતંત્રતાનો ભોગવટો કરે.. આજે ભગતસિંહનું આ સ્વપ્ન અધુરૂ છે. ભગતસિંહ ક્રાંતિદળના આઝાદ જાદવ, જય ચાવડા, ભાવેશ માખેસણા, રાહુલ ધુવાણીયા, વિજયસિંહ ઝાલા, નિકુંજ સાપરીયા, ઘનશ્યામ પરમાર , હાર્દિક ભારતી સહિતના યુવાનો આ બાબતને લઈને દિલ્હીકૂચની તૈયારી કરી રહ્યા છે.

### પોરબંદરમાં હેડ પોસ્ટઓફીસમાં

# નોટરીયલ સ્ટેમ્પ ઉપલબ્ધ કરાવવા નોટરીઓની માંગણી

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૨

પોરબંદરની હેડ પોસ્ટઓફીસમાં નોટરીયલ સ્ટેમ્પ મળતા નહીં હોવાથી નોટરીઓની મુશ્કેલી ખુબ જ વધી છે અને તેઓને શહેરથી સાત કી.મી. દુર જીલ્લા તિજોરી કચેરી ખાતે જઈ ચલણ ભરવા શહેમાં આવી પુનઃ ચલણ જમા કરાવવા માટે સમય અને ૪૨ કી.મી.નું રનીંગ થતું હોવાથી યોગ્ય કરવું જરી છે તે પ્રકારની રજુઆત સાથે જીલ્લા કલેકટરને નોટરી એશો. દ્વારા આવેદન પાઠવાયું છે. પોરબંદર જીલ્લા નોટરી એશો.ના પ્રમુખ કેતનભાઈ દાણીના નેતૃત્વમાં અન્ય નોટરીઓએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી જણાવ્યું છે કે, તેઓ જીલ્લામાં નોટરી એડવોકેટ તરીકે ઘણા સમયથી પ્રેકટીસ કરી રહ્યા છે અને જીલ્લા કલેકટરના તાબાની તમામ કચેરીઓમાં અમારા નોટરી થયેલા ડોકયુમેન્ટ દ્વારા જ લીગલ કાર્યવાહી થાય છે પરંતુ નોટરી એકટ મુજબ ડોકયુમેન્ટમાં ફરજીયાત જે કોઈ જરી હોય તેમાં જે તે ડોકયુમેન્ટ જેમા પાવર, સોગંદનામું, એગ્રીમેન્ટ, વિગેરે પ્રકારના ડોકયુમેન્ટમાં નોટરીના રજીસ્ટર નંબર હોવો જરી રહેલ છે તેમજ રૂ.૫૦/-ની નોટરીયલ સ્ટેમ્પ મારેલ હોવી જરી છે તેમજ પક્ષકારોનો ફોટો તથા આધારકાર્ડ હોવા આવશ્યક રહેલા છે. જે તે ડોકયુમેન્ટ એટેસ્ટેડ પર પેઈઝ હોવું આવશ્યક રહેલ છે. આપની કચેરી નીચે આવતી તમામ કચેરીઓમાં આ બાબતની કાયદાકીય અજ્ઞાનતાને કારણે નોટરી થયેલ ડોકયુમેન્ટમાં ક્ષતિ રહી જવાને કારણે ઘણી વખતે પક્ષકારોને આ બાબતે



લીગલ લીટીગેશનનો ભોગ બનવું પડે છે, જેથી આપના તાબામાં આવતી તમામ કચેરીઓમાં આ બાબતે વાકેફ કરવા અમારી આ અરજીની નકલ સરકયુલેટ કરવા અમારી માંગ છે. વળી, વિશેષમાં તેમજ અગત્યનું જણાવવાનું કે, નોટરીયલ સ્ટેમ્પ વેંચાણ માટે હેડ પોસ્ટઓફીસ પોરબંદરને જરી મંજુરી તથા લાયસન્સ મળેલ છે છતાં પણ હાલ પોસ્ટઓફીસ ખાતે નોટરીયલ સ્ટેમ્પ જીલ્લા નોટરીઓને મળતા ન હોય જેથી પોરબંદર જીલ્લાના નોટરીને નોટરી ટીકીટ મેળવવા માટે ખુબ જ મુશ્કેલી પડી રહેલ છે વળી, પોરબંદર સીટીથી જીલ્લા તીજોરી કચેરી ખુબ જ દુર હોય અને ત્યાંથી વળી પાછુ ચલન ભરવા માટે માણેકચોક પોરબંદર ખાતે આવી અને ફરીથી જીલ્લા તિજોરી કચેરી ખાતે ચલન જમા કરાવવાનું થાય છે અને ત્યારબાદ બીજા દિવસે નોટરીયલ સટેમ્પ પ્રાપ્ત થતા હોય આમ, એક નોટરી સ્ટેમ્પ મેળવવા માટે જીલ્લા નોટરીઓને કુલ પોરબંદરસીટીથી આવક-જાવકના ત્રણ ફેરા સાથે ૪૨ કીલોમીટર જેટલું રનીંગ થતુ હોય આમ, આ બાબતે ખુબ જ મુશ્કેલી પડી રહેલ છે અને જો આજ નોટરીયલ સ્ટેમ્પ હેડ પોસ્ટઓફીસ પોરબંદર વેંચાણ કરે તો તમામ નોટરીઓની આ સમસ્યાનો તાત્કાલીક અસરથી હલ થઈ શકે તેમ છે તો આ અંગે ઘટતી સુચના આપી તાત્કાલીક અસરથી નોટરીયલ સ્ટેમ્પ જીલ્લા નોટરીને પ્રાપ્ત થાય તેવી માંગ છે.

# શિક્ષણ કાર્ય શરૂ થતા શ્રી ઉમા વિદ્યા સંકુલમાં વિદ્યાર્થીઓનો થનગનાટ



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૧૨

આજ રોજ શ્રી ઉમા વિધા સંકુલ છેલ્લા ૧૦ માસથી કોરોનાને કારણે બંધ પડેલી હતી. તે શાળા, કોલેજો આજથી ફરી શરૂ થતાં વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ, ઉમંગ, આનંદની લાગણી પ્રસરી ગઈ હતી. ઉત્સાહ ભેર વિદ્યાર્થીઓએ શાળામાં પ્રવેશ કર્યો હતો. ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની હાજરી જોવા મળી હતી. શ્રી ઉમા વિધા શકુંલના ચેરમેન બી.એચ.ઘોડાસરા, ટ્રસ્ટી રમેશભાઈ જે.રાણીપા, કેમ્પસના ડાયરેક્ટર ગિરધરભાઈ(બાપા) પનારા દ્વારા સરકારના પરિપત્ર પ્રમાણે કોવિડની ગાઈડ લાઈનનું ચુસ્તપણે પાલન કરીને શાળાના આચાર્ય, શિક્ષકો અને મંડળના સંચાલક, હોદેદારો દ્વારા વિદ્યાર્થીઓનું ભવ્ય અભિવાદન કરીને આવકાર્ય હતા.

# જામનગરમાં ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહીબીશન) એક્ટ ૨૦૨૦ હેઠળ કાર્યવાહી

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૨

ગુજરાત સરકાર દ્વારા ગુજરાત લેન્ડ ગ્રેબિંગ(પ્રોહીબીશન) એક્ટ-૨૦૨૦ પસાર કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ ગેરકાયદેસર સરકારી જમીન પચાવી પાડવા અથવા તો કોઈ વ્યક્તિગત માલિકીની જમીન ગેરકાયદેસર પચાવી પાડવાની વૃત્તિને કાયદાકીય રીતે અટકાવવામાં આવશે. આ અંગે જામનગર કલેકટર દ્વારા જમીન દબાણ કરનાર લોકોને દબાણ હટાવવાની અને જે કોઈ ત્રાહિત વ્યક્તિ હોય તેને પણ અરજી કરવા અંગે જણાવવામાં આવ્યું હતું. ત્યારે દરેડના મસીતીયા મેઈન રોડ વિસ્તારના રોડ પર સરવે નં.૧૩૧ અને ૧૩૨માં ખૂબ મોટા પાયે



ગેરકાયદેસર સરકારી જમીન પર દબાણ કરવામાં આવેલા છે, તેને આ હેઠળ આવરીને કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષક અને અધિક નિવાસી કલેક્ટર દ્વારા તે વિસ્તારનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ તકે કલેક્ટર રવિશંકરે જણાવ્યું હતું કે, લેન્ડ ગ્રેબિંગ એક્ટ-૨૦૨૦ અંતર્ગત જામનગર વહીવટીતંત્રને જનતા પાસેથી ૧૩ અરજીઓ મળી છે. આ બાબતે વહીવટી અધિકારીઓની તપાસ અર્થે નિમણૂંક કરવામાં આવી છે. સાથે જ સુઓમોટો અંતર્ગત બે અરજીઓ મળેલ છે, જેમાં દરેડ વિસ્તારના ૧૩૧ અને ૧૩૨ સર્વે નંબર જે જુના સર્વે નંબર ૨૬/૧ જે સરકારી જમીન હતી અને હાલમાં ખૂબ મોટા પાયે તેના પર અજાણ્યા ઈસમો દ્વારા લેન્ડ ગ્રેબિંગ કરીને ભાડુઆતો રાખવામાં આવે છે તે જમીન પર નિરીક્ષણ કરવામાં આવ્યું. આ માટે સરકારી આધારો અનુસાર સંપૂર્ણ ખરાઈ કરવામાં આવી છે અને તંત્ર દ્વારા તે જમીન પર રહેતા લોકોને ત્યાંથી હટી જવા માટે જણાવવામાં આવે છે. આ માટે સાત દિવસ બાદ જો લોકો ત્યાંથી દબાણ નહીં હટાવે તો તે અંગે કાયદાકીય કાર્યવાહી થશે, તે સાથે જ સર્વે નંબર ૧૫માં ગૌશાળા આવેલી છે જેમને પણ ત્યાંથી ગૌશાળા હટાવી લેવા એક અવસર આપવામાં આવે છે ત્યારબાદ જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તેમ કલેકટરએ ઉમેર્યું હતું.

# ૧૫ જાન્યુઆરીએ મુખ્યમંત્રી રૂપાણીના હસ્તે વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ



ચક્રવાત ટીમ જામનગર, તા.૧૨

આગામી ૧૫ જાન્યુઆરીના રોજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે જામનગર ખાતે વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ/ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ કાર્યક્રમ અન્વયે કલેકટર કચેરી ખાતે કલેક્ટર રવિશંકરના અધ્યક્ષસ્થાને આજરોજ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કાર્યક્રમની વ્યવસ્થાઓ, સ્થળ પરની સુરક્ષા વગેરે બાબતોના આયોજન વિશે ચર્ચા કરાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિપિન ગર્ગ, કમિશનર સતિષ પટેલ, અધિક નિવાસી કલેકટર રાજેન્દ્ર સરવૈયા તથા પ્રાંત અધિકારીઓ, અન્ય સંલગ્ન કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મુસ્લિમ એક્તા મંચ દ્વારા સૌરાષ્ટ્ર કચ્છના વિવિધ તાલુકા મથકે આવેદન

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૨

ભારત સહીત વિશ્વભરના દરેક ધર્મના લોકો માટે આસ્થાનુ કેન્દ્ર અજમેર શરીફની દરગાહ અને હજરત ખ્વાજા મોયનુદીન ચિશતી (ર.ત.અ.) ની શાન મા ગુસ્તાખી કરનાર શખ્શ વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ મુસ્લિમ એક્તા મંચ દ્વારા કરાય છે વિશ્વ પ્રસિધ્ધ સુફી સંત હજરત ખ્વાજા મોયનુદીન ચિશતી (ર ત અ) વિરુધ્ધ અપમાનજનક અને અભદ્ર ટીપણી કરનાર સાધુ જેવા લાગતા શૈતાન શખ્શ એ જેર ઓકી ગુસ્તાખી કરી સમગ્ર દેશની એકતા અને ભાઈચારામા પલીતો ચાપવાનો પ્રયાસ કરતા તેના ભારતભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. જેથી મુસ્લિમ એક્તા મંચ ગુજરાતના અધયક્ષ ઈમ્તીયાઝ પઠાણની આગેવાનીમા સમગ્ર ગુજરાતમા મુસ્લિમ બીરાદરો



દ્વારા વિરોધ કરવામા આવી રહ્યો છે. મુસ્લિમ એક્તા મંચ દ્વારા ગીર સોમનાથ, અમરેલી, દેવભુમી દ્વારકા, કચ્છ, જસદણ,ધંધુકા, ઉના, ભુજ, વેરાવળ, ગારીયાધાર, ભાવનગર, મહુવા,ગોંડલ, જામકંડોરણા, ઉમરાળા, તાલાળા, પાલીતાણા, રાજુલાસહીત વિવિધ તાલુકા જીલ્લા મથકે મુસ્લિમ એક્તા મંચના સાજીદભાઈ તેલિયા, મહેંદી પઠાણ, મુજીબબાપુ કાદરી, રસીદ લોહીયા, અબ્દુલ શમા, અલારખભાઈ બુકેરા, ફિરોજ શેખ, હારૂનભાઈ માનવતા, મોહમદ દેસાઈ, ભીખુભાઈ મોગલ, મોશીન મુલતાની, ઈરફાન સૈયદ, આસિફભાઈ બલોચ, ઈમ્તીયાઝ શેખ, સલીમ કુરેશી, જમાલભાઈ સરવૈયા, શબ્બીર પટેલ, અબ્દુલ પઠાણ સહીતના અગ્રણીઓએ આવેદનપત્ર પાઠવી જેર ઓકનાર શખ્શ વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરાઈ.

# પોરબંદરમાં સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતીએ યુવા ભાજપ દ્વારા બાઈક રેલી



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૨

સ્વામી વિવેકાનંદની આજે જન્મજયંતીએ પોરબંદરમાં યુવા ભાજપ દ્વારા ભવ્ય બાઈક રેલીનું આયોજન થયું હતું. જેમાં પાંચસોથી વધુ સંખ્યામાં બાઈકસવાર યુવાનો જોડાયા હતા અને તેનો પ્રારંભ કમલાબાગથી થયો હતો અને એમ.જી. રોડ થઈને માણેકચોક સુધી ગયા બાદ સ્વામી વિવેકાનંદ આશ્રમ ખાતે પૂર્ણાહુતિ થઈ હતી. પ્રમુખ અજય બાપોદરા અને ટીમ દ્વારા સમગ્ર આયોજન થયું હતું જેમાં શહેર અને જિલ્લાના ભાજપના હોદ્દેદારો જોડાયા હતા અને સ્વામી વિવેકાનંદ મેમોરીયલ સ્થળે સ્વામી આત્મદીપાનંદજી પણ ઉપસ્થિત રહ્યા હતા. મહિલાઓ પણ આ બાઈક રેલીમાં જોડાઈ હતી.

# પોરબંદરના ખેડૂતોને ગોડાઉન બનાવવા માટે સહાયની રકમમાં વધારો કરવા રજૂઆત

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૨

રાણાવાવ કોંગ્રેસના પ્રમુખ પ્રતાપભાઈ ખીસ્તરીયાએ કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે, સરકાર દ્વારા મુખ્યમંત્રી પાક સંગ્રહ ગોડાઉન બનાવવા જે યોજના ખેડૂતોના હિતમાં લાભકારી યોજના હોય અને ખેડૂતોને પોતાનો માલ પાક સંગ્રહ કરી શકે તે ઉપયોગી થયેલ છે જયારે ગોડાઉન બનાવવામાં સહાયનું ધોરણ નકકી કરવામાં આવેલ છે. રૂ.૩૦૦૦૦ તે ખુબ જ ઓછી રકમ મળે છે. કારણ કે હાલના સંજોગોમાં ગોડાઉન બનાવવામાં ખેડૂતો જે આ રકમમાં મંજુરી પણ ના ઉપડી શકે અને અત્યારે બજારમાં જે મટીરીયલ જેવા કે, પથ્થર, રેતી, કાકરી, સિમેન્ટ ખુબ જ મોંઘા હોય તેથી ખેડૂતો આ રકમમાં ગોડાઉન કેમ બનાવે તે એક પ્રશ્ર્ન છે. ગોડાઉન યોજના અંતર્ગત ખેડૂતોને



ગોડાઉન સહાયની અરજીઓ પણ મંજુર થઈ ને આપી ગયેલ છે અને પોરબંદર જીલ્લા ખેતીવાડી શાખા દ્વારા ખેડૂતોને વર્ક ઓર્ડરો પણ આપી દીધેલ છે પરંતુ આ સહાયની રકમમાંથી ગોડાઉન કેમ બનાવવું ? તે એક ખેડૂતો માટે મુંજવતો પ્રશ્ન છે તેથી અમારી ખેડૂતોવતી માંગ છે કે, વિચાર વિમર્સ કરી હસાયના ધોરણમાં વધારો કરી રૂ. ૫૦,૦૦૦ થી ૭૫૦૦૦ કરો અને જે ચાલુ યોજના છે તેમની માપ-સાઈઝ યથાવત રાખો તો જ ગોડાઉન ખેડૂતો બનાવી શકે તેમ હોય નહીંતર ખેડૂતો આ યોજના યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી ભલામણ છે અને ચાલુ સાલ પોરબંદર જીલ્લામાં પુષ્કળ વરસાદના કારણે સીમ, વાડી વિસ્તારના રસ્તાઓનું નિકંદન નિકળી જતાં વાહન ચલાવવું પણ ઘણી જગ્યાએ મુશ્કેલ હોય તો જે મુદત ૯૦ દિવસની આપેલ છે તેમાં ૧૨૦ દિવસની કરી આપવામાં આવે જેથી જે જે ખેડૂતોએ આ યોજનાનો પુરતો લાભ મળી શકે તેવી માંગ છે.

# બીજી વખત ગંદી રમત રમતા દેખાયો સ્મિત પોતાની આદત મુજબ કરી ફરી એક વાર ચિટિંગ



(જી.એન.એસ.)સિડની,તા.૧૧

સિડની ટેસ્ટમાં એક પછી એક વિવાદ સામે આવી રહ્યા છે. ભારતીય ખેલાડી મોહમ્મદ સિરાજ અને જસપ્રિત બુમરાહ સાથે રંગભેદની ટિપ્પણીનો વિવાદ હજુ અટક્યો નથી ત્યાં સિડની ટેસ્ટમાં એક બીજો વિવાદ શરૂ થયો છે. સિડની ટેસ્ટ મેચમાં હવે ઓસ્ટ્રેલિયાના ખેલાડીની ગંદી હરકતથી ટીમ ઈન્ડિયાનાને પરેશાન કરવાનો સતત પ્રયત્ન થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમા પૂર્વ કેપ્ટન સ્ટીવ સ્મિથ પિચ પર ડર્ટી ગેમ રમતો કેમેરામાં કેદ થયો છે.

પંતે આક્રમક બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન સ્ટીવ સ્મિથે તેને ધ્યાન ભંગ કરવાનો પ્રયાસ કર્યો. પાંચમા દિવસે ડ્રીંકના સમયે, સ્ટીવ સ્મિથ ગુપ્ત રીતે છાનોમાનો પિચ પર આવ્યો હતો અને બેટ્સમેનના માર્કની જગ્યાને જૂતાથી ખોતરવા લાગ્યો. જો કે બાદમાં જ્યારે પંત બેટિંગ કરવા આવ્યો ત્યારે તેણે અમ્પાયરને ફરીથી માર્ક સેટ કરવા કહ્યું.

સ્મિથની આ ઘટિયા હરકત કરતો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થવા લાગ્યો. વીડિયો માં ખેલાડીનો ચહેરોતો સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યો નથી, પરંતુ જલદી જ કાંગારૂ બેટ્સમેને બેટ્સમેનની જગ્યા લેતા માર્કની જગ્યાએ ખોદતા પછી ફરી વળવાનો પ્રયાસ કર્યો, તેની જર્સી ૪૯ નંબર દર્શાવે છે. જે સ્મિથ પહેરે છે.

# ઓસી. સામે દિવાલ બની બેઠેલા હનુમા વિહારીની બેટિંગ પર આઈસીસી ફીદા



(જી.એન.એસ.)દુબઈ,તા.૧૧

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી ત્રીજી ટેસ્ટ ડ્રો રહી હતી. આ મેચ ડ્રો કરાવવામાં આર અશ્વિન અને હનુમા વિહારીએ મોટું યોગદાન આપ્યું હતું. હનુમા વિહારી અને અશ્વિને ૨૫૬ બોલમાં ૬૨ રનની પાર્ટનરશિપ કરી હતી. હનુમા વિહારી ઈજાગ્રસ્ત હોવા છતાં ૧૬૧ બોલમાં અણનમ ૨૩ રન બનાવ્યા હતા. બીજી ઈનિંગમાં બેટિંગ દરમિયાન હનુમા ઈજાગ્રસ્ત થયો હતો. તે રન લેવા માટે દોડી શકતો નહોતો છતાં તેણે ૩ કલાકથી વધુ સમય બેટિંગ કરીને મેચ ડ્રો કરાવી હતી.

હનુમા વિહારીની આ ઈનિંગ પર આઈસીસી પણ ફિદા થયું હતું. આઈસીસીએ ટ્વિટ કરીને સિડની ટેસ્ટને ડ્રો કરાવવા માટે હનુમા વિહારીના લડાયક મિજાજને સલામ કરી હતી. ઉપરાંત દ્રવિડને બર્થ ડે ગિફ્ટ આપી હોવાનું લખ્યું હતું.

# પંત-પૂજારાના ભરપેટ વખાણ કરતા ગાવસ્કરે કહ્યું કે ભારત કોઈ પણ પરિસ્થિતિમાંથી પસાર થઈ શકે છે





(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૧

ભારતીય ક્રિકેટ ટીમે ઋષભ પંત, ચેતેશ્વર પુજારા, હનુમા વિહારી અને આર. અશ્વિનના દમ પર સિડની ટેસ્ટ મેચને ડ્રૉ કરી છે. ઑસ્ટ્રેલિયાએ આ ટેસ્ટ જીતવા માટે અનેક ઉપાયો કર્યો, પરંતુ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ યજમાન ટીમને પોતાના પ્રદર્શનથી જડબાતોડ જવાબ આપ્યો. ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કરે ભારતીય ટીમની પ્રશંસા કરતા કહ્યું કે, ‘‘આપણે વર્લ્ડ ક્રિકેટને એ મેસેજ આપ્યો છે કે અમે કોઈ પણ પરિસ્થિતિમાં ઝુકીશું નહીં.’’

તેમણે આગળ કહ્યું કે, ‘‘ટીમ ઈન્ડિયાએ જે રીતે સિડની ટેસ્ટને ડ્રૉ કરાવી તેનાથી એ સ્પષ્ટ છે કે તે કોઈ પણ પરિસ્થિતિમાંથી બહાર નીકળી શકે છે. પાંચમાં નંબરે ઋષભ પંતે તો કમાલ કરી દીધી. પંતે શરૂઆતમાં ૩૪ બૉલમાં ૫ રન બનાવ્યા અને ત્યારબાદ તેણે જે રીતે બેટિંગ કરી તે પ્રશંસનીય છે. તેણે મેચનું આખું પાસું પલટી દીધું. પંતે પગનો ઉપયોગ કરીને જે રીતે આગળ વધીને છગ્ગા લગાવ્યા તેનાથી સ્પષ્ટ છે કે તેણે ક્રિકેટિંગ વિચારનો ઉપયોગ કર્યો.’’ ગાવસ્કરે કહ્યું કે, ‘‘દરેક ક્રિકેટરને એ વાત સારી રીતે ખબર છે કે જો ઈતિહાસમાં જગ્યા બનાવવી છે તો તેણે ટેસ્ટ ક્રિકેટમાં સારું પ્રદર્શન કરવું પડશે.’’ પંતે સિડની ટેસ્ટની બીજી ઈનિંગમાં ૧૧૮ બૉલ પર ૯૭ બનાવ્યા, જેમાં ૧૨ ચોગ્ગા અને ૩ છગ્ગા સામેલ છે. પહેલી ઈનિંગમાં અડધી સદી ફટકારનારા ચેતેશ્વર પુજારાએ બીજી ઈનિંગમાં ૭૭ રન બનાવ્યા. આ દરમિયાન તેણે ૨૦૫ બૉલ પર ૧૨ ચોગ્ગા લગાવ્યા. પુજારા વિશે ગાવસ્કરે કહ્યું કે, આ બેટ્સમેને પોતાના પ્રદર્શનથી આલોચકોને જવાબ આપ્યો છે.

# ટ્વિટર પર કંગના-તાપસી આમને-સામને

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૧

અભિનેત્રી કંગના રનૌત અને તાપ્સી પન્નુ ઘણીવાર સોશિયલ મીડિયા પર એકબીજાથી ટક્કર લેતી હોય છે. બંને અભિનેત્રીઓ ઘણીવાર કોઈક મુદ્દે એક બીજાની વચ્ચે બોલાચાલી થતી હોય છે અને ત્યારબાદ એકબીજા પર આકરા પ્રહાર કરતા જોવા મળે છે. તાજેતરમાં, તાપસીએ તેના ઈન્સ્ટાગ્રામ પર કર્લી હેયર્સ દ્વારા ઘણા ફોટા શેર કર્યા છે. તેના ફોટા જોયા પછી એક પ્રશંસકે દાવો કર્યો હતો કે તાપેસીએ કંગનાના ફોટોશૂટની નકલ કરી છે. તાપ્સીની આ તસવીરો વાયરલ થતાંની સાથે જ કંગનાએ મજાક પણ ઉડાવી હતી.ખરેખર, તાપ્સીના કર્લી વાળમાં જુદા જુદા પોઝની તસવીર જોતા, એક યૂઝર્સે નિશાન સાધતા લખ્યુંસ અને આ તાપસીએ કંગનાએ ૧૦૦૦મી વાર કોપી કરી લીધી છે. તેની સાથે જ ટ્વિટની સાથે બે તસવીરો શેર કરી છે. બન્ને તસવીરોમાં બન્ને અભિનેત્રીઓનો એક જેવો લુક જોવા મળી રહ્યો છે. આ ટ્વિટ પર કંગનાની નજર પડી તો તે પણ મજાક ઉડાવવામાં પાછી પડી નથી. ‘ધાકડ ગર્લ’એ લખ્યું હતું કે, હું પ્રભાવિત થઈ ગઈ છું. આ મારા મોટા ચાહકો છે જેમણે આખું જીવન ફક્ત મારી નકલ કરવા માટે વિતાવ્યું. કોઈપણ રીતે, મેં પોપ સંસ્કૃતિને જે રીતે આગળ વધાર્યું છે તે ભાગ્યે જ કોઈએ તેને વધાર્યું છે. મિસ્ટર બચ્ચન પછી મારી સૌથી વધુ નકલ કરવામાં આવી છે. કંગનાનું તાપ્સી વિશેનું ટ્વીટ ખૂબ જ વાયરલ થઈ રહ્યું છે અને ચાહકોને પણ ખૂબ પસંદ આવી રહ્યું છે. ચાહકો પણ તેના પર કોમેન્ટ કરીને પોતાનો પ્રતિસાદ આપી રહ્યા છે.

# ઓસ્ટ્રેલીયા સામે મેચ ડ્રૉ થયા પછી વર્લ્ડ ચેમ્પિયનશીપ જીતવાના ચાન્સ હજુ કેટલા?



નવી દિલ્હી,તા.૧૨

ભારતે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટ ડ્રો કરાવી છે. આ સાથે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચવાની લડાઈ વધુ રોમાંચક થઈ ગઈ છે. ચેમ્પિયનશિપની ફાઈનલ મેચ આ વર્ષે જૂન મહિનામાં ઈંગ્લેન્ડના લોર્ડ્સમાં રમાશે. ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને ભારત ફાઈનલમાં પહોંચવા માટે સૌથી મજબૂત દાવેદાર છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની પોઈન્ટ સિસ્ટમમાં ફેરફાર બાદ ભારત બીજા નંબર પર છે. ભારત અત્યારે ૦.૭૦૨ પર્સન્ટેજ પોઈન્ટ (PCT) છે. જ્યારે ઓસ્ટ્રેલિયા ૦.૭૩૮ PCT સાથે મોખરાના સ્થાન પર છે.

ન્યૂઝીલેન્ડની હવે કોઈ સિરીઝ બાકી નથી. એટલે કે હવે તે ૦.૭૦ PCT પર રહેશે. ભારતે હજુ પાંચ મેચ રમવાની બાકી છે. ઓસ્ટ્રેલિયા સિરીઝની અંતિમ ટેસ્ટ અને અન્ય ચાર મેચની સિરીઝ ઈંગ્લેન્ડ સામે ઘરઆંગણે રમશે. જ્યારે ઓસ્ટ્રેલિયાએ ભારત સામે બાકી રહેલી મેચ તથા દક્ષિણ આફ્રિકા સામે ત્રણ મેચની સિરીઝ રમવાની છે. એટલે કે બન્નેની PCTમાં હજુ ફેરફાર થઈ શકે છે.

સૌથી પહેલા જો ભારત આગામી મેચ જીતશે તોઃ ભારત આગામી બ્રિસબેન ટેસ્ટ જીતે છે તો તે PCTના આધાર પર ટેસ્ટ ચેમ્પિયનશિપ રેન્કિંગમાં મોખરાના સ્થાન પર આવી જશે. ભારત પાસે કુલ ૦.૭૧૭ PCT હશે. જ્યારે ઓસ્ટ્રેલિયા ૦.૬૯૯૨ PCT સાથે ત્રીજા નંબર પર જતુ રહેશે. જ્યારે ન્યૂઝીલેન્ડ ૦.૭૦ PCT સાથે બીજા નંબર પર આવી જશે.

હવે વાત આગામી મેચ ડ્રો થાય અથવા ભારતે હારનો સામનો કરવો પડે તોઃ ભારત રેન્કિંગમાં ત્રીજા સ્થાન પર જતુ રહેશે. જ્યારે ઓસ્ટ્રેલિયા ટોચના સ્થાન પર રહેશે. જ્યારે ન્યૂઝીલેન્ડ બીજા નંબર પર આવી જશે.

ભારત જો ઓસ્ટ્રેલિયા સામે ચોથી ટેસ્ટ જીતી જાય છે તો ઈંગ્લેન્ડ સામે રમાનારી સિરીઝની ચાર મેચ પૈકી તેણે ઓછામાં ઓછી ત્રણ મેચ જીતવી જરૂરી છે. મેચ ડ્રો થવાના સંજોગોમાં ભારતે ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ સિરીઝની ચાર પૈકી ઓછામાં ઓછી ત્રણ મેચમાં જીત અને એક મેચ ડ્રો કરવાની જરૂર રહેશે. મેચ હારવાના સંજોગોમાં ભારતે ઈંગ્લેન્ડ સામે સિરીઝની ચાર મેચમાં જીત મેળવવી જરૂરી બનશે. તેવા સંજોગોમાં જ તે ન્યૂઝીલેન્ડ કરતા પોઈન્ટ ટેબલમાં ઉપર રહેશે.

# ફક્ત એક ટેસ્ટ ન રમવાના કારણે કોહલી ત્રીજા સ્થાને ખસેડાયો, વિલીયમ્સન પ્રથમ

નવી દિલ્હી,તા.૧૨

આઈસીસીએ મંગળવારે ટેસ્ટ રેન્કિંગ જાહેર કર્યું, સ્ટીવ સ્મિથે વિરાટ કોહલીને પછાડતા બીજો નંબર પર આવ્યો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સિડનીમાં ત્રીજી મેચ બાદ આઈસીસીએ મંગળવારે ટેસ્ટ રેન્કિંગ જાહેર કર્યું છે. ભારતીય કેપ્ટન કોહલીને એક સ્થાનનું નુકશાન થયું છે. સ્ટીવ સ્મિથે તેને પછાડતા બીજો નંબર મેળવી લીધો છે. વિરાટ હવે ત્રીજા નંબર પર પહોંચી ગયો છે. સારું પ્રદર્શન કરી રહેલ રન મશીન કીવી કેપ્ટન કેન વિલિયમસન પ્રથમ નંબરે અકબંધ છે. તે વિશ્વનો નંબર વન ટેસ્ટ બેટ્સમેન બની રહ્યો છે.

ટોપ ત્રણમાં વિરાટ કોહલી સહિત ત્રણ ભારતીયોએ પોતાનું સ્થાન જાળવી રાખેલ છે. કાર્યકારી કેપ્ટન અજિંક્ય રહાણે એક સ્થાનના નુકશાન બાદ સાતમા ક્રમે છે તો ચેતેશ્વર પૂજારા બે નંબર આગળ વધતાં દસમા સ્થાનેથી આઠમા સ્થાને પહોંચી ગયો છે. શ્રેષ્ઠ ફોર્મમાં ચાલી રહેલ માર્નસ લાબુશેન ચોથા નંબર પર છે. ક્રિકેટથી દૂર ઘવાયેલ પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમ પાંચમા ક્રમે છે. ગ્રોઈન ઈજાથી વાપસી કર્યા બાદ બાદ સિડની ટેસ્ટની બંને ઈનિંગ્સમાં ફ્લોપ રહી ચૂકેલા ડેવિડ વોર્નર છેલ્લા સ્થાને આવ્યો છે. ન્યુઝીલેન્ડના હેનરી નિકોલ્સ ટોપ -૧૦માં એન્ટ્રી મેળવનાર એકમાત્ર નવા બેટ્સમેન છે. ભારત સામે વર્તમાન સિરીઝમાં સારી બોલિંગ કરનાર પેસર પેટ કમિન્સ વિશ્વનો નંબર વન બોલર રહ્યો છે. ઈંગ્લેન્ડના સ્ટુઅર્ટ બ્રોડ, ન્યુઝીલેન્ડના નીલ વેગનર, ટિમ સાઉદી બીજા, ત્રીજા અને ચોથા ક્રમાંકના પેસર છે.

# યે રિશ્તા ક્યા કહેલાતાની અભિનેત્રી શિવાંગ જોશીએ આખરે મૌન તોડ્યું




(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૦

ટીવી સીરિયલ ‘યે રિશ્તા ક્યા કહલાતા હૈ’ દર્શકોને ખૂબ પસંદ આવી છે. આ શો વર્ષોથી દર્શકોનું મનોરંજન કરે છે. પરંતુ, હવે શો સાથે જોડાયેલા એક ખરાબ સમાચાર પ્રેક્ષકો માટે છે. ખરેખર, શોમાં નાયરા અને કાર્તિકની જોડી હવે તૂટી જવાની છે કારણ કે નાયરાના મુખ્ય પાત્ર ભજવનારી શિવાંગી જોશીએ શોને અલવિદા કહી દીધી છે. આ શોમાં નાયરાની મોતની ક્રમ પછી અનેક પ્રકારના સમાચાર બહાર આવ્યાં હતાં. જેમાં એવું કહેવામાં આવ્યું હતુ કે શિવાંગીને શોમાંથી કાઢી મૂકવામાં આવી છે. હવે શિવાંગીએ આ અહેવાલો પર મૌન તોડ્યું છે.

એવું કહેવામાં આવી રહ્યું હતું કે શિવાંગી જોશીની નિર્માતા રાજન શાહી સાથેની લડાઈ બાદ શોમાં તેમનું પાત્ર સમાપ્ત થઈ ગયું છે. આવી સ્થિતિમાં શિવાંગી જોશીએ કહ્યું હતુ કે- ‘મને આ વિચારીને રડવું આવે છે કે નાયરાનું યે રિશ્તા કયા કહેલાતા હે માં મોત થવાનું છે. મીડિયામાં આવતા સમાચારોમાં મને કોઈ વાંધો નથી, પરંતુ અચાનક ફેલાતી અફવાઓથી મને મુશ્કેલી થાય છે.

શિવાંગી આગળ કહે છે- ‘આવતા ૧૦ દિવસમાં શોમાં શું થવાનું છે તે વિશે તમને જાણ થઈ જશે. હું આ સિરિયલની વાર્તા વિશે ઘણું કહી શકતી નથી, પરંતુ હું ચાહકોને કહીશ કે જ્યાં સુધી તમે આ શોને પ્રેમ આપી રહ્યા છો ત્યાં સુધી તેને આગળ પણ આપવાનું ચાલુ રાખો. ‘ જણાવી દઈએ કે, તાજેતરમાં શોમાં નાયરાના મોતનું ટ્વિસ્ટ લાવવામાં આવ્યું છે. આ જોયા પછી ચાહકો પણ ખૂબ ભાવુક થઈ ગયા છે.

# સિદ્ધાર્થ આનંદની ’ફાઈટર’માં પહેલી જ વાર રીતિક-દીપિકા સાથે કામ કરશે



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૦

’વૉર’ તથા ’બેંગ બેંગ’ ફેમ ડિરેક્ટર સિદ્ધાર્થ આનંદની આગામી ફિલ્મ ’ફાઈટર’માં રીતિક રોશન તથા દીપિકા પાદુકોણ પહેલી જ વાર સાથે કામ કરશે. રીતિકના ૪૭મા જન્મદિવસ પર આ ફિલ્મની જાહેરાત કરવામાં આવી હતી અને ફિલ્મનો અનાઉન્સમેન્ટ વીડિયો પણ શૅર કરવામાં આવ્યો હતો.

રિલીઝ કરેલાં વીડિયોમાં રીતિક રોશનનો વોઈસ ઓવર સાંભળવા મળે છે, ’દુનિયા મેં મિલ જાયેંગે આશિક કઈ, પર વતન સે હસીન સનમ નહીં હોતા. હીરો મેં સિમટ કર, સોને સે લિપટ કર મરતે હૈ કઈ, પર તિરંગે સે ખૂબસુરત કફન નહીં હોતા.’ આ ફિલ્મ આવતા વર્ષે ૩૦ સપ્ટેમ્બરના રોજ રિલીઝ કરવામાં આવશે. ફિલ્મથી સિદ્ધાર્થ આનંદ પ્રોડ્યૂસર બની રહ્યો છે.

રીતિકે ફિલ્મનો વીડિયો શૅર કરીને કહ્યું હતું, ’એક એક્ટર તરીકે મમતા તથા સિદ આનંદના પહેલાં પ્રોડક્શન ’ફાઈટર’ની સાથે કામ કરવું અને ફિલ્મનો હિસ્સો બનવું મારા માટે ગર્વની લાગણી છે. આ બહુ જ ખાસ છે. કારણ કે એક ડિરેક્ટર તથા મિત્રની સાથે મારા સંબંધો વધુ ગાઢ બન્યા છે. તેમની સફર મારા સેટ પર AD (આસિસ્ટન્ટ ડિરેક્ટર) તરીકે થઈ હતી અને પછી મને ’બેંગ બેંગ’ તથા ’વૉર’માં મને ડિરેક્ટ કર્યો હતો. હવે તેઓ ’ફાઈટર’ માટે પ્રોડ્યૂસર બન્યા છે. હું ફિલ્મ અંગે ઘણો જ ઉત્સુક છું. આભાર સિદ, મારી પર વિશ્વાસ કરવા માટે અને મને ફરીથી તમારી યાત્રામાં સહ-યાત્રી બનાવવા માટે.’

# અભિનેત્રી હુમા કુરૈશીએ સોનાક્ષી સિંહાને કહ્યું કંઈક એવું......



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૦

સોનાક્ષી સિંહાએ તાજેતરમાં જ તેના કોલેજના મિત્રો સાથેની સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કેટલીક તસવીરો શેર કરી છે. તસવીરોમાં સોનાક્ષી સિંહા ગોવા રેસ્ટોરાંમાં તેના મિત્રો સાથે પોઝ કરતી જોવા મળી છે જેમાં તે ઓલ-વ્હાઈટ આઉટફિટમાં અને પ્રિન્ટેડ શ્રગમાં એકદમ સ્ટાઈલિશ લાગી રહી છે, જો કે અભિનેત્રી હુમા કુરેશીની એક ટિપ્પણી અ... ચિત્રો તરફ દરેકનું ધ્યાન દોર્યું છે. હુમા કુરેશીએ મજાકમાં સોનાક્ષી સિંહાને તેની હેરસ્ટાઈલની નકલ કરવા માટે ’ચોર’ ગણાવી છે.

તમને જણાવી દઈએ કે આ તસવીરો સોનાક્ષીએ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરી છે, જેની સાથે તેણે કેપ્શનમાં તેના પ્રશંસકોને ગોવાની મુલાકાત લેવાનું પણ કહ્યું છે. સોશિયલ મીડિયા પર ચાહકો સોનાક્ષીની શૈલી અને સુંદરતાની પ્રશંસા કરી રહ્યા છે.


સત્ય માટે, સત્ય સાથે સતત.. ચક્રવાત


# રાજ્યમાં આજે સંજીવની બુટ્ટીની પહેલી ખેપ આવી

## રસીનો જથ્થો તા.૧૬ સુધીમાં જુદા-જુદા સ્થળોએ પહોંચતી કરવા તંત્ર થયું દોડતું

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૨

પૂણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ તૈયાર કરેલી કોરોના વેક્સિન એવી કોવિશીલ્ડનો પહેલો જથ્થો અમદાવાદ આવી ચૂક્યો છે. આ વેક્સિન સવારે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચી હતી. જ્યાં તેના સ્વાગત માટે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા તેમજ આરોગ્યસચિવ જયંતી રવિ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નીતિન પટેલે વેક્સિનને લીલીઝંડી આપ્યા બાદ અમદાવાદ એરપોર્ટ પરથી અસારવા સિવિલ લઈ જવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર અને ભાવનગર માટે ૨ લાખ ૭૬ હજાર જેટલો જથ્થો અત્યારે આવ્યો છે, જેમાં અમદાવાદ માટે ૧ લાખ ૮ હજાર વેક્સિન આવશે. અમદાવાદ એરપોર્ટ પરથી અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે વેક્સિનેશ સ્ટોરેજમાં જથ્થો લઈ જવાયો છે. ગાંધીનગર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જથ્થો લઈ જવામાં આવ્યો છે. ૧૧ વાગે વેક્સિન અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે આવી પહોંચી હતી. જ્યાં એરપોર્ટ પર વેક્સિનને વધાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ અને સિવિલ હોસ્પિટલના અધિકારી હાજર રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ એરપોર્ટ પર આવી વેક્સિનનાં વધામણાં કર્યા હતાં. એરપોર્ટ પર ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેસીપી ગૌતમ પરમાર, ડીસીપી, એસીપી અને પીઆઇ





સહિતના અધિકારીઓ એરપોર્ટ પર હાજર રહ્યા હતા.

નીતિન પટેલે વધુમાં કહ્યુ કે, "વેક્સીન આવવાથી લોકોનો ઉત્સાહ વધ્યો છે, વડાપ્રધાને અગમચેતીના ભાગરૂપે પહેલા લોકડાઉન કર્યુ, કરફ્યુ અને તે પછી અનલોક કર્યુ, હવે બધી રીતે પ્રજાને વેક્સીનથી સુરક્ષિત કરવા માટે સમગ્ર દેશમાં ૩૦ કરોડ નાગરિકોને વેક્સીનેશન આપવાનું કામ ૧૬ જાન્યુઆરીથી શરૂ થશે. પ્રથમ તબક્કામાં ૩ કરોડ આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલા ડૉક્ટર, નર્સિંગ સ્ટાફ, સફાઈ કામદારોને ૧૬ તારીખથી વેક્સીનેશનની શરૂઆત થશે, જેના માટે પ્રથમ તબક્કાનો ૨ લાખ ૭૬ હજારનો જથ્થો પહોચાડવા બદલ ગુજરાત સરકાર તરફથી, મુખ્યમંત્રી વિજય રૂપાણી તરફથી ગુજરાતની જનતા તરફથી વડાપ્રધાનનો આભાર માનું છું.

૨૨ હજાર ડોઝ આવતીકાલે અથવા ગુરૂવારે ભાવનગર વિસ્તારમાં મોકલી આપવામાં આવશે. અમદાવાદ શહેર, અમદાવાદ જિલ્લા, ગાંધીનગર જિલ્લો અને ગાંધીનગર વિસ્તાર તેમજ ભાવનગર વિસ્તારમાં કોરોના વેક્સીનનો જથ્થો ફાળવી આપવામાં આવ્યો છે. બીજો જથ્થો પૂણાથી આવતીકાલે સુરત પહોચશે જેના માટે વેક્સીનના ૯૩ હજાર ૫૦૦ ડોઝ ફાળવવામાં આવ્યા છે. વડોદરા ખાતે પણ ૯૪ હજાર ૫૦૦ ડોઝનો જથ્થો પૂણાથી આવતીકાલે પહોચશએ. રાજકોટ ખાતે પણ આવતીકાલે વાહન દ્વારા કોરોના વેક્સીનનો જથ્થો પહોચશે.

# રાજકોટના સેક્સ રેકેટનો રેલો ઝારખંડ સુધી

### રાજકોટ એ-ડિવિઝન પોલીસ દ્વારા કરાયો પર્દાફાશ

(જી.એન.એસ.)વલસાડ,તા.૧૨

રાજકોટ શહેરના એ ડિવિઝન પોલીસ દ્વારા માત્ર ત્રણ દિવસના જ સમયગાળા દરમિયાન બે જેટલા દેહવિક્રયના ધંધા ના પર્દાફાશ કર્યા હતાં. ત્યારે રાજકોટમાંથી ઝડપાયેલા સેકસ રેકેટ ના તાર ઝારખંડ સુધી પહોંચ્યા હોવાનું સામે આવ્યું છે. જે અંતર્ગત રાજકોટ પોલીસ દ્વારા દેહ વ્યાપારના દલાલ રાકેશકુમાર સિંઘ ઉર્ફે અજય સિંઘ ની ધરપકડ કરવામાં આવી છે. ગત સપ્તાહ માં રાજકોટ શહેર પોલીસ દ્વારા છટકુ ગોઠવી રંગીનમિજાજી લોકોને સ્વરૂપવાન સ્ત્રી ઓ પૂરી પાડતા એજન્ટની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારે પોલીસ પૂછપરછમાં ભરત ઉર્ફે રવિ ગોહેલે સ્વરૂપવાન લલના સવારે જ મુંબઈથી આવી હોવાનું જણાવ્યું હતું. તો સાથે જ યુવતી દીઠ રૂપિયા ૨૦૦૦ ગ્રાહક પાસેથી વસૂલ તો હોવાનું પણ સામે આવ્યું હતું. ત્યારે રાજકોટ શહેરના એ ડિવિઝન પોલીસ દ્વારા ડમી ગ્રાહક મારફતે ચાલતા સેકસ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ત્યારે પોલીસે આરોપીનો મોબાઈલ કબજે કર્યો હતો. તો સાથે જ આરોપીની સાથે કયા કયા રાજ્યના ગર્લ્સ સપ્લાયરો પણ સામેલ છે તે અંગે પણ તપાસ કરવામાં આવી હતી. ત્યારે પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી રાજકોટ એસ્કોર્ટ. કોમ નામની વેબસાઈટ મારફત ગ્રાહકો મેળવતા હોવાનું સામે આવ્યું હતું. એ ડિવિઝન પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર સી.જે. જોષીએ જણાવ્યું હતુ કે, કોઈ પણ ગ્રાહક જ્યારે વેબસાઈટ માં રહેલા કોન્ટેક નંબર પર ફોન કરે ત્યારે તે ફોન ઝારખંડમાં બેઠેલા રાકેશ કુમાર સિંઘ ઉર્ફે અજય સિંઘ ઉપાડતો હતો, ત્યારબાદ તે ગ્રાહક સાથે ભાવતાલ નક્કી કરતો હતો તેમજ ગ્રાહકને રાજકોટ શહેરની કોઈ હોટલ બુક કરાવવા માટે પણ કહેતો હતો. જ્યારે ગ્રાહક પાસે ભાવતાલ નક્કી થઈ જાય તેમ જ હોટલ પણ બુક થઈ જાય ત્યારબાદ તે રાજકોટ સ્થિત ભરત ઉર્ફે રવિ ગોહેલનો સંપર્ક સાધતા હતો ત્યારબાદ ભરત ઉર્ફે રવિ ગોહેલ પોતાના સંપર્કમાં રહેલી સ્વરૂપવાન સ્ત્રી ને હોટલે પોતાની સાથે લઈ જતો હતો. હોટેલ પર લઈ જઈ ગ્રાહક પાસેથી સૌપ્રથમ ભરત ઉર્ફે રવિ ગોહેલ સ્વરૂપવાન સ્ત્રી સાથે મોજ મજા કરવા માટેના રૂપિયા લઈ લેતો હતો. ત્યારે રાજકોટ માંથી ઝડપાયેલા સેક્સ રેકેટના તાર ઝારખંડ સુધી જોડાયેલા છે.

# રાજકોટ શિવાનંદ કોવિડ હોસ્પિટલની આગમાં મહેતા પંચે તપાસ શરૂ કરી

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૨

રાજકોટની ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલમાં લાગેલી આગમાં કોરોનાના ૬ દર્દીનાં મોત થયા હતા. જેની તપાસ જસ્ટિસ મહેતા કમિટીને સોંપાઈ છે. ત્યારે નિવૃત જજ મહેતાની કમિટી તપાસ માટે રાજકોટ આવી પહોંચી છે. આગ લાગ્યાને દોઢ મહિનો થઈ ગયો હોવા થતાં આગ લાગવાનું કારણ સામે આવ્યું નથી. જેના રિપોર્ટની હજુ રાહ જોવાઈ રહી છે. મહેતી કમિટી આજે સમગ્ર મામલે તપાસ કરશે. જો કે સવાલ એ છે કે દોઢ મહિનાનો સમય થયો હોવા છતા આ કેસની તપાસ ક્યારે પૂર્ણ થશે કે એક મોટો સવાલ છે. આજે જસ્ટિસ મહેતા અને તેમની કમિટી રાજકોટની તપાસ માટે પહોંચી છે. કમિટી દ્વારા ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલની મુલાકાત



લેવામાં આવી હતી. આ કમિટી મનપાના અધિકારીઓ, ફાયર અધિકારીઓ અને પોલીસના અધિકારીઓ સાથે બેઠક કરી રહી છે. હાલ આગ અંગે મહેતા કમિટી તપાસ કરી રહી છે અને ટૂંક સમયમાં રિપોર્ટ આપશે. અગ્નિકાંડમાં ૬-૬ દર્દીના મોત થતાં રાજકોટ શહેર પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી હતી. જે ટીમ દ્વારા પાંચ નામાંકિત તબીબો ડો પ્રકાશ મોઢા, ડોક્ટર વિશાલ મોઢા, ડોક્ટર તેજસ કરમટા, ડોક્ટર તેજસ મોતીવરસ તેમજ ડો. દિગ્વિજયસિંહ જાડેજા વિરુદ્ધ કલમ ૩૦૪(અ) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારે આજે નિવૃત્ત જજ મહેતા તેમજ કમિટીના સભ્યો સાથે પોલીસ વિભાગ, ફાયર વિભાગ તેમજ જુદા જુદા વિભાગના અધિકારીઓ સાથે સર્કિટ હાઉસ ખાતે બેઠક યોજાશે.

# નવી પ્રવાસન નીતિથી ગુજરાત બનશે હવે ગ્લોબલ ચોઈસ ફોર ટુરીઝમ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૨

મુખ્યમંત્રી વિજય રુપાણીએ ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસને વેગ મળે તે માટેના સરકારના પ્રયાસો અંગેની વાત કરી છે. રુપાણીએ ૧ જાન્યુઆરી ૨૦૨૧થી ૩૧મી માર્ચ ૨૦૨૫ સુધી નવી પ્રવાસન નીતિ અમલમાં રહેશે, આ નીતિમાં મોટા રોકાણકારોને આકર્ષવા માટે મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં બોર્ડર ટુરિઝમ સહિત રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રોમાં વિકાસ માટે રોકાણકારોને આકર્ષિત કરવા માટે નવી નીતિઓ તૈયાર કરવામાં આવી હોવાનું જણાવ્યું છે. જે રીતે ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રમાં વિકાસ થઈ રહ્યા છે તેને વધારે વિકસિત કરવા માટેના પ્લાન વિશે પણ તેમણે ચર્ચા કરી છે. સીએમ રુપાણીએ રાજ્યમાં વિકસિત થયેલા નવા પ્રવાસન

Gujarat Tourism

ક્ષેત્રો જેવા કે, ગિરનાર રોપવે, સી-પ્લેન, સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત હેરિટેજ સાઈટ છે તેનો પણ વિકાસ કરવામાં આવી રહ્યો હોવાનું જણાવ્યું છે.

આ સિવાય સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ જેવા ધાર્મિક પ્રવાસન સ્થળો છે તેનો પણ વધારે વિકાસ થાય તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા હોવાનું જણાવ્યું છે. ગુજરાતમાં દ્વારકા પાસે આવેલો શિવરાજપુર બીચ, કે જેને બ્લુ ફ્લેગ બીચ નામ મળ્યું છે ત્યાં વધારે પ્રવાસીઓ આવે તે માટે બીચને વિકસિત કરવાનું સરકારનું આયોજન છે. રુપાણીએ રાજ્યમાં નવા પ્રવાસન ક્ષેત્રો વિકસિત કરવાની અને જે છે તેને વધારે વિકસિત કરવાની વાત કરીને તેમણે રાજ્યમાં પ્રવાસનની સાથે દારૂબંધી ઉઠાવી લેવાની જે ચર્ચા ચાલતી હતી તેના પર તેમણે પૂર્ણ વિરામ મૂકી દીધો છે.

# ઉલ્ટી ગંગા : અમદાવાદમાં પતિએ પત્ની સામે ભરણ પોષણનો દાવો કર્યો

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૨

શહેરના નવા વાડજ વિસ્તારમાં રહેતાં ૪૮ વર્ષના દિનેશ (નામ બદલ્યું) એ અમદાવાદની ફેમિલી કોર્ટમાં પત્ની પાસેથી ભરણ-પોષણ મેળવવા અરજી કરી છે. ફેમિલી કોર્ટમાં હમણાં જ ફાઈલ થયેલી આ અરજીમાં પતિ તરફથી દાવો કરાયો છે કે, તે પોતે છુટક મજૂરી કરે છે જ્યારે પત્નીને તેના પહેલાં પતિનું અકસ્માતમાં મોત થયું હતું, જેના વળતર પેટે ૧૫ લાખ રૂપિયા મળતાં તે મને છોડીને જતી રહી છે, એટલું જ નહિ, પત્ની હાલમાં ઊંઝા ગંજ બજારમાં નોકરી કરે છે, જેની પાસેથી વળતર પેટે મહિને સાત હજાર રૂપિયા મળે તે માટે કોર્ટે હુકમ કરવો જોઈએ તેવી દાદ માગવામાં આવી છે. હિન્દુ મેરેજ એક્ટની કલમ ૨૫ મુજબ ભરણપોષણ મેળવવા કરાયેલી અરજીમાં જણાવાયું છે કે, તેમના લગ્ન ઓગસ્ટ ૨૦૦૦માં ઊંઝા ખાતે થયા હતા, બંનેના આ બીજી વારના લગ્ન છે. પરિણીતાને પહેલા પતિથી સંતાનમાં એક દીકરી હતી. પતિએ દાવો કર્યો કે, ૧૮ વર્ષ સુધી અમે સાથે રહ્યા, દીકરીને લાડકોડથી ઉછેરી પણ પહેલા પતિના વીમાના રૂ. ૧૫ લાખ મળ્યા એ પછી મને તરછોડી દીધો છે. ઊંઝાની વિધવા સાથે લગ્ન કરવા મને ભારે પડયા છે. પતિ તરફથી કહેવાયું છે કે, પરિણીતાએ દીકરીના લગ્ન પ્રથમ પતિના ઘરે જઈને કર્યા છે. ડિસેમ્બર ૨૦૧૯માં દીકરીના લગ્ન સંપન્ન થયા છે, જેની આમંત્રણ પત્રિકામાં પિતા તરીકે મારા નામનો ઉલ્લેખ સુદ્ધાં કરવામાં આવ્યો ન હતો. અરજીમાં દાવો છે કે, પ્રથમ પતિનું મોત થયું તે કિસ્સામાં વર્ષ ૨૦૦૯માં ખોટી એફિડેવિટ કરીને ૧૫ લાખનું ક્લેઈમ મેળવ્યું છે.




# અમદાવાદના નહેરૂ બ્રિજનું રિપેરિંગ શરૂ થતા તા.૧૫થી ૩૦ સુધી બંધ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દ્વારા વર્ષ ૧૯૬૨માં બનેલા સાબરમતી નદી પરના નહેરુ બ્રિજના રિપેરિંગ માટેની તૈયારીઓ તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. નહેરુબ્રિજના નિર્માણને આશરે ૫૮ વર્ષ થઈ ચૂક્યાં હોઈ તે અમુક અંશે ભયજનક બન્યો છે. બ્રિજ પર વાહનચાલકોને મુશ્કેલી સર્જે તેવી તિરાડ પડી હોઈ તેના પિલરની બેરિંગ પણ ત્રાંસી થઈ ગઈ છે. તેના રીપોરીંગનું કામ શરૂ કરવાનું હોવાથી આ બ્રિજ ૧૫ દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. શહેરનો આ બ્રિજ ૧૫થી ૩૦ જાન્યુઆરી સુધી વાહનવ્યવહાર માટે બંધ રાખવામાં આવશે. નેહરૂબ્રિજ સમારકામ અને મેટ્રોની કામગીરીના લીધે બંધ રહેશે. જેથી વાહનચાલકોને મોટી મુશ્કેલી પડી શકે તેમ છે. નેહરૂબ્રિજ પરથી પસાર થતાં લોકોને લૉ ગાર્ડન તરફ વૈકલ્પિક રૂટ આપવામાં આવ્યો છે. આ રૂટ રાત્રે ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી રહેશે રૂટ બંધઅમદાવાદ મ્યુનિ. ઈજનેર બ્રિજ પ્રોજેક્ટ દ્વારા નહેરુબ્રિજના રિપેરિંગ માટે આશરે રૂપિયા ૨.૫૪ કરોડનું ટેન્ડર પણ તૈયાર કરાયું છે.અમદાવાદના રાજમાર્ગ ગણાતા પશ્ચિમ તરફના આશ્રમરોડને પૂર્વ તરફના સરદારબાગ સહિત કાલુપુર, મીરજાપુરને જોડનાર નહેરુબ્રિજ નદી પરના વાહન વ્યવહારની દૃષ્ટિએ સૌથી મહત્ત્વનો બ્રિજ છે. અમદાવાદમાં પાલડીના કલગી ચાર રસ્તાથી નવચેતન સ્કૂલ ચાર રસ્તા સુધીનો રસ્તો ઓગસ્ટ ૨૦૨૨ સુધી બંધ રહેશે.

# સિંહોના અપમૃત્યુ મામલે હાઈકોર્ટે સરકાર પાસે તા. ૨૭ સુધીમાં માંગ્યો જવાબ

(જી.એન.એસ.)જૂનાગઢ,તા.૧૨

ગીરના જંગલમાં સિંહોના અપમૃત્યુ મામલે ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો જાહેરહિતની અરજી લીધી છે. ચીફ જસ્ટીસના હુકમ બાદ પણ રેલ્વે મંત્રાલય અને કેન્દ્ર-રાજય સરકારે જવાબ રજૂ નહી કરતા હાઈકોર્ટે ૨૭ જાન્યુઆરી સુધીમાં જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. ગીર જંગલમાંથી પસાર થતી રેલ્વે ટ્રેક અને પાઈપલાઈનના લીધે સિંહોના જીવન સામે જોખમ વધ્યુ છે. જંગલમાંથી ટ્રેક પસાર થતા સિંહો ઘાયલ વાને કારણે અનેક સિંહો રેલ્વેની હડફેટે આવી જતા ઘાયલ થાય છે. હાઈકોર્ટે આ અંગે ૨૭ જાન્યુઆરી સુધીમાં જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. રાજકોટમાં છેલ્લા દોઢ મહિનાથી સિંહ ત્રિપુટીએ મુકામ કર્યો છે. આ પૈકી એક સિંહને




કોલર હોવાથી લોકેશન સરળતાથી મળી રહે છે. જોકે હવે તે કોલર અથવા બેટરી બદલાવવા માટે સાસણથી એક ખાસ ટીમ રાજકોટ આવી પહોંચી છે. વનવિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ત્રણ સિંહમાંથી એક સિંહને દોઢ વર્ષ પહેલા કોલર પહેરાવ્યું હતું. આ ઉપરાંત જ્યારથી રેવન્યૂ વિસ્તાર તરફ આવ્યા છે ત્યારથી સતત લોકેશન લેવાયા હતા અને દર ૨૪ કલાકે લોકેશન લેવાઈ રહ્યા છે.













Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)